
સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


વર્ષ ૬૯મું * જુલાઈ ૧૯૯૬

અંક ૮૨૨

તંત્રી : ધીરુ પરીખ



વર્ષાને વધામણાં
ફોટો : હેમેન્દ્ર એ. શાહ



કલકત્તા પાસેનું એક ગામડું • ઇ. ૧૮૬૦] [ફોટો : જહોન એડવર્ડ સાશે

(જુઓ આ અંકની કલાવાર્તા)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૬૯મું — અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક શિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જુલાઈ — ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

કસુંબલ રંગ : ત્રણ હજાર વર્ષો પૂર્વેના ઇજીપ્તના પિરામિડમાંથી અફીણના નશામાં અધોગતિ

સંદર્ભ : સંસ્કૃત, હિન્દી, મરાઠી, લૅટિન, અંગ્રેજી વિ. ગુજરાતી

રાજ મને લાગ્યો કસુંબીનો રંગ : 'કયા અર્થમાં ?'

'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' : કયા અર્થમાં શ્રી મેઘાણી 'કસુંબીનો રંગ' પ્રયોજે છે ?

'કસુંબલ રંગ' : 'કુમાર'માં શ્રી કનુભાઈ જાની 'ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર માટે કયા અર્થમાં 'કસુંબલ રંગ' સંજ્ઞા પ્રયોજે છે?

સંસ્કૃત : કુસુમ્ભ, કસુમ્ભક. ગુજરાતી : કસુંબો, કસૂંબો, કસુંબી. મરાઠી : કરડી, કરડઈ. હિંદી : કુસુમ.

અંગ્રેજી : Safflower. લૅટિન : Carthamus Tinctorius. આયુર્વેદ, સંસ્કૃત, હિંદી, મરાઠી, લૅટિન, અંગ્રેજીમાં આ સંજ્ઞાને અફીણના નશા સાથે સંબંધ નથી; સૌરાષ્ટ્ર-કચ્છમાં અફીણના નશાની બદીને કારણે કસુંબો અફીણના નશાનો પર્યાય બને છે.

છોડનાં ફૂલ લાલપીળા રંગનાં હોય છે, જેમાંથી નૈસર્ગિક લાલપીળો ચટક રંગ સાંપડે છે. જે જમાનામાં વર્તમાન કોલહાર રંગોની હસ્તી સુધ્ધાં ન હતી તે જમાનામાં કસુંબલ રંગની બોલબાલા હતી, લાલપીળા સાડલાની અને લાલપીળી પાઘની બોલબાલા હતી. એ જમાનામાં કસુંબલ રંગ 'વસ્ત્રરંજન' નામે સુખ્યાત હતો.

વિવિધ સંદર્ભો : (કવિ કુલગુરુ) કાલિદાસ-ગ્રંથાવલીમાં વિવરણ છે. 'ઇસે કુસુમ્બ ભી કહતે હૈ । ઇસકે છોટે પૌધેંમેં લાલ ફૂલ લગતે હૈં, જિન્હે છાયામેં સાવધાની સે સુખાતે હૈં । કુસુમ કે ફૂલ કા રંગ સાત પ્રકારકા હોતા હૈ, જિનમેં પ્યાજી, ગુલાબી, ઊજલા ગુલાબી, ગહરા લાલ ઉસકા અપના રંગ હોતા હૈ । સંહુડકા ફૂલ મિલાને સે પીલી ચમકકા ગહરા લાલ ઔર નીલ મિલાને સે બૈંગની રંગકા હો જાતા હૈ । ઇસકે તીન ભેદ હૈં, મહાકુસુમ્ભ, હ્રસ્વકુસુમ્ભ, ઔર વનકુસુમ્ભ.'

૧. કાલિદાસ-ગ્રન્થાવલી - આચાર્ય સીતારામ ચતુર્વેદી, ચૌખમ્બા સુરભારતી પ્રકાશન, વારાણસી, ચતુર્થ સંસ્કરણ, ૧૯૮૦, મૂલ્ય રૂ. ૬૦, છેલ્લે અભિધાનકોષ, પૃ. ૧૩૫.

૨. સંસ્કૃત - અંગ્રેજી ડિક્શનરી - એમ. મોનિઅર વિલિઅમ્સ, પ્રથમ પ્રકાશન ઈ.સ. ૧૮૯૯, પ્રથમ ભારતીય આવૃત્તિ, ૧૯૭૬, પૃ. ૨૯૮.

૩. મોલ્સવર્થ કૃત મરાઠી-અંગ્રેજી શબ્દકોશ, પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૮૩૧, સુધારેલું પુનર્મુદ્રણ, ૧૯૭૫, કિં. રૂ. ૧૨૫, પૃ. ૧૩૬.

૪. આયુર્વેદીય મહાકોશ અર્થાત્ આયુર્વેદીય શબ્દકોશ, સંસ્કૃત-સંસ્કૃત - મરાઠી પ્રથમ ખંડ, મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય આણિ સંસ્કૃતિ મંડળ, મુંબઈ, ૧૯૬૮, પૃ. ૪૦૫, કિં. રૂ. ૭૫.

૫. નિઘંટુ આદર્શ - પૂર્વાર્ધ - બાપાલાલ ગ. વૈદ્ય, દ્વિતીય સંસ્કરણ, ૧૯૬૫, પૃ. ૬૦૭.

ઉપરાંત જુઓ (૧) વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ - સંયોજક પોપટલાલ ગોવિંદલાલ શાહ, ગુજરાત સંશોધન મંડળ અને શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૪૯, પૃ. ૧૬૭. (૨) હિંદુસ્તાની ગુજરાતી કોશ - મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, નવજીવન કાર્યાલય, સુધારેલી દ્વિતીય આવૃત્તિ, ૧૯૪૬, પૃ. ૮૩. (૩) સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ - સંપાદક : ગોપાળદાસ જીવાભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૨, પૃ. ૧૩૬.

ગુજરાતી ભાષામાં શબ્દાર્થો : ગુજરાતી ભાષામાં કસુંબો - કસૂંબો એકાધિક અર્થો ધારણ કરે છે, અફીણ ડોકિયું કાઢે છે :

બૃહદ્ ગુજરાતી કોશ - ખંડ ૧ - પદ્મશ્રી અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી : (૧) એ નામની એક વનસ્પતિ (જેમાંથી લાલ રંગ નીકળે છે, (૨) સ્ત્રીઓને પહેરવાનું લાલ ચટક રંગનું ઓઢણું (સાડી, સાડલો વગેરે) (૩) રંગની સમાનતાને લઈને પાણીમાં ઘોળેલું અફીણ કાઠી વગેરે કોમોમાં ડાયરામાં ઘોળેલું અફીણ વ્યસન તરીકે લેવામાં આવતું (૪) (લા.) જમીનનો લેખ કરતાં કાઠી વગેરે જાગીરદારોને કસૂંબા તરીકે અપાતી રકમ, ખેતરની બદલીમાં લેવાનું નજરાણું.

કસુંબો ઊગવો, ચડવો : (રૂ. પ્ર.) અફીણના પીણાની અસર થવી, અમલ ચડવો; કસુંબો કાઢવો : અફીણનું પીણું તૈયાર કરવું (૨) સંપસલાહ કરવી; કસુંબો ગાળવો : (રૂ. પ્ર.) અફીણનું પીણું તૈયાર કરવું; કસુંબો પીવો વ્યસન લેખે અફીણ પીવું (૧૯૭૬, પૃ. ૪૬૧).

સાર્થ ગુજરાતી જોડણીકોશ : કસુંબો, કસૂંબો : (૧) એક વનસ્પતિ (૨) એના ફૂલમાંથી નીકળતો રંગ (૩) એ રંગનું કપડું (૪) પાણીમાં ઘોળેલું અફીણ કે તે મિષે થતો મેળાવડો (જેવો કે અમુક જ્ઞાતિમાં લગ્નવેળા : કસુંબાપાણી કરવાં; કસુંબો કરવો : અફીણ ઘોળીને (લગ્ન વગેરે પ્રસંગે) એકબીજાને પાવું, લગ્નપ્રે મેળાવડો કરવો; કસુંબો કાઢવો, ગાળવો : કસુંબાના ફૂલનો રંગ કાઢવો; કસુંબો ગાળવો, ઘોળવો : અફીણ પલાળીને રસ કાઢવો; કસુંબો ચડવો : અફીણનું ઘેન ચડવું; કસુંબો ચઢાવવો, દેવો, મૂકવો : કસુંબાનો લાલ રંગ ચડાવવો; કસુંબો પીવો, લેવો : કસુંબાનું પાણી પીવું. (પાંચમી આવૃત્તિ, ગૂજરાત વિદ્યાપીઠ : ૧૯૬૭, પૃ. ૧૬૮).

(ઉપરાંત જુઓ ગુજરાતી - અંગ્રેજી કોશ : પાંડુરંગ ગણેશ

(અનુસંધાન પૃ. ૩૫૫ ઉપર)

ન ક્યાંય સ્પષ્ટ ! / ભાનુપ્રસાદ પંડ્યા

(વસંતતિલકા : સૉનેટ)

ના જાતિ, વર્ણ તુજ કોઈ નહીં પ્રજાતિ,
રે ક્ષુદ્રતા ! 'તૃણથી તુચ્છ' - યદિ કહું તો
ના તેય લાજિમ ! સીડી ખડી અલ્પતાની
જો હોય - તું પગથિયે પડી અંતિમે જૈ !

સાશંક તસ્કર સમી, શિશિરે પ્રૂજંતા
કો પર્ણ-શી ! ભીતર શૈત્યથી દૈન્યના તું
કંપાયમાન ? ભડકો થઈ શું સ્મશાને
તું અસ્થિમાં સળગતી વરવા વિરાને ?

ને તોય આ મુખવટો ધરી ભદ્રતાનો
ઔદાર્યનાં કૃતક વસ્ત્ર ચીનાંશુકી સૌ
પ્હેરી ફરે ! સરપકાંચળી-શા સુંવાળા
સ્પર્શો પ્રસારી રહી ઘેનિલ આસપાસ !
તારો દીસે ભ્રમણમાર્ગ ન ક્યાંય સ્પષ્ટ,
આવે રખે નિકટ તે ક્ષણમાંહી નષ્ટ !

માધવ ગયો રી / મનહર જાની

(ગાન)

માધવ ગયો રી ગોકુલ છોડી !
વિકટ વેળ વ્રજવાટ વહે, સુનકર ઝરેં બાંસોરી !
- માધવ૦

છલ છલ યમુના લોચન છલકે
લહર લહર વ્યાકુલ,
ડારીં ડારીં મૂક, દ્રુમદલ બિલખે
મહક છાંડી દીય ફૂલ,
પિત્ત વરન ગરેં કદમ્બપલ્લવ
કરેં ઉચાટ ખગટોરીં !
- માધવ૦

ગોધૂલિ-ગોપન-ગોરવ દિશિ દિશિ
ઉઠઈ ન મધુ મલહાર,
મોરપીંછ સંચિત બ્રિંદાબન
ઉદિત લહેંઈ અંધાર
શ્યામ સુરત નિરખેં બિનુ બનિતા
બિકલ ભઈ ઉરચૌડી !
- માધવ૦

ધીમે ધીમે... / ગીતા પરીખ

(ગાન)

ધીમે ધીમે ટપકે છે વરસાદ,
આભ પરેથી ધરણીતલને
સ્પર્શે કોનો સ્વાદ? ધીમે...

છજાં ઉપરનાં નેવાં પરથી
ઝરી રહે કો ઝીણા સ્વરથી,
મોતી જેવા બુંદબુંદથી
હરી લિયે અવસાદ. ધીમે...

ગગનપટે આ મેઘમંડળી
સંગ નર્તતી નવ્ય વીજળી
હવે સમેટે લીલા તોયે
ઝરતો રૂમઝૂમ નાદ. ધીમે...

લાગ્યું કે વરસાદ બંધ છે
નીરવતામાં શમ્યા છંદ છે,
તોય અદીઠા કોઈ સ્તરેથી
સ્ફુરે હજી ઉન્માદ. ધીમે...

વાતો કરતી આસમાનની
હરિયાળીનાં પાનપાનની
હથેળીમાંથી હજુ સરકતી
કોઈ લીલેરી યાદ ! ધીમે...

અટકળોના દેશમાં / ભટ્ટ જગદીશ ધનેશ્વર

(ગઝલ)

આજે અહીં કાલે તહીં આ અટકળોના દેશમાં,
ખાલી ચણો વાગે ઘણો આ અટકળોના દેશમાં.
ધોળે દિને આકાશમાં દીસે અહીં છે તારલા,
કે ઝાંઝવાંઓ ઝળહળે આ અટકળોના દેશમાં.
હોવા વિશેના ખ્યાલમાં સળગી રહી છે કામના,
કે આયખું ઠેબે ચઢે આ અટકળોના દેશમાં.
વાચાળતાની ભીડમાં શોધી જડે ના ચાહના,
આંસુ ન લૂછે કો અહીં આ અટકળોના દેશમાં.
નૌકા સરે કાગળતણી રેતીભર્યા મેદાનમાં,
અચરજ નથી કો' વાતનું આ અટકળોના દેશમાં.
વાસી સુમન વાસી ચમન માહોલમાં ના તાજગી,
તાજી હવાનાં સોણલાં શાં અટકળોના દેશમાં!

પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાની વચમાં પણ જ્યારે તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી સ્ત્રીઓને તક મળી છે ત્યારે તેમણે ગૃહિણીની ભૂમિકા ભજવવાની સાથે સાહિત્યના ક્ષેત્રમાં પ્રદાન કર્યું છે.

આવાં એક સાહિત્યકાર વિજયાલક્ષ્મી હતાં. તેમણે વાર્તાઓ અને નિબંધો લખ્યાં હતાં, પરંતુ ખાસ પંકાયાં હતાં કવયિત્રી તરીકે અને તે એટલે સુધી કે બે પુત્રીઓને જન્મ આપ્યા બાદ પુત્રનો જન્મ થતાં જ્યારે તેમનું ૨૪ વર્ષની યુવાવસ્થામાં ૯મી સપ્ટેમ્બર, ૧૯૧૩ના રોજ અવસાન થયું ત્યારે 'સુંદરી સુબોધે' (ઑક્ટોબર, ૧૯૧૩) લખ્યું : 'તેમના અકાળ અવસાનથી ગુજરાતી ભાષા અને સાહિત્યને ઘણી હાની થઈ છે. ગુર્જરી માતાએ એક અમોલું પુત્રીરત્ન ગુમાવ્યું છે.'

સ્ત્રી-કવિઓની કૃતિઓ પ્રત્યેના ખ્યાલાત્મક (conceptual) અભિગમની દૃષ્ટિએ અમે ભિન્ન દૃષ્ટિબિંદુ ધરાવીએ છીએ. અમારા મત મુજબ સ્ત્રીઓનાં સંવેદનો માત્ર તેમની ભિન્ન 'મનોરચના'નાં લક્ષણોને લીધે જ નહિ, કુટુંબજીવન, લગ્નજીવન અને સમાજજીવન અંગેના તેમના પ્રત્યક્ષ અનુભવોમાંથી પણ જાગ્રત કે સુષુપ્ત રીતે અભિવ્યક્ત થાય છે.

વિજયાલક્ષ્મીને તેમના સામાજિક અને કૌટુંબિક સંદર્ભમાં સમજવામાં આ લેખ ઉપકારક થશે એવી અમારી ધારણા છે. પ્રસ્તુત લેખ, બંગાળ અને મહારાષ્ટ્રમાં જેમ બન્યું છે તે રીતે 'કુમાર' દ્વારા ગુજરાતના બૌદ્ધિકો તેમજ વિવિધ વિદ્યાશાખાઓના તજ્જ્ઞો વચ્ચે વાર્તાલાપનું (discourse) સર્જન કરશે તેવી અમે આશા રાખીએ છીએ.

(૨)

વિજયાલક્ષ્મીનો જન્મ ૩-૫-૧૮૮૯ના રોજ ભાવનગરમાં થયો હતો. તેમના પિતા પિતાંબર જેઠાલાલ ગર્ભશ્રીમંત અને વડોદરા રાજ્યના એકાઉન્ટન્ટ જનરલ હતા. વિજયાલક્ષ્મી આઠ વર્ષનાં હતાં ત્યારે તેમનું અવસાન થયું. માતા તો તેમને માત્ર એક વર્ષનાં મૂકીને મૃત્યુ પામ્યાં હતાં. આમ છતાં સંયુક્ત કુટુંબમાં તે ઊછર્યાં. તેમના બે ભાઈઓ શાળામાં ભણતા, જ્યારે વિજયાલક્ષ્મીને એક શિક્ષક રાખીને ઘરમાં જ અભ્યાસ કરાવવામાં આવ્યો. તેમની ગ્રહણશક્તિ સારી, તેથી ગુજરાતી ભાષા ઉપરાંત થોડુંઘણું સંસ્કૃત અને અંગ્રેજી પણ શીખ્યાં. ઉંમર વધતાં તે ગુજરાતી નવલકથાઓ અને અંગ્રેજીમાંથી અનુવાદિત થયેલ નવલકથાઓ વાંચતાં. કુટુંબના સંસ્કાર મુજબ તે નાહી-ધોઈને રોજ ગીતાનો પાઠ કરે, શ્રીકૃષ્ણની ૐકારવાળી છબી પાસે રાખીને ધ્યાન સાથે માળા ફેરવે અને અવારનવાર નરસિંહ તથા મીરાંનાં ભજનો ગાય. તેમના કંઠમાં માધુર્ય હતું. જિજ્ઞાસુ એવાં કે ભગવદ્ગીતાનો અભ્યાસ સંસ્કૃત ભાષા દ્વારા કરવાનો પ્રયત્ન કર્યો. આ બધું ઘરમાં રહીને જ. પોતાની ઇચ્છા છતાં તેમને કન્યાશાળામાં મોકલવામાં આવ્યાં નહોતાં.

વિજયાલક્ષ્મીનું લગ્ન ૨૯-૧-૧૯૦૧ના રોજ અગિયારમે વર્ષે થયું. પતિ હર્ષદરાય બાર વર્ષના! તેમના પિતા વિઠ્ઠલરાય ગિરજાશંકર ભાવનગર રાજ્યના મુખ્ય વકીલ. ધંધામાં હોશિયાર પણ જુનવાણી વિચારના. લગ્નના ત્રીજે મહિને વિજયાને સાસરામાં મોકલવામાં આવી તે પહેલાં અગમચેતી વાપરીને કુટુંબીજનોએ તેને રસોઈકળામાં પ્રવીણ કરી દીધી. સારું થયું! જે દિવસે વિજયા સાસરામાં રહેવા ગઈ તે જ દિવસથી સાસુએ રસોડામાંથી નિવૃત્તિ લઈ લીધી હતી! કુટુંબની સઘળી જવાબદારી તેણે એવી તો કુશળતાથી સંભાળી લીધી કે તે સૌની માનીતી બની ગઈ ! જો કે પતિ નિશાળે જાય ત્યારે અથવા તો જ્યારે પણ ફુરસદ મળે ત્યારે એકાંત રાત્રિમાં તે નવલકથાઓ અને સામયિકો વાંચતી. હર્ષદરાયનું કુટુંબ ગર્ભશ્રીમંત હોવાથી પૈસાની ચિંતા નહોતી. તેથી વિજયા ઘરમાં એક નાનકડું પુસ્તકાલય વિકસાવી શકી હતી.

વિજયાલક્ષ્મી ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી યુવતી હતી, તેથી તેણે સાહિત્યિક પ્રવૃત્તિની સાથેસાથે શિક્ષણ અને ગૂંથણમાં પણ રસ લીધો. ભાવનગર રાજ્યના 'ખેતીવાડી અને દેશી હુન્નરવર્ધક મંડળે' ૧૬-૬-૧૯૧૦ના રોજ યોજેલ પ્રદર્શનમાં એક 'વનિતા વિભાગ' હતો. તેનાં પ્રમુખ ગોંડલનાં મહારાણી નંદકુંવરબા હતાં. ૧૯૦૯માં ભરાયેલ સાહિત્ય પરિષદનાં તેઓ સ્વાગત સમિતિનાં પ્રમુખ રહી ચૂક્યાં હતાં. વિજયાલક્ષ્મીએ ૧૯૧૦ના પ્રદર્શનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તે સમયે ૫૦૦ સ્ત્રીઓની હાજરી, ચા-પાણીના સ્ટૉલ્સની પણ વ્યવસ્થા ખરી. 'વૉલન્ટિઅર વિજયાલક્ષ્મી' સ્ત્રીઓના હુન્નરલક્ષી સ્ટૉલ્સમાં ત્વરાથી ઘૂમતી. પોતે મોજાં અને સ્વેટર સહિત ભરતગૂંથણના નમૂના પ્રદર્શનમાં રજૂ કર્યા હતા. સ્વદેશી આંદોલનનો તે જમાનો. અન્ય સ્ત્રીપુરુષોએ રજૂ કરેલ ચીજોની સાથે વિજયાલક્ષ્મીની બનાવટોનું સારું એવું વેચાણ થયું. વિજયાલક્ષ્મીને તેની બનાવટો બદલ ચાંદીનો મેડલ તથા 'સર્ટિફિકેટ ઑફ મૅરિટ' મળ્યાં.

ભાવનગરના સ્ત્રીમંડળમાં વિજયાલક્ષ્મીની ગણના એક સારાં વક્તા તરીકેની હતી. તેમની સામાજિક અને રાષ્ટ્રિય ચેતના તીવ્ર હતી. બંગભંગના પ્રસંગ બાદ ૧૯૦૪-૦૮ દરમિયાન સમગ્ર દેશમાં જે સ્વદેશી-આંદોલન ઊભર્યું તેનાં તેઓ સાક્ષી હતાં. દાદાભાઈ નવરોજી, ટિળક, ગોખલે, ફિરોજશાહ મહેતા અને અંબાલાલ સાકરલાલ દેસાઈ જેવા ગાંધીયુગ પહેલાંના તેજસ્વી બૌદ્ધિકો અને રાષ્ટ્રવાદીઓની અસર તેમણે ઝીલી હતી. તેમના બે લેખો આ વાતની સાક્ષી પૂરે છે. 'સુંદરી સુબોધ' (ડિસેમ્બર, ૧૯૧૦)માં 'મનુષ્ય જીવનની સફળતા' લેખ તેમણે પ્રસિદ્ધ કર્યો. તેમના શબ્દો

ગઈ સદીમાં ગૃહજીવન સાથે સાથે સમાજજીવનમાં સુધારક દૃષ્ટિ દાખવનાર 'તવાણા તનમનની વાત' કરનાર વિસ્મૃત પદ્યકાર



વિજયાલક્ષ્મી ત્રિવેદી

ડૉ. મકરન્દ મહેતા • ડૉ. શિરીન મહેતા

વિજયાલક્ષ્મી ઋજુ સ્વભાવનાં હતાં. સ્વજન કે બહેનપણીનું મૃત્યુ સહન કરવું તેમને માટે મુશ્કેલ હતું. કપોળ જ્ઞાતિની મુંબઈની સહિયર ગોદાવરીના કહેવાથી તેમણે 'કપોળ મિત્ર'માં કાવ્યો પ્રસિદ્ધ કર્યાં હતાં. ગોદાવરીનું મૃત્યુ થતાં દિવસો સુધી કલ્પાંત કર્યું હતું અને વિલાપિકાઓ રચીને હૈયાની વેદના ઠાલવી હતી. પોતાનાં ભાભી કમળાનું અવસાન થતાં તેમને અંજલી આપતું કાવ્ય રચ્યું હતું :

'ગૃહરાજ્ય તુંથી દીપતું, આનંદમય કલ્લોલતું
દેવી સમી સૌંદર્યમાં, કમળા તહને કયમ હું ભૂલું ?

* * *

તુજ સદ્‌ગુણો સંભારતાં જે સ્નેહનાં અશ્રુ ખર્યાં
ભાભી ! તને ભેટો મીઠાં તે કુસુમ થઈને સ્વર્ગમાં.'

ભાવનગરમાં જન્મેલી સુપ્રસિદ્ધ સાહિત્યકાર સુમતિ ભૂપતરાય મહેતાનું (૧૮૯૦-૧૯૧૧) ૨૧ વર્ષની વયે અવસાન થતાં વિજયાલક્ષ્મીએ તેની સહિયરને નીચેની પંક્તિમાં અંજલી આપી હતી.

છે : 'પરોપકાર એ જ ધન છે, પુણ્યનું પોટકું છે. એકના જીવનમાં અનેકનું જીવન છે. ભાઈઓ અને બહેનો ! આર્યદેવી હિંદમાતા તમને પુકારે છે. આપણી શ્રીમંતાઈ શા કામની છે ? ગૃહસ્થ સ્ત્રીઓ જે રીતે ફેશનેબલ સાડીઓ, ચોળી, વિલાયતી સેંટ પાઉડર અને અત્તર, સાબુ અને હેરઓઈલનો ઉપયોગ કરે છે તેને લીધે હિંદ નિર્ધન બનતું જાય છે... શું શ્રીમંતો, શેઠીયાઓ અને અધિકારીઓની ગરીબો (કારીગરો) પ્રત્યે ફરજ નથી ?'

ગાંધીજી તે વખતે દક્ષિણ આફ્રિકામાં હતા. 'ઇન્ડિયન ઓપિન્યન'ના તેઓ તંત્રી ન હોવા છતાં તેની જવાબદારી તેમને શિરે હતી. ગાંધીજીને વિજયાલક્ષ્મીનો ઉપર્યુક્ત લેખ એટલો બધો ગમ્યો કે તેમણે તે તેમાં પ્રસિદ્ધ કર્યો.

બીજું દૃષ્ટાંત 'સુંદરી સુબોધ'માં (જુલાઈ ૧૯૧૪) પ્રસિદ્ધ થયેલ તેમનો મરણોત્તર લેખ 'સ્વદેશપ્રેમ' છે. નર્મદ, મહીપતરામ તેમજ રમણભાઈ અને વિદ્યાબહેનની જેમ પશ્ચિમનાં મૂલ્યોને સ્ત્રી-સ્વાતંત્ર્યના સંદર્ભમાં વધાવી લેતાં તેમણે લખ્યું : 'સ્ત્રીઓ પશ્ચિમની કેળવણી લઈને તૈયાર થતાં તે પશ્ચિમના દેશોની સ્ત્રીઓની માફક સમાન હકની માગણી કરશે. તેથી સ્ત્રીઓ પુરુષોના જેટલી જ સીધી રીતે સ્વદેશસેવામાં ઉપયોગી બનશે. આ સમય જો કે હજી આપણા દેશમાં વર્તમાને જણાતો નથી, તો પણ હવે એ સમય બહુ દૂર છે તેમ કહેવું તે વ્યાજબી નથી... દેશની જરૂરિયાત પ્રમાણે ઠેકાણે ઠેકાણે વનીતા વિશ્રામ ને સેવાસદન જેવી સંસ્થાઓ ઉઘાડવી, સ્ત્રીઓનું અજ્ઞાન દૂર કરવું અને રૂઢિરિવાજ તથા નાતજાતના તમામ ભેદભાવો દૂર કરીને કામ કરવાથી આવો સમાજ વિકસશે.'

વિજયાલક્ષ્મીએ ૧૯૦૮થી ૧૯ વર્ષની વયે અખબારોમાં લખવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ તેઓ 'વસંત', 'સાહિત્ય', 'સુંદરી સુબોધ' અને 'બુદ્ધિપ્રકાશ' જેવાં લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોમાં કાવ્યો અને લેખો લખતાં. શરૂશરૂમાં તેઓ ભીંત અને કાંગળની ચબરખીઓ પર કાવ્યો લખતાં. જે કાવ્યકૃતિ મનમાં વસી જાય તે પ્રસિદ્ધ કરાવતાં પહેલાં મહુવાનાં જાણીતાં લેખિકા હરિસુખગૌરી વામનરાવને બતાવતાં. તે કહેતાં કે, 'હું કાવ્યશાસ્ત્ર મારા ગુરૂ હરિસુખગૌરી પાસેથી શીખી છું.' હરિસુખગૌરીએ રચેલ 'સતીસીમંતિની' નાટકનાં તેમજ 'હરેન્દ્રવિરહ' તથા 'ઋણશૃંગ' જેવા કાવ્યસંગ્રહોનાં તેઓ ભારે ચાહક હતાં.

'ભલે વ્હાલી ! ભલે છોડ્યાં દુઃખ, દર્દો, ક્લેશ સૌ
તમે ગ્યાં ને અમારેયે, દિન થોડે ચાલવું,
નવી શૈલી કવિતામાં સાક્ષરે સ્ત્રી સુમતિ
સાહિત્ય ઉપવને જાણે શોભતી કો સરસ્વતિ.'

વિજયાલક્ષ્મીનાં કાવ્યો ઊર્મિપ્રધાન છે. અંગત જીવનમાં બનતા પ્રસંગોને તેઓ ભાવવાહી શબ્દોમાં વ્યક્ત કરતાં. તેમનાં કાવ્યોમાંથી મધુરતા અને ખાસ કરીને વિશાદ ટપકે છે. 'શંકા', 'અનાદર', 'નિરાશા', 'આશાભંગ, 'પ્રેમયાચના', 'પ્રીતિસ્મરણે', 'પતિ પ્રત્યેનો પ્રેમ' અને 'ભાઈ ને બહેન' જેવાં તેમનાં કાવ્યો જાણે કે એ સ્ત્રીના કરુણ જીવનની અને ઝંખનાની દાસ્તાન છે. તેના કેટલાક નમૂના જોઈએ :

'રસહીન મ્હારું હૃદય આજે શુષ્ક સઘળું થઈ રહ્યું
મૃતપ્રાય મ્હારો આત્મ ત્હેનું નૂર છે સૌ વહી ગયું.
ઊંચી ઊડે ઉરકલ્પના મધુ સૌખ્યમય સૌભાગ્યની
પ્રીતિ-રસભોગની શ્રદ્ધા હૃદયમાં રાચતી
મેં કલ્પનાકુસુમો ગુંથી સુંદર પછેડી પાથરી
પણ વિષના પ્યાલા ઢળ્યા જ્યાં પ્રીતિ-અમૃત ધારતી'
('સુંદરી સુબોધ', જાન્યુઆરી-માર્ચ, ૧૯૧૩)

પ્રીતિસ્મરણે

'મ્હારા હૃદયનો પ્રેમ જે શૃંગાર રસને રેલતો
વિરમ્યો હવે સ્વામી દયાળુ શ્રીહરિના ચરણશો
અમ્મર અમારો પ્રેમ ને અમ્મર ભૂમિ શું ધ્યાન છે
અમ્મર અમારી ભક્તિ ને પ્રભુ તણું અમર અમ ગાન છે.'
(સુન્દરી સુબોધ, ઑક્ટોબર, ૧૯૧૩)

પતિ પ્રત્યેનો પ્રેમ

'હું ચ્હાઉં છું શા માટ પ્રિયતમ ! ચ્હાઓ ના જ્યારે ત્હમે ?
હા ! હાય ! હું હતભાગ્ય, મ્હારે માટ ના તમ પ્રેમ તે.
રસિયા ! ત્હમારે માટ મ્હેં આશા ખુવારી મેળવી,
તન મન બની બેહાલ મ્હેં આ શી જુગારી કેળવી ?
જેના પ્રણયને માટ મ્હેં મન પ્રાણ મૂક્યા પાથરી,
ત્હેનાં વચન શાં ક્રૂર આજે કર્ણમાં રહી સાંભળી ?'
(સુંદરી સુબોધ, માર્ચ-એપ્રિલ ૧૯૧૪, મરણોત્તર)

ઉપર્યુક્ત કાવ્યપંક્તિઓ ૧૯મા સૈકામાં પ્રવર્તતા પુરુષોના સ્ત્રી અંગેના અભિગમ સંદર્ભમાં તપાસવાથી ખ્યાલ આવે કે વિજયાલક્ષ્મીએ તેમનાં કુટુંબ અને લગ્નજીવનના અનુભવોને વાચા આપી હશે. સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષોનો અભિગમ સાંસ્થાનિક યુગ શરૂ થતાં વધારે માનવીય બન્યો હતો. ગોવર્ધનરામની 'કુમુદસુંદરી'એ તે સમયના ઉચ્ચ વર્ણોની ભણેલી અને સંસ્કારસંપન્ન યુવતીઓને મોહિત કરી હતી. આમ છતાં ભલભલા સમાજસુધારકો તે સમયે માનતા કે કન્યાકેળવણીનો મૂળભૂત હેતુ છોકરીને આદર્શ ગૃહિણી તરીકે તૈયાર કરવાનો છે. આદર્શ ગૃહિણી કોણ? તે સમજવા મહીપતરામ રૂપરામ રચિત 'પાર્વતીકુંવર આખ્યાન'ને (૧૮૮૧) ટાંકીશું. મહીપતરામ તો નર્મદ અને કરસનદાસ મૂળજીની જેમ પ્રથમ પંક્તિના સમાજ-સુધારક, અને વળી પશ્ચિમની વિચારધારાથી પ્રભાવિત! આમ છતાં ૧૮૮૦માં પત્નીના અવસાન બાદ તેમણે રચેલ ઉપર્યુક્ત ગ્રંથમાં લખ્યું હતું :

'પાર્વતીકુંવર ઘરનાં તમામ કામો કુશળતાથી આટોપતી. ઘરની ફરિયાદ બહાર કરતી નહિ. તે અંત સુધી પતિવ્રતા સ્ત્રી હતી. ઘરનાં કામોનો બોજો ભારે છતાં તે બાઈએ મારી ચાકરી ઘણી કરી. હું શરૂશરૂમાં નારીનું પૂજન કરવાનું ન જાણતો અને બીજાઓના જેવો જુલ્મી હતો, પણ મારા જુલમની વાત તેણીએ કદી કોઈને મરતાં સુધી કહી નહોતી. એવી એ ખરેખરી સન્નારી હતી. અથાણું અને ભાતભાતની રસોઈ તે બનાવતી અને વળી ગુંથતી અને સીવતી. તેની સાથે સાથે સંસારસુધારાની બાબતોમાં રસ લેતી.'

૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં ભદ્ર મહિલા અંગેનું આ રીતે જે મૉડેલ વિકસ્યું તે વ્યક્તિસ્વાતંત્ર્યનાં મૂલ્યો પર રચાયેલી વિક્ટોરિયાકાલીન મધ્યમવર્ગીય વિચારધારા અને પરંપરાગત બ્રાહ્મણવાદી મૂલ્યો વચ્ચેના ઘર્ષણ અને સંયોજનની લાંબી અને પ્રબળ પ્રક્રિયાના પરિપાકરૂપ હતું. 'ભદ્ર મહિલા' અંગે પાંગરેલી સામૂહિક ચેતના (Collective Consciousness) વિજયાલક્ષ્મી ઝીલે અને તેને વાચા આપે તેમાં શી નવાઈ હતી ?! તેણે સીતા, દમયંતી, પાર્વતી, રાણકદેવી અને જસમા ઓડણ તેમજ વર્તમાન યુગની ગોવર્ધનરામ સર્જિત 'કુમુદસુંદરી'ને જે ભાવુક શબ્દોમાં બિરદાવી છે તે પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતની ભદ્રવર્ગની લેખિકાઓની (અને લેખકોની) જેમ તેણે પણ 'ગૃહપ્રિય દેવાંગના' (domestic angel)નો આદર્શ ગળથૂથીથી પ્રાપ્ત કર્યો હતો; ગૃહપ્રિય દેવાંગના એટલે કે વિદ્વાન હોવા ઉપરાંત સહનશીલ, ઘરરખુ સ્ત્રી. વિજયાલક્ષ્મીએ 'વસંત'માં (વર્ષ ૯, અંક ૭, શ્રાવણ, સંવત ૧૯૬૬) પ્રસિદ્ધ કરેલ લેખ 'પ્રાચીન સતી સ્ત્રીઓનો પતિ પ્રતિ પ્રેમ, ને સુદૃઢ સતીત્વ' સંસ્કૃત શ્લોકથી શરૂ થાય છે કે 'જે પતિને વિદ્વાન સદ્‌ગુણી અને ઘરરખુ પત્ની મળી છે તે ધન્ય છે.' જો કે લેખિકાએ સીતાની પવિત્રતા ઉપર ભાર મૂકીને રામે તેની જે રીતે અગ્નિપરીક્ષા કરી તે બદલ રામની આકરી ટીકા કરતાં લખ્યું છે કે, તેમનું આ કાર્ય 'હૃદયને કંપારી છૂટે તેવું, અઘટિત અને નિર્દયી' હતું. તે જ પ્રમાણે 'વસંત'માં (વર્ષ ૧૦, અંક ૧, માઘ, સંવત ૧૯૬૭) તેમણે પ્રસિદ્ધ કરેલ વાર્તા 'વનલીલા અને કુમુદ' પલટાતી જતી સામાજિક ચેતનાના નમૂનારૂપ છે.

તે સમયે જાણે-અજાણે 'પતિપરાયણતા' અંગેનો પુરુષોનો અભિગમ કેવો મનોગ્રસ્ત (obsessive) અને પ્રભાવક હતો તેનાં બે ઉદાહરણો વિજયાલક્ષ્મીને આપવામાં આવેલ અંજલિના ઉદ્‌ગારોમાં જોઈશું :

'આ સાધવી સ્રીએ પોતાની સુશીલતાથી અને પ્રેમથી તેમના પતિનું મન હરી લીધું હતું. ત્હેમનો પતિ તરફનો પ્રેમ શુદ્ધ, અમાપ અને અવિચળ હતો. જેટલા પ્રેમથી વિજયાલક્ષ્મી પોતાના પતિને ચ્હાહતાં હતાં તેટલા પ્રેમથી ભાગ્યે જ કોઈ પણ સ્રી પોતાના પતિને ચાહી શકે. આમાં જરા પણ અતિશયોક્તિ નથી. પ્રભુ અને પતિ પ્રત્યેનો ત્હેમનો પ્રેમ અગાધ હતો.' (બુદ્ધિપ્રકાશ, જાન્યુઆરી, ૧૯૧૪)

બીજું દૃષ્ટાંત વિજયાલક્ષ્મીના દિયર નૌતમલાલ વિઠ્ઠલદાસ ત્રિવેદીએ 'સાહિત્ય'માં (ડિસેમ્બર ૧૯૧૩) પ્રકટ કરેલ લેખ 'સ્વ. વિજયાલક્ષ્મીનાં સ્મરણો' છે. વિઠ્ઠલદાસે ખાસ ઉમેર્યું છે કે તેમનો અહેવાલ વિજયાલક્ષ્મીના મુખેથી તેમણે જે સાંભળ્યું તેમજ તેમણે પોતે જે કાંઈ જોયું તેના પર આધારિત છે. આમ, વિશાળ અર્થમાં નૌતમલાલના નીચેના શબ્દો વિજયાલક્ષ્મીનું આત્મવૃત્તાંત ગણી શકાય:

'વિજયાલક્ષ્મી ગર્ભશ્રીમંત હતાં. પિતા અને કુટુંબીજનો તેમને સાસરે મોકલવા આતુર હતાં. તેમના પિયેરમાં તે માતાનું કાર્ય પણ બજાવતાં. પુત્રીને પારકે ઘેર મોકલવાની છે તે તેમનાં કુટુંબીજનોનું લક્ષ્યબિંદુ હતું. નવાં નવાં કપડાં તેઓ ફાડી નાંખતાં અને તે શીવવાને તથા ઓટણ કરવાને તેને સોંપતાં. પુત્રી તે હોંસે હોંસે, ખંતથી કામ કરતી... પોતાને હવે અજાણ્યા ગૃહમાં પ્રવેશ કરવાનો છે તેનું ભાન તે કરવા લાગ્યાં : વિનીત બન્યાં, સ્નેહાર્દ બન્યાં, આજ્ઞાપાલક બન્યાં અને લગ્નતિથિને ગયાને બે માસ થયા પછી આ ભાથા સાથે તેમણે અમારા ગૃહમાં પ્રવેશ કર્યો. અમારા કુટુંબીજનોમાં તે સર્વનાં આજ્ઞાપાલક બની ગયાં તેથી કરીને તે સર્વને પ્રીય થઈ પડ્યાં. મારું અને મારાં પત્નીનું જીવન ઉન્નત બનાવવામાં તેમણે ભારે રસ લીધો હતો. પાકશાસ્ત્રમાં તેમનાં જેવું કોઈ કુશળ નહોતું. ભરતગુંથણ કામમાં પણ તેમની તેટલી જ દક્ષતા હતી. ઉનનું, રેશમનું કે દોરાનું ભરત, કોઈ પણ જાતનું તે ઉત્તમ પ્રકારે બનાવી શકતાં. તેમણે મેળવેલા ચંદ્રકો અને સર્ટીફીકેટો અમારા ગૃહના ઓરડાની ભીંતે લટકતા હજુ પણ તાદૃષ્ય થાય છે અને હું જ્યારે તે જોઉં છું ત્યારે મારાં નેત્રો સજળ બને છે.'

સંશોધન દરમિયાન અમારા મનમાં એવી છાપ ઊપસતી જતી હતી કે વિજયાલક્ષ્મી તેમના ગદ્યમાં 'ગૃહલક્ષ્મી'ના આદર્શને બિરદાવે છે, જ્યારે બીજી તરફ તેમનાં પદ્યમાં વિશાદ અને પ્રતિકાર (protest) વ્યક્ત થાય છે. 'હું ચ્હાઉં છું શા માટ પ્રિયતમ' જેવી તેમની રચનાઓની ભીતરમાં આક્રોશ નહિ તો પણ વ્યગ્રતા અને આંતરવેદના તો જરૂર ઠલવાયેલી છે. પરંતુ સંશોધનમાં વધારે પ્રવૃત્ત થતાં અમને નવા સ્રોતો હાથમાં લાગ્યાં. અમને સમજાતું ગયું કે કોઈ પણ વ્યક્તિ સદાય એકરેખીય (unilinear) રીતે વિચારતી નથી.



સુમતિબહેન

તેનાં ચેતનાસ્રોતો કદીક દ્વિપક્ષી (binary) સ્વરૂપ ધારણ કરે તો પણ છેવટે તો તે આત્મમંથનનો જ એક આવેગ છે. વિજયાલક્ષ્મીના નીચેના ઉદ્‌ગારો પિતૃસત્તાક વર્ચસ (patriarchal hegemony) સામેના ખુલ્લા ઊહાપોહ સમાન છે. જે સ્રી આર્યત્વ અને આર્યસંસ્કારને બિરદાવે છે તે જ સ્રી ૨૦મા સૈકાની શરૂઆતથી અસ્પષ્ટ અને અવ્યાખ્યેય રીતે પાંગરતા જતા નારીવાદી વિચારોને નીચેના શબ્દોમાં વ્યક્ત કરે છે :

'આપણાં શાસ્રો અને પુરાણો સઘળાં પુરુષોનાં જ રચેલાં છે, જેથી સ્વાભાવિક રીતે જ પોતાનો પક્ષ તાણે તેમાં કાંઈ નવાઈ જેવું નથી. સ્રીઓ પોતાને હંમેશાં પૂજ્ય ગણે, ઈશ્વર ગણે, ને પોતાની ગમે તેવી ઇચ્છાઓને અનુકૂળ વર્તે, એટલા માટે જ પુરુષો સ્રીઓની સ્વતંત્રતાને, તેઓની ઇચ્છાને, તેનાં સુખોને સ્વર્ગની, મોક્ષની, ધર્મની એવી અગણિત લાલચો આપી પોતાને વશ રાખે છે. સ્રીઓને અર્થે એવાં જ પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે. શેઠના માનીતા ગુલામ કે વિશ્વાસુ ચાકર જેવી તેને ગણવામાં આવે છે. મારું કહેવું એમ નથી કે પુરુષોને સ્રીઓ અનુકૂળ ન વર્તે; ભલે ખુશીથી વર્તે; પણ કેવી રીતે? સેવકની માફક નહિ, ધર્મની લાલચથી નહિ; પરંતુ પ્રેમને વશ હોઈ પ્રેમના જ આકર્ષણથી, સપ્રેમહૃદયે તે પોતાના પ્રણયી જીવનપતિને અનુકૂળ હોવી જોઈએ... પુરુષો મિત્રો કરે, સમાજો ભરે, સાહિત્યના સ્વર્ગીય જીવનમાં વિચરે, વાડીગાડીમાં સ્વેચ્છાથી વિચરે, વિશ્વસુખ ને સૌંદર્યનો લ્હાવો લે, આનંદની

ખાતર ક્લબો, જીમખાનાંઓ અને લાઈબ્રેરીઓનો આશ્રય કરે, ગૃહમાં ને બહાર દેશ-વિદેશમાં વિચરે! સ્ત્રીઓને તેમાંનું કાંઈ જ નહિ?! તેના વાસ્તે શું કેવળ ગૃહ, ગૃહનું કાર્ય અને તેનાં છોકરાં જ ? જો સ્ત્રીઓ ઘરનાં વૈતરાંમાંથી જ પરવારે નહિ તો સમયના અભાવે તે જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવાની છે? ખરું જોતાં તો આવક ને યોગ્યતાના પ્રમાણમાં સ્ત્રી ગૃહજંજાળમાંથી મુક્ત હોવી જ જોઈએ.' (નૌતમલાલ ત્રિવેદી, 'સ્વ. વિજયાલક્ષ્મીનાં સ્મરણો', સાહિત્ય, ડિસેમ્બર, ૧૯૧૩)

આમ, વિજયાલક્ષ્મીએ એક તરફ પ્રાચીન અને મધ્યકાલીન પુરુષપ્રધાન સમાજ સામે અસંમતિ (dissent)નો સૂર પુરાવીને સીતા, દમયંતી તથા જસમા ઓડણની પતિપરાયણતાની પ્રસંશા કરી છે. પરંતુ બીજી તરફ તેમણે તેમના સમયના, એટલે કે સાંસ્થાનિક યુગના પુરુષોનાં 'ગૃહલક્ષ્મી' વિષેનાં બેવડાં વલણોની સામે જોરદાર પ્રતિકાર (protest) કરીને સ્ત્રીઓ માટે સમાન અધિકારોની માગણી કરી છે. 'સ્ત્રીઓને તેમાંનું કાંઈ જ નહિ?!' એ વિધાનમાં ક્રોધિષ્ઠ યુવતીનો માનસિક સંતાપ ભારોભાર અભિવ્યક્ત થયો છે. એક જાતિ (woman as a gender) તરીકેની સ્ત્રી વિશેની તેમની સમજનો પડઘો તેઓ આબેહૂબ રીતે પાડી શક્યાં છે. તે સમયે આવી મહિલાઓની સંખ્યા ઘણી અલ્પ હતી, પરંતુ દૂરથી તેમણે સ્ત્રી-અવાજનો પડઘો તો પાડ્યો જ હતો. ઉદાહરણ તરીકે, જામનગરનાં પંડિતા જમનાબાઈએ ૧૮૯૧માં પોતાના 'સ્ત્રીધર્મ' ગ્રંથ દ્વારા હિંદુપરંપરાઓની રખેવાળી કરી હતી, પણ ૧૯૦૭માં તેમણે પ્રસિદ્ધ કરેલ ગ્રંથ 'સ્ત્રીપોકાર અથવા અડધી દુનિયા સામે લડત' દ્વારા સમાજ સામે બંડખોર અવાજ બુલંદ કર્યો હતો. તે જ પ્રમાણે બારમે વર્ષે વિધવા થયેલ માણસાનાં ગંગાબહેન યાજ્ઞિકે તેમના ગ્રંથો 'વહેમખંડનપોથી' (૧૮૯૧) અને 'દ્વિ ત્રિયા નિષેધ નિબંધ' (૧૮૯૨) દ્વારા સ્ત્રીઓ માટે સામાજિક ન્યાયની ઝુંબેશ શરૂ કરી હતી. તેમણે લખ્યું હતું કે, પુરુષો જે જોહુકમીથી એક પર બીજી અને બીજી ઉપરાંત ત્રીજી પત્ની કરે છે તે જોઈને 'મારાં નેત્રો રક્તમય બને છે અને ક્રોધાવેશ થાય છે.' સ્ત્રીઓનાં, આ પ્રકારનાં, વિધાનોમાં ભાવોત્કટતા જરૂર છે, પણ તેમાં 'સ્ત્રીસહજ લજ્જા' નહિ, ચંડિકાનો આક્રોશ છે. વિજયાલક્ષ્મી અને આ પ્રકારની સ્ત્રીઓ (અને પુરુષો) એકલવાયી (lonesome) હતી. તે સમયે તેમની યોગ્ય કદર થઈ નહિ. પણ હવે તેમની કૃતિઓ પરથી ધૂળ ખંખેરીને નવેસરથી વિચારવાની જરૂર છે.

અમને માત્ર વિજયાલક્ષ્મીના કુટુંબ પ્રત્યેના અભિગમમાં જ રસ નહોતો. પતિ-પત્નીના અંગત જીવન વિષે અણસાર મેળવવાનો પણ અમારો યત્ન હતો. સદ્‌ભાગ્યે 'સુંદરી સુબોધ'ના તંત્રી રામમોહનરાય જસવંતરાય દેસાઈએ (૧૮૭૩-૧૯૫૦) તેમના સામયિકમાં (વર્ષ ૧૧, અંક ૩-૪, ડિસેમ્બર, ૧૯૧૩) અંજલિરૂપે એક લેખ પ્રસિદ્ધ કર્યો. વિજયાલક્ષ્મી તેમને મુરબ્બી અને શુભેચ્છક તરીકે ગણીને અવારનવાર ખાનગી પત્રો લખતાં. મૃત્યુની આગાહી થઈ હોય તેમ પોતાના મૃત્યુના થોડાક દિવસો અગાઉ તેમણે ધોળકાથી ૨૬-૮-૧૯૧૩ના રોજ રામમોહનરાયને પત્ર લખ્યો કે :

'હું તમને મુરબ્બી તરીકે ગણીને વગર સંકોચે જણાવું છું કે... બાળલગ્નને લઈને ને શ્વસુર તેમજ પિતાના ઉભય પક્ષની સંયુક્ત કુટુંબની સંસ્થામાં મારાં તન અને મન એવાં તો તવાણાં કે મને



← ગોંડળનાં રાણીસાહેબ નંદકુંવરબા

↓ હરિસુખગૌરી



નિવૃત્તિ કે આનંદ તો ક્વચીત્ જ મળે છે. કુદરતને લઈને મને વાંચવા પ્રતી ઘણી રૂચી હતી ને હું છાની રીતે નીરવ રાત્રીનો સમય લઈને, ઉજાગરા કરીને આનંદ મેળવતી. મારી એકાન્ત રાત્રીઓ એવી સહેલાઈથી પસાર થતી... મ્હારા સ્વામી સ્વતંત્ર નથી; હજુ વિદ્યાર્થી છે અને મુંબઈમાં સોલીસીટરનો અભ્યાસ કરે છે. તેમનાં પોતાનાં અભ્યાસમાં તે એટલા મગ્ન છે કે કદી મને તેઓ મદદરૂપ થયા નથી ને થશે પણ નહિ. વળી તેમને મળતી નિવૃત્તિમાં હું આનંદ આપવાને બદલે અભ્યાસ કરવા બેસું તો તે કંટાળે છે. સમય અને સાધનાની ન્યુનતાને લઈને મારે મારી ઉન્નતિના સર્વ વિચારો ને અરમાનો ત્યજવા પડે છે. હમણાં મારી શારીરિક સ્થિતિ ઘણી નબળી છે. હું સંગ્રહણીથી પીડાઉં છું. ઉપચારો ચાલુ છે, પણ જીવનદોરી પરમાત્માને હસ્ત છે. શારિરિક અને માનસીક તાપો મનુષ્યના આત્માને શું વધારે પવિત્ર, વધારે શુદ્ધ ને વધારે ઉચ્ચ કરીને પ્રભુની વધારે નીકટ નથી લઈ જતા? અને જો જાય છે તો પ્રભુ ભલે મારા જીવનપુષ્પને અરણ્યના જેવું કરે કે જેની પ્રસંશા કે કીમત કોઈ ન કરે. તે ખરી જતાં ભલે કોઈ ન ઝુરે ! હું બાળક છું, અજ્ઞાન છું. વધુ ઓછું લખાણ માટે ક્ષમા માગું છું.'

હર્ષદરાયનો પત્ની તરફનો પ્રેમ ઓછો હતો તેમ કહેવાનો અમારો જરાય આશય નથી. સૉલિસિટરના અભ્યાસમાં પ્રવૃત્ત વિદ્યાર્થી-પતિને પત્નીની સાહિત્યસાધનામાં રસ ન પડે તો તે અસ્વાભાવિક ન ગણાય. હકીકતમાં તો વિજયલક્ષ્મીની માંદગી વખતે હર્ષદરાયે અનેક ડૉક્ટરો પાસે તેમની સારવાર કરાવી હતી. આમ છતાં ગુજરાતી સ્ત્રીઓની આત્મકથાઓ જ્યારે નહિવત્ છે તેવા સંજોગોમાં વિજયાલક્ષ્મીનું નાનકડું આત્મવૃત્તાંત સ્ત્રીચેતના, સંશયો અને સંવેદનોની દૃષ્ટિએ ધ્યાનપાત્ર જરૂર ગણાય.

વિજયાલક્ષ્મીએ તેમની સહિયર ગોદાવરી સાથે લાંબો પત્રવ્યવહાર કર્યો હતો. નૌતમલાલની ઈચ્છા તે પ્રકાશિત કરવાની હતી, પરંતુ 'સંજોગોવશાત્' તેઓ તેમ કરી શક્યા નહોતા. વળી, વિજયાલક્ષ્મીનાં કાવ્યો પણ હજુ વેરવિખેર હાલતમાં છે. સાહિત્યકારોને, ખાસ કરીને કવિઓને, રસ પડે તેવી એક વિગત 'સાહિત્ય' માસિકે (ઑક્ટોબર, ૧૯૧૩) આપી છે :

'પોતાના મરણની જાણે આગાહી મળી હોય તેમ, માત્ર એક મહિના ઉપર પોતાનાં સઘળાં અપ્રસિદ્ધ કાવ્યોનો જુડો તેમણે અમારા ઉપર મોકલી આપ્યો હતો. તેમનાં કાવ્યો અને જીવન ચરિત્ર બનશે તો હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.'

જો કે તેમ થયું નહોતું. ગીતાબહેન પરીખના મહાનિબંધ પર આધારિત ગ્રંથ 'કાવ્યસ્પંદિતા'માં (પૃ. ૪૨) દર્શાવ્યું છે કે, ''વિજયાલક્ષ્મીબહેનનો મરણોત્તર કાવ્યસંગ્રહ પ્રગટ થયો હતો - 'સ્વ. વિજયાલક્ષ્મીની કૃતિઓ'. પરંતુ પૃ. ૩૦૪ ઉપર ગીતાબહેને સ્પષ્ટ જણાવ્યું છે : 'સ્વ. વિજયાલક્ષ્મીની કૃતિઓ - વિગતો મળતી નથી.' આમ ગેરસમજ થવાથી જ ગુજરાતી સાહિત્યકોષે (ભાગ ૨, પૃ. ૨૦૪) વિગતદોષ કર્યો છે. વિજયાલક્ષ્મીનો કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો નથી જ. જો કાંટાવાળા, ગોદાવરી અને હર્ષદરાયના કુટુંબીજનોને મળીને વિજયાલક્ષ્મીનાં અપ્રસિદ્ધ કાવ્યો અને પત્રો શોધાય અને તેનો યોગ્ય રીતે ઉમેરો થાય તો સાહિત્ય, ઇતિહાસ અને સમાજ વચ્ચેના ખૂટતા અંકોડા સાંધીને મહિલા સાહિત્યકારોનાં પોતાનાં આગવાં સ્પંદનોનો તાગ વધારે વિશદ રીતે મેળવી શકાય તેમ છે. બંગાળ અને મહારાષ્ટ્રમાં આ પ્રકારનું, આંતરવિદ્યાશાખાકીય કાર્ય થયું છે અને થતું જાય છે!

નૌતમલાલ અને તેમના જેવા સહૃદયી પુરુષોએ તો વિજયાલક્ષ્મીને 'આજ્ઞાપાલક પતિવ્રતા' તરીકે ઉપસાવ્યાં અને બિરદાવ્યાં હતાં. પરંતુ એક સ્ત્રી તરીકેની તેમની અનુભૂતિ તો 'મારાં તન અને મન એવાં તો તવાણાં'ના વેધક ઉદ્ગારોથી ભરેલી હતી !! □

અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

૬૯ વર્ષ જૂનું 'કુમાર' થોડો વખત બંધ પડ્યા પછી ફરી શરૂ થઈ ગયું છે ત્યારે અમેરિકાના સંસ્કારપ્રેમી ગુજરાતી સમાજને તે સરળતાથી સુલભ બને તેવી વિતરણ-વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. કલા, સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, સંગીત, રમતગમત - એમ જીવનનાં વિવિધ ક્ષેત્રોને આવરી લેતું આ પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સામયિક તેની સુઘડ મુદ્રણકલા અને આગવી રજૂઆતથી સૌનું માનીતું રહ્યું છે. આજના કપરા કાળમાં આ પ્રકારના સંસ્કારપોષક સામયિકને નિભાવવાની જવાબદારી આપણા સહુની છે. આપને ગ્રાહક બનવાની વિનંતી છે.

'કુમાર'નું વાર્ષિક લવાજમ હવાઈ માર્ગે ૨૫ ડૉલર રાખવામાં આવ્યું છે. આપનું વાર્ષિક લવાજમ આપ નીચેના સરનામે ભરી શકશો. આપનું લવાજમ તત્કાલ મોકલી આપી આ સંસ્કારપથના યાત્રી બનો.

M. L. JOSHI
77, Huntington Road, Bedminster, N. J. 07921 Fax : 906-781-5162 Telephone : 908-781-6045

શેતાન...

મૂળ લેખક : ખલીલ જિબ્રાન
રૂપાંતર : હરિત પંડ્યા

ફાધર સામન એ વિસ્તારના લોકોના સલાહકાર અને માર્ગદર્શક. પાપ-પુણ્યની બાબતમાં લોકોને સલાહ આપે. શેતાનની જાળમાંથી કેમ છટકવું એ પણ લોકોને સમજાવે. બદલામાં લોક એમને યથાશક્તિ સોનું, ચાંદી, ફળફળાદિ, અનાજ વગેરેનું નજરાણું ધરે.

પાનખરની ઋતુમાં એક દિ ફાધર સામન ખીણો, ટેકરીઓ વળોટતા જઈ રહ્યા હતા, ત્યાં એમના કાને એક આર્તનાદ પડ્યો. એમણે અવાજની દિશામાં નજર કરી. લોહીનીતરતો એક આદમી નગ્ન દશામાં પડ્યો પડ્યો 'બચાવો, બચાવો'ની બૂમો પાડી રહ્યો હતો. મદદની બૂમો પાડતો આદમી ચોર-લૂંટારુ હશે, કે પછી ગાંડો હશે એમ ધારી ફાધર સામને ત્યાં વધુ રોકાયા વિના આગળ ચાલવા માંડ્યું. લોકોએ આ આદમીને એનાં કરતૂતોની સજા કરી હશે. હું મદદ કરવા જાઉં ને એ માણસ કદાચ ન બચ્યો તો એના મૃત્યુ માટે હું જવાબદાર ઠરીશ એવી દહેશત પણ ફાધરને ખરી. બીજી બાજુ એક આદમીને આમ પિડાતો, કણસતો મૂકીને ચાલી નીકળતાં એમનું હૈયું હલબલી ઊઠ્યું. એ સાથે જ એમના પગ અટકી ગયા. ત્યાં તો પેલો આર્તનાદ ફરી સંભળાયો, 'ફાધર હું ગાંડો નથી, ને ચોર પણ નથી. મારી નજીક લગીર આવો. હું તમને મારી ઓળખ આપું.' પેલા આદમીએ કાકલૂદીભર્યા સ્વરમાં કહ્યું. આ માણસની કરુણ દશા ફાધરથી વધારે વાર સહી શકાઈ નહિ, તેઓ ઝટ એ આદમીની નજીક પહોંચી ગયા. નજીકથી જોતાં ફાધરને એ માણસનો ચહેરો અલૌકિક લાગ્યો. એ ચહેરા પર એમને બુદ્ધિમત્તા ને શઠતા, સૌંદર્ય ને કુરૂપતા, કઠોરતા ને કોમળતા જોવા મળ્યાં.

'ફાધર સામન, આપણે એકબીજાના દુશ્મનો નથી, મિત્રો છીએ. તમે મને મદદ કરો, મારા જખ્મો ધોઈને એમના પર દવા-દારૂ લગાડીને રૂઝવો.' પેલા આદમીએ ફાધરને કહ્યું.

'ભાઈ, હું તને ઓળખતો નથી. તું કોણ છે?' ફાધરે કહ્યું.

'ફાધર મારી અંત ઘડીએ હું જૂઠું નહીં બોલું. હું તમારો પ્રિય મિત્ર છું. તમારી જાત કરતાં પણ હું તમને વધારે પ્રિય છું. તમે મને રોજ હજારો વખત યાદ કરો છો.'

'આ શી વાત કરે છે, તું! હું તને લગીરે ઓળખતો નથી. તું નર્યો પાખંડી લાગે છે.' ફાધરથી જરા ઉશ્કેરાઈ જવાયું.

'તમે મને ખરેખર ઓળખો છો. હું શેતાન! બોલો, ઓળખો છો કે નહિ?' શેતાને એના યાતનાત્રસ્ત ચહેરા પર સ્મિત પાથરતાં કહ્યું.

સાંભળતાં જ ફાધરથી આછી ચીસ પડાઈ ગઈ. એમણે ફરી એ આદમીના ચહેરા પર નજર ઠેરવી. એનો ચહેરો દેવળની દીવાલ પર ચીતરેલા શેતાનના ચહેરાને બરાબર મળતો આવતો હતો.

'હું તને શાપ આપું છું. તું જલદી મરણને શરણ થઈશ. તું જીવતો રહીશ તો બીજાને પાપાચરણ કરવા પ્રેરીશ.' ફાધરનો રોશ શમ્યો નો'તો.

'ફાધર, મહેરબાની કરીને મને બચાવી લો. હું મરું તે પહેલાં મારા ઘા રૂઝાવી દો ઝટપટ'. શેતાન કાકલૂદી કરતો રહ્યો.

'આ પવિત્ર હાથ તારા પાપી શરીરને નહીં સ્પર્શે. તું માનવતાનો શત્રુ છે, ભલાઈનો દુશ્મન છે. તારો તો નાશ જ થવો જોઈએ. તારી આવી દશા કરનારનું ભલું થજો! – કોણ હતો એ?'

'દેવદૂતો સાથે હું ઝપાઝપીમાં ઊતરેલો. બીજા બધાને તો હું પહોંચી વળત, પણ માઈકલના હુમલા સામે હું લાચાર બની ગયો. એની બેધારી તલવારે મારી આ દશા કરી. મરી ગયાનો ઢોંગ કરીને હું પડ્યો રહ્યો ન હોત તો માઈકલે મને મારી જ નાખ્યો હોત.' શેતાને એની વીતક કહી સંભળાવી.

'ભલું થજો માઈકલનું!'

'ફાધર, માઈકલ તમને શું ખપ લાગવાનો છે? તમારાં સુખ-શાંતિનો સ્રોત હું જ છું. તમારી સમૃદ્ધિ ને સુખાકારી મારે વડે છે, ને તોય તમે મને શાપ આપો છો! મારી આડમાં તમે તમારાં બધાં કરતૂતો યોગ્ય ઠેરવો છો. મારો ભય બતાવીને તમે શ્રદ્ધાળુઓ પાસેથી દ્રવ્ય પડાવો છો. શું તમારે વધારે ધનની જરૂર નથી? હું મર્યો તો તમે પણ મર્યા જ સમજજો. મારી અનુપસ્થિતિમાં તમે કામકાજ વગરના થઈ જવાના. હું નહિ હોઉં તો તમારી સલાહ લેવા કોણ આવવાનું છે? કારણ કે પછી તો બધા લોકો કુકર્મો કરવામાંથી સલામત! મારાથી બચવા તો દેવસ્થાનો નિર્માયાં છે. હું નહિ હોઉં તો સમાજમાં તમારું સ્થાન નષ્ટપ્રાયઃ જ થયું જાણજો. મારું મરણ એટલે તમારી આજીવિકાનો અંત, દેવળોની નેસ્તનાબૂદી. માણસમાં શ્રદ્ધા કેમ કરીને પ્રકટી એના ઇતિહાસથી તમે સાવ અજ્ઞાત છો. આપણા બેયનું અસ્તિત્વ એકબીજા પર નિર્ભર છે એની તમને ખબર નથી લાગતી. તો સાંભળો :

'માણસના આવિષ્કારનાં પ્રારંભનાં વર્ષોમાં એ સૂર્ય સામે હાથ જોડતો, આકાશને પેલે પાર પ્રભુનો વાસ છે એમ એ માનતો. એની નજર પોતાના પડછાયા પર પડી, તે જ ક્ષણથી એ માનવા માંડ્યો કે ધરતીના પેટાળમાં શેતાનનો નિવાસ છે.

પ્રકાશ અને અંધકારનાં પરિબળો વચ્ચે માનવીનું અસ્તિત્વ છે. પ્રકાશ એનું આશ્રયસ્થાન છે. અંધકાર સામે એને ઝઝૂમવાનું છે. ધીમેધીમે માનવજાતમાં સભ્યતાનું પરોઢ પાંગર્યું. એ સાથે કુટુંબ અને નાનીમોટી જાતિઓનું નિર્માણ થયું. જાતિઓની ટોળીઓમાં સહુ પોતપોતાની શક્તિ અને આવડત પ્રમાણે કામમાં પરોવાયાં. કોઈએ ઢોરઢાંખર-ઉછેરનું કામ માથે લીધું, કોઈ રહેઠાણ ઊભા કરવાના કામમાં લાગ્યા. કેટલાક શિકારમાં જોતરાયા. છેલ્લે પાદરીનો વ્યવસાય વિકસ્યો. એનો ઉદ્ભવ ને વિકાસ બહુ વિચિત્ર રીતે થયો.' કહી શેતાન મોટેથી હસી પડ્યો. આખી ખીણ એના હાસ્યથી પડઘાઈ રહી. જરા થોભીને એણે વાત આગળ ચલાવી:

'આ બધી ટોળીઓમાં એક માણસ ભારે આળસુ. દરેક પ્રકારના શારીરિક શ્રમને એ ધિક્કારતો. લા વીસ એનું નામ. પણ ત્યારે તો દરેક ટોળીનો એ કાયદો હતો કે જે મહેનત કરે તે ખાય. એટલે લા વીસને ઘણા દિવસો સુધી ભૂખ્યા રહેવું પડેલું.

'એક રાત્રે લા વીસની ટોળીમાંનો એક આદમી ભયાનક ચીસ પાડી ઊઠ્યો, કારણ કે એણે રાત્રીના દેવને અંધકારથી ગ્રસાતો જોયો હતો. ટોળીના બીજા સભ્યો પણ એ જોઈને ભયભીત થઈ ગયા, કારણ વૃક્ષો, પર્વતો, ખીણો, બધું ધીમેધીમે અંધકારમાં લપેટાતું જતું એમણે ભાળ્યું. હવે? લા વીસે અગાઉ આવું ગ્રહણ જોએલું. એને આ તક ઝડપી લેવાનું મન થયું. ગ્રહણ વિષેનું લોકોનું અજ્ઞાન એને કામ લાગે એમ હતું. એણે અવાજ બુલંદ કરીને કહ્યું, 'ભાઈઓ, રાત્રીનો દેવ અંધકારના દાનવ સામે જંગે પડ્યો છે. જો આ જંગમાં અંધકારનો દાનવ વિજયી બન્યો તો આપણો સર્વનાશ થયો સમજજો. રાત્રીનો દેવ અંધકારના દાનવ પર વિજય મેળવશે તો આપણો ઉદ્ધાર થશે. રાત્રિના દેવના વિજય માટે સૌ આંખો બંધ કરો ને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરો. જે કોઈ ઉપર જોશે તે અંધ બની જશે, ને ગાંડો પણ થઈ જશે.' ને લા વીસના કહ્યા પ્રમાણે લોકોએ રાત્રીના દેવતાના વિજય માટે આંખો બંધ કરીને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરવા માંડી. ગ્રહણ સમાપ્ત થયું એટલે લા વીસે વળી કહ્યું, 'જુઓ, તમારા બધાની પ્રાર્થનાને પ્રતાપે રાત્રીના દેવનો વિજય થયો છે ને અંધકારનો દૈત્ય પરાજિત થયો છે. આપણે સૌ સર્વનાશમાંથી ઊગરી ગયા છીએ.' લોકોએ આંખો ખોલીને આકાશ સામે નજર માંડી. આકાશમાં ચંદ્રને ફરી સોળે કળાએ પ્રકાશતો ભાળીને તેઓ ખુશ થયા, ને તેમનો ભય પણ દૂર થયો. સૌને પરમ શાંતિનો અનુભવ થયો. એમની સઘળી મૂંઝવણ ટળી ગઈ. તેઓ ગેલમાં આવી ગયા અને ઢોલ-નગરાં વગાડી આનંદવિભોર થઈને નાચવા લાગ્યા. ટોળીનો મુખી એક કોર ઊભો ઊભો આ બધું જોઈ રહ્યો હતો. લોકોનાં નાચગાન શમ્યાં એટલે એણે લા વીસને પોતાની પાસે બોલાવ્યો, ને કહ્યું : 'લા વીસ, આખી ટોળીમાં સૌથી વધારે બુદ્ધિશાળી તું જ છે. કારણ કે તને એકલાને જ દૈવી ગૂઢ રહસ્યો સમજાય છે. આજથી આ ટોળીમાં તારું સ્થાન મારા પછીનું, એટલે બીજા નંબરનું. આજથી તું દેવો અને અમારી વચ્ચેનો મધ્યસ્થી. દેવોની ઇચ્છાઓ, આદેશોનું અર્થઘટન કરીને તું અમને સમજાવજે. એમને ખુશ કરવાનો ને એમના આશીર્વાદ પામવાનો માર્ગ તું અમને ચીંધજે. દેવોને લગતી તમામ બાબતોમાં તું અમારો સલાહકાર!'

'જેવી મુખીની આજ્ઞા. મને દિવ્યસ્વપ્નમાં દેવોના જે આદેશો-સંદેશાઓ લાધશે તે હું આપને હવેથી જણાવતો રહીશ, મને દેવોની ઇચ્છાઓ - આદેશો વ્યક્ત કરવાનું માધ્યમ બનવાનું મંજૂર છે.'

તે જ ક્ષણે મુખીએ લા વીસને બે ઘોડા, ૭ વાછરડાં, ૭૦ ઘેટાં ને ૭૦ બકરાં ભેટ આપ્યાં, ને લા વીસને રહેવા માટે મજબૂત અને સરસ મઝાનું આવાસ બનાવવા ટોળીના સૌને આદેશ પણ આપી દીધો. એટલું જ નહિ, દરેકે પોતાની ખેતપેદાશોમાંથી અમુક ભાગ લા વીસને ભેટ ધરવાનો હુકમ પણ મુખીએ તત્કાલ બહાર પાડ્યો.

'આ માનવીઓનો દેવ કોણ?' મુખીએ પછી લા વીસને પૂછ્યું.

'મુખી, સાંભળો! પહેલાં બધા દેવો તારાઓની પેલે પાર વસતા હતા. આ દેવોના દેવ સર્વજ્ઞ ને સર્વશક્તિમાન હતા. બધાં જ દૈવી રહસ્યો આ દેવાધિદેવ પોતાની પાસે જ રાખતા. બારમા યુગના સાતમા પર્વમાં બહતાર નામના દેવે આ દેવાધિદેવનો વિરોધ કર્યો. બહતારે દેવાધિદેવને કહ્યું, આ દૈવી રહસ્યોથી અમને કેમ અજ્ઞાત રાખવામાં આવે છે? અમારે પણ એ રહસ્યો જાણવાં છે. જો આ રહસ્યો તમે મને નહિ જણાવો તો હું વિદ્રોહ કરીશ. ને મારા પછી મારાં બાળકો, ને એ બાળકોનાંય બાળકો તમારો વિદ્રોહ કરતાં રહેશે. આ સાંભળતાંની સાથે જ દેવાધિદેવ ભારે કોપાયમાન થઈ ગયા. એમણે એક હાથમાં ખડ્ગ લીધું, ને બીજા હાથમાં સૂર્યની ઢાલ લઈને એમણે બહતારને આદેશ આપ્યો: 'આ સ્વર્ગભૂમિમાંથી તું સત્વરે ચાલ્યો જા! ને જા નીચેના પ્રદેશમાં, જ્યાં અંધકારનું સામ્રાજ્ય છે, જ્યાં યાતનાઓ છે. ને જ્યાં સુધી આ સૂર્ય રાખ ન થઈ જાય, ને આ બધા તારાઓ કણકણમાં વિખેરાઈ ન જાય ત્યાં સુધી તું નીચેના પ્રદેશમાં સબડ્યા કરજે. ત્યારથી બહતાર પૃથ્વીલોકમાં આવીને વસ્યો છે, ને દેવોના ચાહકોને પોતાની જાળમાં ફસાવવા મથી રહ્યો છે. આ બહતારે અનેક નામો ધારણ કર્યાં છે. એ માનવમાત્રનો શત્રુ

છે. એ દુષ્કાળ જેવી આફતો નોતરે છે. વાવાઝોડાં સર્જે છે, રોગચાળો ફેલાવે છે. આ બહતાર જેનું એક નામ શેતાન પણ છે, તે માણસના દુઃખે રાજી, ને એના સુખે દુઃખી થાય છે. તેથી આ શેતાન વિષે જાણવું ખૂબ જરૂરી છે, જેથી માણસો એની જાળમાં ફસાય નહિ.

'હા, હવે મને આપણાં દુઃખોનું કારણ સમજાયું. લા વીસ, આપણી ટોળીના લોકોને તમે આ વાત સમજાવજો, જેથી તેઓ શેતાનના સકંજામાં આવી ન જાય.'

'લા વીસે મુખીની વાત સાંભળીને સંમતિસૂચક માથું હલાવ્યું. ને પછી મુખીથી છૂટા પડીને એ નિદ્રાધીન થયો. જિંદગીમાં પહેલી વાર એણે તે દિવસે નિરાંતની ઊંઘ ખેંચી. ટોળીના અન્ય સભ્યોએ તો રાત્રિ ભૂતપ્રેતનાં ભયાનક સ્વપ્નો જોતાં જ પસાર કરી. ફાધર, આમ હું જ ધર્મનું ઉદ્‌ગમબિંદુ છું. મારી ક્રૂરતાનાં ભયાનક દૃશ્યો ખડાં કરીને લા વીસ લોકોને ડરાવતો રહ્યો. ને એમને મારાથી બચાવવા એમના વતી પ્રાર્થના કરી નાણાં પડાવતો રહ્યો. લા વીસ પછી એના વંશજોએ આ વ્યવસાય સારી રીતે વિકસાવ્યો. પછી તો જ્ઞાનીઓ, બુદ્ધિશાળીઓ, વિશુદ્ધ ચારિત્ર્યવાળાઓ, નિર્મળ અંતરાત્માવાળાઓ, શ્રદ્ધાળુ લોકો આ વ્યવસાયમાં પડેલાઓને નમન કરવા લાગ્યા. ને દેવો અને માનવો વચ્ચેની સુવર્ણ કડી એ બધાને ગણવા લાગ્યા. તથા દેવોને રીઝવવા પોતાનાં સંતાનોનાં બલિદાન સુધ્ધાં આપવા માંડ્યા. કેટલાકે તો પોતાનું સમગ્ર જીવન આ ધર્મગુરુઓને ચરણે અર્પણ કરી દીધું. ધર્મનું સમગ્ર શિક્ષણ મને કેન્દ્રમાં રાખીને અપાવું શરૂ થયું. હું ન હોત તો દેવળ, મંદિર, મસ્જિદ, ગુરુદ્વારાનું નિર્માણ થયું ન હોત. હું જ લોકોના સંકલ્પબળનો સ્રોત છું. નવીનવી વિચારધારાઓ પાછળનું પ્રેરણાબળેય હું જ છું. હું જ સમગ્ર જગતને કાર્યાન્વિત કરું છું. જીવન ટકાવી રાખવા લોક મારી સામે સંઘર્ષ ખેલે છે. મારી સામેનો સંઘર્ષ શમી જાય તો લોક પ્રમાદી થઈ જાય. માનવીનાં બધાં જ કર્મો ક્યાં તો મારા તિરસ્કારમાંથી જન્મે છે, અથવા તો મને અનુસરવામાંથી ઉદ્‌ભવે છે. મને અનુસરનારાં સુરા-સુંદરીના સેવન જેવાં કર્મોમાં પ્રવૃત્ત થાય છે. મને તિરસ્કારનારાં ભજન, કીર્તન, દાન-પુણ્યનાં કર્મોમાં રત રહે છે. હું જ જગત સમસ્તની પ્રવૃત્તિઓનું નાભિકેન્દ્ર છું. મારા ભયથી ત્રાસીને લોકો દૂર દેશાવરની યાત્રાઓ ખેડે છે. મઠોમાં, પાઠશાળાઓમાં, મદરેસાઓમાં દેવોની અલૌકિક વાણીનો અભ્યાસ કરે છે. હું ન હોઉં તો ભયનું અસ્તિત્વ ન રહે. આનંદનો નાશ થાય. આશા, ઈચ્છા, આકાંક્ષાઓ વિલુપ્ત થાય. જીવન ખાલી, નીરસ, બોજ, ઢસરડો બની જાય. તૂટેલા તારવાળી વીણા જેવું બની રહે. હું જૂઠ, નિંદા, ક્રૂરતા, છલના, મજાક-મશ્કરીનો પર્યાય છું. મારા વિનાની જિંદગી કાંટાળાં ઝાંખરાંથી ઊભરાતું ખેતર બની જાય. હું જ દૂષણોનો માતાપિતા છું. હું ન હોઉં તો મારો પ્રતિકાર કરનાર કોઈ ન રહે. મારી અનુપસ્થિતિમાં ધર્મગુરુઓ, દેવાલયો નિરર્થક બની જાય. માનવીના જીવનમાંથી ગતિશીલતા ચાલી જાય. બધાં જ કર્મોનું કારણ હું જ છું.... અરે! પણ મેં મારી રહીસહી શક્તિ તમે જે સારી પેઠે જાણો છો એ કહેવામાં ખર્ચી નાખી. હવે હું ખૂબ થાકી ગયો છું, ફાધર, મને મદદ કરો. બહુ મોડું થઈ જાય એ પહેલાં.' કહી શેતાન શાંત થઈને પડ્યો રહ્યો.

'શેતાન, ભાઈ; તારી વાત મને બરાબર સમજાય છે. તું છે તો પ્રલોભનો છે. પ્રલોભનો જ માણસનું સાચું મૂલ્યાંકન છે. પ્રલોભનોના નાશ સાથે માણસનોય નાશ થવાનો. પ્રલોભનો ચાલી જતાં માણસને ઉન્નત ને જાગ્રત કરતી શક્તિય ચાલી જવાની. માનવપ્રેમની વેદિ પર હું તારે માટેના મારા તિરસ્કારનું બલિદાન આપું છું. શેતાન! તું કેવો મહાન જ્ઞાની છે! મારા વ્યવસાય પાછળનું રહસ્ય તેં શોધી કાઢ્યું! તું ખરેખર સાચું કહે છે. આપણને બેયને એકબીજાની જરૂર છે. આપણા બેયનું અસ્તિત્વ એકબીજા પર અવલંબે છે. ભાઈ શેતાન, આવ; મારી નજીક આવ.'

'ફાધર, મને તમારે ખભે ઉપાડીને ઝટ ઘરભેગો કરો. હું અધમૂઓ તો થઈ જ ગયો છું. ક્યાંક...!'

ને પાદરી એ શેતાનને ઉપાડવા નીચા નમ્યા. એને પીઠ પર બેસાડીને તેઓ પોતાને નિવાસે લઈ આવ્યા.

શેતાનના ભારે બોજ નીચે કણસતા પાદરીના હોઠ પર શેતાનની તંદુરસ્તી માટેની પ્રાર્થના રમતી હતી! □

કલકત્તામાં 'કુમાર'નું લવાજમ ભરવાની વ્યવસ્થા

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની અમારી અપીલનો કલકત્તામાંથી પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આથી કલકત્તાવાસી ગુજરાતીઓને લવાજમ ભરવાની સગવડ રહે તે માટે નીચેના સરનામે તે સ્વીકારવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે :

Arvind Parekh
64, Chakrebere Road, North, Calcutta 700 020
Telephone : 74-7194

આર્નિકા મોન્ટાના

હેમેન્દ્ર એ. શાહ

મૂઢ માર, પહાડ ચડતાં ગબડી પડવું, બાળકોને રમતાં રમતાં વાગેલો માર, કપાળ - માથું ટિચાય, દાદરો ચડતાં પડી જવું, ચાર-પાંચ ફૂટની ઊંચાઈએથી પડી જવું, ઢીમણું થઈ જાય, ફ્રેક્ચર જેવી સ્થિતિ, વગેરેમાં આર્નિકા ચમત્કારિક રીતે દરદીને ગંભીર થવામાંથી બચાવી લે છે. દરેક એલોપાથ, હાડવૈદ્ય આ દવાનો ઉપયોગ મોટા પાયા ઉપર કરે તો દરદી જલ્દી સાજો થાય તેટલું જ નહિ, પરંતુ તેઓ મૂઢ મારના દરદીઓને લાંબી સારવારમાંથી બચાવી શકે છે. મૂઢ મારને લીધે લોહી જામી ગયું હોય તો લોહીને અત્યંત ઝડપથી છૂટું પાડી આર્નિકા મૂઢ મારને ઓગાળી નાખે છે.

આ દવાના લાંબા વખતના ઉપયોગ પછી હું નમ્રપણે માનું છું કે આ દવાની નાની શીશીઓ દરેક ઘરમાં ઇમરજન્સી ઔષધ તરીકે હોવી જ જોઈએ. આર્નિકા ૩૦ તથા આર્નિકા ૧૦૦૦ (IM) એક એક શીશી રાખવાનો ખર્ચ ફક્ત રૂ. ૧૪/- આવે છે.

(૧) સામાન્ય માર વાગ્યો હોય તો (દા.ત. બાળકનું કે મોટાનું બારણા સાથે માથું અથડાય તો) આર્નિકા ૩૦નો તરત જ એક ડોઝ (૪ થી ૫ ગોળી) આપવો. ત્યાર બાદ એક ડોઝ બે કલાક પછી આપવો. ઘણુંખરું ત્રીજા ડોઝની જરૂર નહિ પડે. 'છોકરાઓ તો અથડાય-કુટાય તેમાં ચિંતા કરવાની જરૂર નહિ. પડવા-આથડવાથી મજબૂત બને' - આ પ્રકારનું વલણ યોગ્ય નથી, કારણ કે પડવા-આથડવાથી ઘણી વાર મગજને અસર થાય છે, અને બાળકનો માનસિક વિકાસ રૂંધાય છે. ઘણી વાર વર્ષો પછી દમનો અથવા બીજો વ્યાધિ પેસી જાય છે. હોમિયોપથીમાં આડ અસર ન હોવાથી સહેજ કે વધારે મૂઢ માર વાગ્યો હોય તો આર્નિકા ૩૦નો ડોઝ સહેજ પણ હિચકિચાટ વગર આપવો હિતાવહ છે. વધારે ઘેરી ચોટ માટે આર્નિકા IM (૧૦૦૦) આપવી જોઈએ. આવી ચોટ માટે તરત જ એક ડોઝ આપ્યા પછી દર કલાકે એક ડોઝ આપવો અને આમ દિવસના ત્રણ ડોઝ આપવા જોઈએ. બીજા દિવસે સુધારો જોઈને IMના બે ડોઝ, એક સવારે અને એક સાંજે આપવો જોઈએ.

ત્યાર બાદ દર બે દિવસે આર્નિકા ૩૦ આપવી જોઈએ. તેના બે ડોઝ પત્યા પછી ચિહ્નો જોઈને દવા બંધ કરવી જોઈએ.

આર્નિકા જેવું ઝડપી અને અસરકારક બીજું કોઈ ઔષધ મારી જાણમાં નથી. (મૂઢ મારને બદલે પુષ્કળ લોહી નીકળતું હોય તો 'કેલેન્ડુલા' અત્યંત અસરકારક દવા છે. - તે વિષે હવે પછીના લેખોમાં.)

હોમિયોપથીમાં 'આર્નિકા'નું ઔષધ અત્યંત પ્રસિદ્ધ છે. કોઈ વ્યક્તિ પહાડ ઉપરથી ગબડી પડે, મકાનના ૧લા-બીજા માળથી પડી જાય, મૂર્છા પામે - તો મરણને શરણ થવાની ઘણી શક્યતા છે. જો આર્નિકા ૧૦૦૦ અડધી અડધી કલાકે આપવામાં આવે તો ૯૦ ટકા દરદીઓ બચી જાય છે. ઘણી વાર ઑર્થોપેડિક ડૉક્ટર તરત જ ઉપલબ્ધ ન હોય, હૉસ્પિટલમાં ઇમરજન્સી - એક્સિડેન્ટ વૉર્ડમાં સારવાર તરત જ ન મળે તો દરદી મૂઢ મારને લીધે થોડા સમયમાં દમ તોડી દે છે. આર્નિકા ૧૦૦૦ આપવાથી તેની પ્રાથમિક સારવાર શરૂ થઈ જાય છે. તેથી તેની બચવાની તકો ઘણી બધી વધી જાય છે.

મૂઢમાર, ચોટ, પછડાટ, માથું કુટાવું વગેરે માટે તો આર્નિકા અદ્‌ભુત દવા છે જ. પરંતુ તેનો ઉપયોગ નીચે જણાવેલા અન્ય રોગો માટે પણ કરી શકાય છે.

(૨) હંમેશાં દરદી ગમગીન રહેતો હોય, કામ કરવાની ઇચ્છા થતી ન હોય, થોડું કામ કર્યા પછી થાકી જતો હોય તો તેના પર આ દવા સુંદર કામ કરે છે. દરદીનો સ્વભાવ ચીડિયો હોય, બધાથી દૂર રહેતો હોય અને એકલસૂરો હોય તો આર્નિકા ૩૦ આપવી.

(૩) પ્રસૂતિ બાદ સ્ત્રી સામાન્ય કરતાં વધુ પડતી નબળી પડી ગઈ હોય અથવા બીમાર જેવી લાગતી હોય તો આર્નિકા ૨૦૦થી ઘણો ફાયદો જોવા મળશે. પરુ થવાના ભયથી પણ મુક્તિ મેળવી શકાશે.

(૪) દરદી નાનપણમાં ઝાડ ઉપરથી, કઠેડા ઉપરથી, ઘોડા કે ઊંટ ઉપરથી પડી ગયો હોય તો મોટી ઉંમર સુધી તેને ન કળી શકાય તેવા રોગો ચાલુ રહે છે. આર્નિકા ૩૦-૪૦ વર્ષ પહેલાંના રોગને પણ મટાડી શકે છે.

(૫) આંખના શ્રમ માટે પણ આર્નિકાનો ઉપયોગ કરવા જેવો છે. સિનેમા/ટીવી જોયા પછી પોપચાં દુઃખતાં હોય, આંખો દુઃખતી હોય, આંખો બંધ કરીને પડી રહેવાનું મન થતું હોય તો આર્નિકા એક સારું અને અસરકારક ઔષધ છે.

(૬) માનસિક આઘાત, અત્યંત શારીરિક થાક, કોઈ ધંધામાં અચાનક પૈસાનું નુકસાન થવાથી લાગેલા આઘાતમાં, પોતાનાથી થયેલા સામાજિક રીતે ખોટા કામથી પશ્ચાત્તાપ અને આઘાતમાં આર્નિકા દરદીને માનસિક અસંતુલનમાંથી બચાવી લે છે.

(૭) ઉટાંટિયા (વ્હુપિંગ કફ)માં પણ આ દવા વાપરી શકાય છે. જૂના અકસ્માતને લીધે થયેલા દમના વ્યાધિમાં અત્યંત અસરકારક છે.

(૮) હૃદયરોગ, શરીરના ડાબા ભાગના અંગમાં થતા દુઃખાવા માટે પણ આર્નિકા વાપરી શકાય છે.

(૯) ટાઈફોઈડ પછી, મલેરિયાના તાવ પછી શરીર તૂટતું હોય, અત્યંત નબળાઈ આવી ગઈ હોય તો શરીરની શક્તિ પાછી મેળવવા માટે આર્નિકા અત્યંત ઉપયોગી ઔષધ છે.

(૧૦) આખું શરીર ઠંડું રહેતું હોય અને ફક્ત માથું ગરમ રહેતું હોય તેવા સંજોગોમાં પણ આર્નિકા આપવી. આર્નિકાની સહાયક દવા તરીકે રસ ટોક્સ, રુટા, એકોનાઈટ વગેરેનો ઉપયોગ ઘણાં હોમિયોપાથ કરતાં હોય છે. □



ફિલ્મનું અનુભાવન [૧૦]

હસમુખ બારાડી

દિગ્દર્શક સમજ્યો હોય છે. એ બે વ્યક્તિના સંબંધમાંથી, વીંટી સાથેના એ બંને વ્યક્તિઓના સમાન કે અસમાન સંદર્ભમાંથી, ખુદ વીંટીના નાવીન્ય કે ચમકમાંથી, અને જે પ્રસંગે આ બન્ને વ્યક્તિઓ 'કેટલી ચમચી ?'ના પ્રશ્ન સુધી પહોંચી છે એ સમગ્ર ઉદ્દેશમાંથી એ ઇરાદો જન્મ્યો હોય છે. દિગ્દર્શક પાત્ર/પ્રસંગ/ઉદ્દેશના આ સંદર્ભો પણ ખ્યાલમાં રાખતો હોય છે. એમાંથી જ એ બન્ને પાત્રો વચ્ચેનું અંતર, શૉટનું કદ, કૅમેરાની સ્થિતિ, ઍન્ગલ, ફ્રેમ, શૉટનો ક્રમ વગેરે નક્કી કરે છે.

માણસ ખરેખર તો મનથી જ નિહાળે છે, આંખ માત્ર જોવાનું કામ કરે છે; દૃશ્ય ઝીલવાની એ ઇન્દ્રિય માત્ર છે. એટલે, શું નિહાળવું એ માણસની **આંતરિક અંગત પસંદગી** છે. એથી તો એ અર્જુનની જેમ પક્ષીની આંખ જ જુએ. પરંતુ અર્જુન જો વૃક્ષ પરથી ફળ તોડવા માગતો હોય તો એ ફળ જુએ !

આ મેં જે કહ્યું એમાં કશું નવું નથી. આપણે આ આદત બાળકને, એ જોતું થાય ત્યારથી, એની તાલીમથી પાડીએ છીએ. આપણે એને શું નિહાળવું એની પસંદગી કરતાં શિખવીએ છીએ. એટલે કે એક રીતે તો બાળકના મનને તાલીમ આપીએ છીએ કે 'જો આ રમકડું છે', 'આ એનું નાક છે', 'એ હલે છે', 'એ અવાજ કરે છે' વગેરે. મનની આવી તાલીમ પછી બાળકની સ્મૃતિમાં એ સંઘરાય અને વળતી પ્રક્રિયામાં એ પસંદગી મુજબ ધ્યાન કેન્દ્રિત કરતું એટલે કે નિહાળતું થાય - જે રીતે અન્યોને વૃક્ષ, ડાળી અને પંખી દેખાયાં અને અર્જુનને માત્ર આંખ જ દેખાઈ.

માણસની આંખ અને કૅમેરાના લેન્સ વિશે અગાઉનાં પ્રકરણોમાં બીજી પણ જે વાત કરી છે એને ધ્યાનમાં લેતાં, માણસની આંખ કરતાં કૅમેરાનો લેન્સ હંમેશાં અધૂરો, ઊણો પડતો કેટલાંયને હજી આજે પણ લાગે છે, અને તેથી, યાંત્રિક કે વીજાણુ પદ્ધતિ વિકસાવી એની એ મર્યાદા વળોટી શકાય એ રીતે લેન્સ પાસેથી માણસની આંખ જેટલું જ કામ લેવા દિગ્દર્શકો છેલ્લા એક સૈકાથી મથતા આવ્યા છે. એમાં એક ઉકેલ જે એમને હાથ લાગ્યો છે તે છે : પ્રેક્ષકને આ પળે શું જોવું છે એ સમજવાની દિગ્દર્શકની સજ્જતા, પ્રેક્ષકને આ પળે શું બતાવવું છે એ નક્કી કરવાની દિગ્દર્શકની ક્ષમતા અને એ કેવી રીતે બતાવી શકાય (ફ્રેમ-ઍન્ગલ વગેરેથી) એ માટેની લેન્સની ત્રેવડનો વિકાસ કે જેથી દૃશ્યમાન વસ્તુ

વસ્તુપરક અને આત્મપરક

સામાન્ય રીતે આપણી આંખ જે **નિહાળે** એ આપણી આંખ જે **જોતી** હોય એથી જુદું હોય છે. ખુલ્લી આંખે માણસ કંઈ ન નિહાળતો હોય એવુંય બને, પરંતુ એ જ્યારે કોઈ પણ વસ્તુ કે એના ભાગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે ત્યારે એ એને નિહાળતો હોય છે (રંગ, પ્રમાણ, તત્ત્વ, પ્રકાશ, એનો અન્ય સાથેનો સંબંધ, અંતર, સરખામણી, ઉપયોગ વગેરે). એ સમયે એ વસ્તુની આજુબાજુના બધા ભાગ **દેખાતા** હોવા છતાં માણસ એ નિહાળતો નથી હોતો, એ 'ડિફોક્સ' થઈ ગયા હોય છે. માણસ એ ઇરાદાપૂર્વક કરે છે. જોવાની એની ઇન્દ્રિય પ્રયોજતાં પ્રયોજતાં એ આ નિહાળવાની ક્રિયાને આદત બનાવી દે છે. એ રીતે દરેક દૃશ્યમાન ચીજની વાસ્તવિકતા એ સમજે / માણે / સ્મૃતિમાં સંઘરે છે.

આ ક્રિયામાં માણસે જોવાની ઇન્દ્રિયો ઉપરાંત એના મનનો ઉપયોગ પણ કર્યો હોય છે, જેના દ્વારા એણે **ઇરાદો** વ્યક્ત કરી દૃશ્યમાન ભાગ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે એટલું જ નહિ, એ વસ્તુની આજુબાજુના, એને એ સમયે બિનઉપયોગી અને રસ ન પડતા ભાગને અવગણવાનો ઇરાદો પણ વ્યક્ત કર્યો હોય છે. દા.ત. ખુરશીમાં બેઠેલી વ્યક્તિને એના પોશાક સહિત એક વખત નોંધી લીધા પછી એના હાથના ચાના કપ પર આપણું ધ્યાન એટલે કેન્દ્રિત થાય છે કે એ આપણા માટે એમાં ખાંડ નાખી રહી છે. પરંતુ એ વ્યક્તિ જ્યારે પૂછે : 'કેટલી ચમચી ?' ત્યારે આપણે એની સામે જોઈએ તો એની આંખો જ આપણા ધ્યાનપ્રદેશમાં હોય છે. આ બન્ને ક્રિયામાં ચાનો કપ કે એની આંખો સિવાયના એ વ્યક્તિના બીજા બધા ભાગ આપણા કેન્દ્રિત ધ્યાનપ્રદેશની બહાર (ડિફોક્સ થઈ) ચાલ્યા જાય છે. પરંતુ આ ક્રિયા દરમ્યાન પણ આપણું મન જો એ વ્યક્તિના હાથની ચમકતી વીંટી જોવા આતુર હશે તો ઉપરની બન્ને ક્રિયાઓ વચ્ચે કે એની આજુબાજુ ગમે ત્યારે, અજાગૃતપણે પણ, આપણી આંખ વીંટી તરફ ખેંચાશે.

માણસના આ મનને, એના ઇરાદાઓને, ફિલ્મનો

સાર્થક પ્રત્યાયન કરી શકે.

કારણ કે માણસની આંખ અને એનું મન એના ઇરાદા મુજબ સતત **આત્મપરક** (સબ્જેક્ટિવ) રીતે સહયોગી બનીને કામ કરતાં હોય છે, તે એટલે સુધી કે મન ઇચ્છે એ જ આંખ જુએ અને જાગૃતપણે સામી વ્યક્તિને ન દેખાડવું હોય. તો પણ **મનના હુકમે** આંખ પેલી વીંટી તરફ ખેંચાઈ જાય અને સામેની વ્યક્તિને ખબર પડી જાય કે ખાંડ તો ગમે તેટલી ચાલશે પણ આનું મન તો વીંટીએ વળગેલું છે!

જ્યારે દિગ્દર્શકનું આ ફિલ્મ માધ્યમ તો **વસ્તુપરક** (ઑબ્જેક્ટિવ) છે. એને કેમેરા, લેન્સ **'ત્રીજી' 'તટસ્થ'** વ્યક્તિ તરીકે દૃશ્ય ઝીલતું વસ્તુપરક યાંત્રિક/વીજાણુ સાધન છે. દૃશ્યમાં કે દૃશ્યોની વચ્ચે ક્યાંય પ્રવેશવાનો કે દૃશ્યશ્રાવ્ય સિવાય બીજું કંઈ કહેવાનો દિગ્દર્શકને અવસર જ મળતો નથી કે, 'જુઓ, આ દૃશ્યશ્રાવ્યમાં હું આમ કહેવા માગું છું, એ તમને સમજાય છે ને?'

અને તેથી એણે આ ગયા આખા સૈકા દરમ્યાન દૃશ્ય અને શ્રાવ્ય મુદ્રણનાં સાધનો વિકસાવવામાં, એની ક્ષમતા પળોટવામાં, મર્યાદા વળોટવામાં એક બાજુ ધ્યાન આપ્યું, તો બીજી બાજુ આ દૃશ્યશ્રાવ્યથી સબળ પ્રત્યાયન કરવા માનવીના મનને ફંફોસ્યું; એના ઇતિહાસ, સંસ્કૃતિ વગેરે સમજવા મથામણ કરી; શિલ્પ, ચિત્ર, નાટ્ય, સંગીત જેવી કલાઓમાંથી દોહી શકાય એટલું દોહ્યું, અને પ્રેક્ષકોના સ્વીકાર અને અસ્વીકાર મુજબ ફિલ્માંકનના અનેક પ્રયોગો કરતાં કરતાં એનો સર્જક આજે પુખ્ત બન્યો છે.

એ માટે એ અનેક પ્રયોગોથી એટલું પણ સમજ્યો છે કે આંખ જેમ મનથી દૃશ્યમાન ચીજ પર ધ્યાન કેન્દ્રિત કરે છે એ જ રીતે ખુલ્લા કાને ઝિલાતા અનેક ધ્વનિઓમાંથી કયો ધ્વનિ અત્યારે મહત્ત્વનો છે - એની મધુરતા, કર્કશતા કે એવી કોઈ વિશિષ્ટતાને લીધે જેથી એનો અર્થ પામી શકાય. માણસની શ્રવણ-શક્તિમાં જુદા જુદા ધ્વનિતરંગો (ફ્રિક્વન્સી) એકસાથે સાંભળી શકાતા હોવાથી અલગ અલગ ફ્રિક્વન્સીએ અનેક ધ્વનિઓ એકસાથે ગોઠવી ધ્વનિને (દૃશ્યને બરાબર સુસંગત તો ક્યારેક વળી વિશિષ્ટ અર્થો માટે અસંગત પણ રાખીને) પ્રયોજતાં આ દિગ્દર્શક અનુભવે શીખી ગયો છે. દા.ત. નદીકિનારે બે પાત્રો વચ્ચેની વાતની સાથે પાણીના વહેવાનો અવાજ, પંખીઓનો કલરવ અને પાત્રોની વાતને અનુરૂપ સંગીત મૂકીને દૃશ્યની ભાવ અને અર્થની સપાટીને દિગ્દર્શક ભારે પ્રત્યાયક બનાવી શકે છે. આ ધ્વનિ વિશે આપણે પછીથી વિગતે વાત કરવાના છીએ.

દૃશ્ય અને શ્રાવ્યને આધારે માનવીની બાકીની ત્રણ ઇન્દ્રિયોને પણ સંતોષ આપવાનું અને ઉશ્કેરવાનું દિગ્દર્શક શીખી ગયો છે. દૃશ્યશ્રાવ્યને એ રીતે પ્રયોજવામાં આવે (પાત્રો દ્વારા ઇંગિત થવા ઉપરાંત) કે જેથી પ્રેક્ષકને સુગંધ કે દુર્ગંધ આવે, દૃશ્યમાન ચીજની સપાટી મુલાયમ કે ખરબચડી અનુભવાય અને એ કડવી કે મધૂરી લાગે! કારણ કે ગંધ, સ્પર્શ અને સ્વાદની અનુભૂતિઓ પણ જે તે ચીજની સમગ્ર વાસ્તવિકતાનો ભાગ છે, અને ફિલ્મ જો પ્રેક્ષકોને એ ન અનુભવાવી શકે તો ફિલ્માંકિત વાસ્તવિકતા અધૂરી રહે.

ફિલ્મ-દિગ્દર્શક સામેનો સૌથી મોટો પડકાર એ છે કે, એને આ પાંચેય ઇન્દ્રિયોને સંતોષતાં કે ઉશ્કેરતાં એવાં દૃશ્યશ્રાવ્યો પ્રયોજવાં જોઈએ કે જેથી **સમૂહમાં બેઠેલાં અને સામૂહિક પ્રત્યાઘાતોના નિયમોમાંથી પ્રભાવિત બનેલાં પ્રેક્ષકોમાંથી દરેકને, વ્યક્તિગત રીતે પણ, અલગ અને આગવો કલાત્મક અનુભવ થાય!** અને એ થાય એનું કારણ એ પણ છે કે સમૂહની એ દરેક વ્યક્તિ પોતાના વિશિષ્ટ પૂર્વાનુભવોમાં નિરનિરાળી સપાટીએ હોય છે અને પ્રત્યાયન ગ્રાહ્ય કરવાની એમની ક્ષમતા પણ અલગ અલગ હોય છે. એ દૃષ્ટિએ કેટલાયને આ વસ્તુપરક માધ્યમ વધુ ક્ષમતાશાળી લાગ્યું છે. ફિલ્મના આ તત્ત્વને સમજીને જેમણે કવિતા, વાર્તા કે થિએટરમાં પ્રયોજ્યું છે, તેનાં પણ કેટલાંય સુફળો એના સર્જકો પામ્યા છે. માધ્યમોની આ આદાનપ્રદાનની લીલા વિશે પણ આપણે ક્યારેક વાત કરીશું. □

૧૦૦ ગ્રાહકોને 'કુમાર' એક વર્ષ માટે ભેટ

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની ટહેલના પ્રતિસાદરૂપે અમને મુંબઈના એક 'કુમાર'પ્રેમી સજ્જન તરફથી ૧૦૦ ગ્રાહકો માટે રૂ. ૧૦,૦૦૦ની રકમ ભેટ મળી છે તેમાંથી ૧૦૦ શાળા-મહાશાળાઓને એક વર્ષ માટે 'કુમાર' માસિક આ સજ્જન તરફથી ભેટ મોકલાશે. આ યોજનાનો લાભ લેવા માગતી શાળા-મહાશાળાઓએ પોતાનું નામ-સરનામું અમને તરત જ મોકલી આપવું. આ માટે જે તે શાળા-મહાશાળા 'કુમાર'ની ચાલુ ગ્રાહક ન હોવી જોઈએ. જ્યાં 'કુમાર' બિલકુલ ન જતું હોય તેવી જ શાળા-મહાશાળાઓએ અમને લખવું. વહેલો તે પહેલો એ ધોરણે 'કુમાર' ભેટ મોકલાશે. ૧૦૦ની સંખ્યા પૂરી થતાં આ યોજના બંધ થશે. સત્વરે આપની સંસ્થાનું નામ સરનામું મોકલી આપશો. આપના ગામનો પિન કોડ અચૂક લખશો.

ધરતીનો છેડો ઘર

દીવાનખંડ

• હેમન્ત વાળા •



દીવાનખંડ એ ઘરનો મહત્ત્વનો ભાગ છે. દુનિયામાં એવું એક પણ ઘર નહિ હોય કે જેમાં દીવાનખંડનો એક યા બીજી રીતે સમાવેશ ન થતો હોય. એક રૂમવાળા આવાસમાં પણ દીવાનખંડના હેતુ અનુરૂપ સ્થાન નિર્ધારિત હોય છે.


ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં દીવાનખંડના પ્રકાર, સ્થાન તથા રચના બદલાતાં રહ્યાં છે. ઘણી વાર દીવાનખંડ કોઈ ખંડ ન હોતાં ઝાડ નીચેની ખુલ્લી જગ્યા બની રહે છે, જ્યારે અન્ય સંજોગોમાં દીવાનખંડ એ હવાબંધ વાતાનુકૂલ ઓરડો પણ હોઈ શકે. દિવસના સમય તથા ઋતુના બદલાવ સાથે પણ દીવાનખંડનું સ્થાન તથા પ્રકાર બદલાઈ શકે. ગરમ તથા સૂકા પ્રદેશમાં બપોરના સમયે આવાસનો અંદરના ભાગનો ઓરડો દીવાનખંડ તરીકે ઉપયોગમાં લેવાય છે, જેમાં જાડી દીવાલો તથા બંધ બારી-બારણાંને કારણે ગરમી ઓછી પ્રવેશે. સાંજના સમયે જ્યારે બહારનું વાતાવરણ રમ્ય બને ત્યારે તે જ ઘરમાં ઓશરી કે તેથી પણ બહારની ખુલ્લી જગ્યા દીવાનખંડ તરીકે ઉપયોગમાં લેવાતી જોવા મળે છે.

ગ્રામ વિસ્તારમાં આજે પણ ખુલ્લી કે અર્ધ-ખુલ્લી જગ્યાનો દીવાનખંડ તરીકે મહત્તમ ઉપયોગ થાય છે. આવી જગ્યાની ઉપયોગિતામાં વૈવિધ્ય હોવાથી તથા મુલાકાતે આવનાર વ્યક્તિઓની સંખ્યાથી બાધ ઉત્પન્ન ન થતો હોવાથી તે પ્રકારનું દીવાન-સ્થાન વધુ કાર્યક્ષમ અને ઓછું ઔપચારિક હોય છે. ગરમ તથા ભેજવાળી આબોહવાવાળા પ્રદેશના પરંપરાગત ઘરોમાં દીવાનખંડ તરીકે વરંડાનો ઉપયોગ મહત્તમ રહે છે. કારણ કે આ પ્રકારની આબોહવામાં પવનનું મહત્ત્વ ઘણું હોય છે. જ્યારે ગરમ અને સૂકી આબોહવાવાળા પ્રદેશનાં ઘરોમાં દીવાનખંડ એ પ્રમાણમાં બંધિયાર ઓરડો છે.

ઘર-રચનાના વિકાસમાં દીવાનખંડ એ પાછળથી ઉમેરાયેલું અંગ હોવા છતાં આજના પરિપ્રેક્ષ્યમાં તે ઘરનું સૌથી મહત્ત્વનું અંગ બની રહ્યું છે. પ્રારંભિક આવાસ એ માત્ર ચીજ-વસ્તુના સંગ્રહ માટેનો ઓરડો માત્ર હતું જેમાં પાછળથી શયનકક્ષ ઉમેરાયો અને આમ ઘરમાં વિવિધ ઓરડાઓ જરૂરિયાત પ્રમાણે ઉમેરાતા ગયા. માનવી જેમ જેમ વધુ ને વધુ સામાજિક બનતો ગયો તેમ તેમ તેની દીવાનખંડની જરૂરિયાત વધતી ગઈ અને અંતે દીવાનખંડ પણ ઘરનું એક અંગ બની ગયું. દીવાનખંડ એ મહેમાનોની આગતા-સ્વાગત માટે વપરાતો ખંડ છે. અજાણી કોઈ પણ વ્યક્તિ ઘરમાં માત્ર દીવાનખંડ સુધી જ જઈ શકે છે અને ઘણી વાર જાણીતી વ્યક્તિઓનો પ્રવેશ પણ ત્યાં સુધી જ મર્યાદિત રખાય છે. આમ, દીવાનખંડમાં જ બહારની પ્રત્યેક વ્યક્તિ આવતી હોવાથી તેની રચના તથા સજાવટ થકી સમગ્ર આવાસની છબી બંધાય છે અને

પગથિયાંથી ડાઈનિંગ હૉલ જેમાં જુદો પડતો હોય તેવો] દીવાનખંડ [જેમાં સીડી આવતી હોય તેવો







તેથી જ વ્યક્તિ પોતાનો મોભો, પસંદગી તથા ચીવટ મહેમાનોને બતાવવાનો અહીં પ્રયત્ન કરે છે; જોકે આવા પ્રયત્નમાં હકીકત રજૂ કરવા કરતાં ભ્રમણા ઊભી કરવાની ઘેલછા પણ જોવા મળે છે. જે કંઈ હોય તે, પણ હકીકત તો તે જ છે કે દીવાનખંડ એ ઘરનું શૉ-કેસ છે જેને જોઈને બહારની વ્યક્તિ ઘર તથા તેમાં રહેતાં કુટુંબ વિષે ચોક્કસ ખ્યાલ બાંધી શકે.

મહેમાનોની આગતા-સ્વાગતા કરવા માટે દીવાનખંડની રચના કરવામાં આવતી હોવાથી તેમને માટે આરામદાયક તથા મનભાવન પરિસ્થિતિ રચવી તે દીવાનખંડનો મુખ્ય હેતુ છે. સાંપ્રત પરિસ્થિતિમાં જ્યારે નાની જગ્યામાં વધુ જરૂરિયાતો સમાવવી જરૂરી બને છે ત્યારે દીવાનખંડ એ માત્ર દીવાનખંડ ન રહેતાં સંજોગો પ્રમાણે ભોજનકક્ષ, ફૅમિલિ-રૂમ તથા રાત્રે શયનકક્ષ પણ બની રહે છે. આમ, દીવાનખંડની ઉપયોગિતામાં વિરોધાભાસી વૈવિધ્ય જરૂરી બને છે. તે ઉપરાંત દીવાનખંડમાં ઘણી વાર લાયબ્રેરી, મ્યૂઝિક રૂમ, હૉબિ રૂમ તથા ટી.વી. રૂમ જેવા કાર્યહેતુઓનો પણ સમાવેશ કરાય છે. આમ, દીવાનખંડ માત્ર દીવાનખંડ ન રહેતાં બહુ-ઉપયોગી સ્થાન બની રહે છે.

દીવાનખંડનું સ્થાન સામાન્ય રીતે ઘરના પ્રવેશદ્વાર નજીક હોય છે. જેથી બહારની વ્યક્તિની ઘરની અંદર બિનજરૂરી આવનજાવન ઘટાડી શકાય. જો કે ઘરમાં દીવાનખંડનું સ્થાન દીવાનખંડની ઔપચારિકતાની માત્રા તથા મુલાકાતે આવનાર વ્યક્તિઓના જે તે કુટુંબ સાથેના સંબંધ પર અવલંબે છે. જો મુલાકાતે આવનાર વ્યક્તિ કુટુંબની નજીકની હોય તો તેની ઘરની અંદરની આવનજાવન નડતરરૂપ લેખાતી નથી; પણ જો મુલાકાતે આવનાર વ્યક્તિ સાવ અજાણી હોય તો પરિસ્થિતિ ભિન્ન બની રહે. તેથી ઘણી વાર પરંપરાગત તેમજ સાંપ્રત આવાસોમાં પણ બે દીવાનખંડ જોવા મળે છે; એક સાવ અપરિચિત કે અલ્પપરિચિત વ્યક્તિઓ માટે તથા અન્ય પરિચિત તેમજ સંબંધી વ્યક્તિઓ માટે. સામાન્ય રીતે પ્રથમ પ્રકારના દીવાનખંડમાં ઔપચારિકતાનું મહત્ત્વ વધારે રહે છે, જ્યારે પરિચિત વ્યક્તિઓ માટેનો દીવાનખંડ અનૌપચારિક તેમજ ઘરના અંદરના ભાગમાં પણ હોઈ શકે. આવો દીવાનખંડ ઘણી વાર ફૅમિલિ રૂમ તરીકે પણ ઉપયોગમાં લેવાતો

દીવાનખંડ ને ભોજનખંડમાં કૃત્રિમ પ્રકાશનું વિવિધ આયોજન






દીવાનખંડ સાથે ભોજનખંડને આવનજાવનના
માર્ગથી અલગ પાડી શકાય

હોય છે. આમ, દીવાનખંડની ઔપચારિકતાની માત્રા દીવાનખંડનું સ્થાન નક્કી કરવામાં મહત્ત્વની બને છે. વળી, દીવાનખંડનું સ્થાન ઘરની બહારની ખુલ્લી જગ્યા કે બગીચા તરફ પણ રખાય છે અને તે જગ્યા કે બગીચા તરફના દીવાનખંડનાં બારણાં મોટાં રખાય છે, જેથી જરૂર પડે ત્યારે દીવાનખંડનાં બારણાં ખોલી નાખવાથી દીવાનખંડની પ્રવૃત્તિઓ તે બગીચા કે ખુલ્લી જગ્યામાં પ્રસરી શકે.


દીવાનખંડને સામાન્ય રીતે બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય : ઓપન પ્લાનવાળો બિનનિર્ધારિત દીવાનખંડ તથા ક્લોઝ્ડ પ્લાનવાળો નિર્ધારિત દીવાનખંડ. બિનનિર્ધારિત દીવાનખંડમાં વૈવિધ્યપૂર્ણ રીતે રાચરચીલાની ગોઠવણ શક્ય હોય છે. આમાં દીવાનખંડનું માપ જરૂરિયાત કરતાં વધારે હોવાથી રાચરચીલાના સમાવેશ તથા ગોઠવણ બાબતે બાધ નહિવત્ રહે છે. વળી, અહીં ખંડ મોટો હોવાથી રાચરચીલા વચ્ચેનું અંતર અનિચ્છનીય રીતે વધી ન જાય તેથી રાચરચીલાને દીવાલને અડાડીને ગોઠવાતું નથી. આ પ્રકારના દીવાનખંડમાં નિર્ધારિત ન થતી હોય તેવી બિનઉપયોગી ખાલી જગ્યા વધુ રહે છે, તેથી એક પ્રકારની મોકળાશનો અનુભવ થાય છે. આવા દીવાનખંડમાં રાચરચીલું તેની જગ્યાએ જડી પણ દેવાતું હોય છે.

ઘરના અન્ય ઓરડાઓની જેમ દીવાનખંડ પણ સામાન્ય રીતે ચોરસ કે લંબચોરસ હોય છે. લંબચોરસ દીવાનખંડમાં રાચરચીલાની ગોઠવણ વધુ સુગમ રહે છે. વળી, તેમાં નાના બે ગ્રૂપમાં બેઠક પણ બનાવી શકાય. લંબચોરસ દીવાનખંડમાં ટી.વી. જોવા માટે ઇચ્છનીય અંતર પણ સહજ રીતે મળી રહે અને ખંડની અંદરની આવનજાવન જરૂરિયાત પ્રમાણે ઘટાડી શકાય. સાંપ્રત સમયમાં દીવાનખંડને ખાસ મહત્ત્વ આપવા અને તેને અલાયદું બનાવવા માટે તેને વિવિધ આકારો અપાય છે. આ પ્રમાણે બનાવાતા ગોળાકાર દીવાનખંડમાં રાચરચીલું જરૂરિયાત પ્રમાણે જ્યાંનું ત્યાં જ બનાવવું પડે છે. અષ્ટકોણીય કે ષટ્કોણીય દીવાનખંડમાં તે પ્રકારની મર્યાદા ઓછી રહે છે. આવા ગોળ, અષ્ટકોણીય કે ષટ્કોણીય દીવાનખંડમાં પ્રત્યેક બેઠક કેન્દ્રથી સરખા અંતરે હોવાથી પ્રત્યેક બેઠકને - અને તેથી પ્રત્યેક મુલાકાતીને - સરખું મહત્ત્વ મળે છે.

નિર્ધારિત પ્રકારના દીવાનખંડમાં રાચરચીલાંની ગોઠવણીમાં
વૈવિધ્ય ખૂબ મર્યાદિત હોય છે.



બિનનિર્ધારિત પ્રકારનો દીવાનખંડ જરૂરિયાત કરતાં મોટા
પ્રમાણમાપવાળો હોય છે



દીવાનખંડની રચનામાં બારી-બારણાંનું મહત્ત્વ ઓછું નથી. દીવાનખંડમાં જો બારણાં યોગ્ય સ્થાને ન મુકાયાં હોય તો બિનજરૂરી આવનજાવન વધી જાય અને ખંડની ઉપયોગિતામાં અડચણ આવે. વળી, તેવા સંજોગોમાં રાચરચીલાની ગોઠવણ પણ જટીલ બને. દીવાનખંડની બારીની ગોઠવણમાં કુદરતી હવા-ઉજાસ, બહાર દેખાતું દૃશ્ય તથા બહારના ઘોંઘાટનો શક્ય પ્રવેશરોધ મહત્ત્વનાં છે. તે ઉપરાંત આવાસનું બહારનું એલિવેશન પણ બારીની રચનાને અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. દીવાનખંડના રાચરચીલાની ગોઠવણ વખતે જે તે બેઠક પર આવનારો સંભવિત તડકો, હવાની દિશા તથા ટી.વી.ના પડદા પર પડી શકનાર પ્રકાશને ધ્યાનમાં રાખવાં પડે છે.

દીવાનખંડમાં કૃત્રિમ પ્રકાશ માટે બે પ્રકારનાં ઉપકરણો પ્રયોજાય છે : એક, સામાન્ય પ્રકાશ માટેનાં ઉપકરણ તથા અન્ય ખાસ-નાટકીય પ્રકાશ માટેનાં ઉપકરણ. આમ તો દીવાનખંડમાં સામાન્ય પ્રકાશ પ્રયોજાતો હોય છે, પરંતુ ઘણી વાર દીવાનખંડમાં મૂકેલ કેટલીક મૂર્તિ કે ફુવારા જેવી ચીજ-વસ્તુઓને ઉપસાવવા તેની પર ખાસ પ્રકારની ગોઠવણ કરાય છે. દીવાનખંડમાં પ્રકાશનું સ્તર નીચું રહે તે ઇચ્છનીય છે. કારણ કે આંખોને શ્રમ પડે તેવું કાર્ય અહીં કરવાનું હોતું નથી. કૃત્રિમ પ્રકાશ-સ્રોતની ગોઠવણમાં પણ ટી.વી. પર સીધો પ્રકાશ ન પડે તેનું ધ્યાન રાખવું જરૂરી છે અને તેથી જ પરાવર્તિત પ્રકાશ મેળવવા ઘણી વાર પ્રકાશના સ્રોતને પેલ્મેટ કે કૉર્નિશ પાછળ ઢાંકી દેવાય છે.

દીવાનખંડની સજાવટ વ્યક્તિ/કુટુંબની પસંદગી, જીવનશૈલી તથા મોભા પ્રમાણે થતી હોય છે. આ સજાવટ પ્રમાણમાં સાદી પણ આકર્ષક બનાવવી જોઈએ અને બિનજરૂરી ભપકો ન કરવો જોઈએ. રાચરચીલાનો પ્રકાર પણ ઘરની સ્થાપત્ય શૈલીને અનુરૂપ હોવો જોઈએ. દીવાનખંડની સજાવટમાં આવકારતી ઉષ્મા હોય તે જરૂરી છે. વળી, તેમાં તે રાચરચીલું સ્થાયી કે ખસેડી શકાય તેવું હોઈ શકે, પણ બંને સંજોગોમાં તેની મજબૂતાઈ મહત્ત્વની બને છે. દીવાનખંડના રાચરચીલાની પસંદગીમાં પ્રચલિત વલણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

દીવાનખંડની સજાવટ માટે બારી-બારણાં પર પડદા કે વેનેશિયન બ્લાઈન્ડ્સ, નીચે તળિયે કારપેટ, ગાલીચા, સિરામિક ટાઈલ્સ, ટેરેઝો કે આરસ તથા ગ્રેનાઈટ જેવા પથ્થરો જડી શકાય. દીવાનખંડની દીવાલ પર ધોઈ શકાય તેવા રંગકામ ઉપરાંત પૅનલિંગ, તથા પથ્થરનું ક્લેડિંગ કરી શકાય અને જરૂર જણાય તો વૉલપેપર, પોસ્ટર કે કાચ પણ જડી શકાય. દીવાનખંડની આવી કોઈ પણ સજાવટ પસંદ કરતાં પહેલાં દીવાનખંડની સૌમ્યતા જળવાય છે કે નહિ તે જોવું જરૂરી છે.

દીવાનખંડ એ ઘરનું મોઢું છે, જે ઢાંકી શકાતું નથી. પ્રત્યેક વ્યક્તિ તે મોઢાને જોઈ શકે છે અને તેથી આ મોઢું યોગ્ય રીતે રચાયું તથા સજાવાયું હોય તે ઇચ્છનીય છે. □

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૩૩૮થી

દેશપાંડે, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૧૯૫, [કિં. રૂ. ૨૫) ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં અફીણની બદીને કારણે કસુંબાને અફીણ સાથે ગુજરાતી શબ્દકોશોમાં સાંકળવામાં આવેલ છે; અંગ્રેજી : સંસ્કૃત - હિંદી - મરાઠી - શબ્દકોશોમાં નહિ, આયુર્વેદમાં નહિ, લૅટિન ભાષામાં નહિ.

શ્રી મેઘાણી લોકસાહિત્યના પ્રહરી, ડાયરાના માણસ, પરંતુ કસુંબાના માણસ - અફીણી હોવાનું જાણ્યું નથી. તો પછી 'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' કયા સંદર્ભમાં પ્રયોજવામાં આવેલ છે? શ્રી કનુભાઈ જાની કયા સંદર્ભમાં 'કસુંબલ રંગ' પ્રયોજે છે? 'કસુંબી' કાવ્યહેતુ 'કસુંબા'નું રૂપાંતર છે.

કસુંબાનો છોડ જંગલી કેસરના છોડમાંથી ઊતરી આવ્યો હોવાનું પણ મનાય છે અને એટલે બાસ્ટાર્ડ સેફ્રન, ફૉલ્સ સેફ્રનની સંજ્ઞા પણ આપવામાં આવેલી છે.

કરડીનું ખાદ્યતેલ સુખ્યાત છે, ખાદ્યનિયમ અ. ૧૭.૦૯ હેઠળ તેનું ધોરણ નિયત કરવામાં આવેલ છે.

રંગના ઘટકો છે : કારથેમોન (કારથામિન), સ્કારલેટ રેડ, સેફ્ફલાવર યેલો, લાલપીળો ચટક રંગ

પિરામિડ્સમાં કસુંબાનો રંગ : ન્યૂ યૉર્કના વિશ્વવિખ્યાત મેટ્રોપોલિસ મ્યૂઝિઅમ ઑફ આર્ટમાં પ્રવેશતાં ભોંયતળિયે જમણા હાથે ઇજિપ્તના પુરાતત્ત્વીય અવશેષોનો વિશાળ ખંડ છે, જેમાં અનેક રંગબેરંગી મમીઝ અને તેની પેટીઓ છે. ઇજિપ્તનાં મમીઝનાં કપડાંને રંગવા માટે કરડીનો પુષ્પ રંગ વપરાયો છે, છોડ અને તેનાં બીજના અવશેષો પિરામિડમાંથી સાંપડ્યા છે. પ્રાચીનતા ત્રણેક હજાર વર્ષો.

૧. ધ વેલ્થ ઑફ ઇન્ડિયા - રૉ મટિરિઅલ્સ શ્રેણી, નવી સંવર્ધિત આવૃત્તિ, ગ્રંથ ૩, ૧૯૯૨, પૃ. ૩૦૨.

૨. ધ કમર્શલ પ્રોડક્ટસ ઑફ ઇન્ડિયા, સર જ્યૉર્જ વૉટ, સંક્ષેપ આવૃત્તિ, ઈ.સ. ૧૯૦૮, પૃ. ૨૭૭.

૩. પ્રસ્તુત મ્યૂઝિઅમ ગાઈડ બુક, પૃ. ૧૫૧.

પ્રસ્તુત મ્યૂઝિઅમમાં ઇજિપ્તની નાનીમોટી પાંત્રીસ હજાર કલાકૃતિઓ છે. મ્યૂઝિઅમમાં માત્ર લટાર મારતાં પાંચ-છ કલાક લાગે.

ત્રણેક હજાર વર્ષો પૂર્વે ઇજિપ્તનાં મમીઝનાં કપડાંને રંગના કસુંબાની કાળાંતરે અફીણના નશામાં અધોગતિ ! અને તે પણ ગુજરાતમાં (સૌરાષ્ટ્રમાં-કચ્છમાં) ટી. બી. ગણાત્રા (મુંબઈ)



આપણા સ્વરકાર (૭)

અવિનાશ વ્યાસ

● નટરાજ બ્રહ્મભટ્ટ ●

આપણે ત્યાં કેટલાક પ્રજાવત્સલ રાજવીઓએ અને કેટલાક બાદશાહોએ બહુજન હિતાય અને બહુજન સુખાય એવા શુદ્ધાશયથી નગરોની નવરચના કરી છે એવાં દૃષ્ટાંતો ઇતિહાસમાં આજે પણ ઝળહળે છે. આમ, એક શબ્દકાર સ્વરકાર લોકહૃદયનો રાજવી થઈ જનમનરંજન અર્થે 'ગીતનગર' વસાવે એવું તો અવિસ્મરણીય અને આદરણીય નામ એક જ છે અને તે અવિનાશ વ્યાસ. ચારેક દાયકા લગી સાડા બાર હજાર જેટલી ગીતરચનાઓ એમણે આપી છે.

અમદાવાદના ખૂબ જાણીતા ખાડિયા વિસ્તારની ગોટીની શેરીમાં આનંદશંકર વ્યાસને ત્યાં ૧૯૧૨ની ૨૧મી જુલાઈના રોજ મણિબાની કૂખે અવિનાશ અવતર્યા. આ બાળકને ખૂબ માનપાન સાથે સાહિત્ય અને સંગીતના સંસ્કાર માવતર તરફથી મળતા રહ્યા.

કાંકરિયા વિસ્તારની ખ્યાતનામ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં અવિનાશ અભ્યાસ કરતો હતો ત્યારે વર્ગશિક્ષકે વિદ્યાર્થીઓને નિબંધ લખવાનું કહ્યું. આ એક જ વિદ્યાર્થીએ ત્યારે નિબંધ લખવાને બદલે ગીતરચના કરી. વર્ગશિક્ષકને આ ગીતરચના ગમી એટલે આ સંસ્થાના જાણીતા કેળવણીકાર દીવાન બલ્લુભાઈને એ બતાવી. દીવાનસાહેબે જાતે વર્ગમાં આવી અવિનાશને કહ્યું. 'અલ્યા, તું તો ગુજરાતનો રવીન્દ્રનાથ ટાગોર થવાનો છે કે શું?' આ નાનેરા નાગરે ઠાવકાઈથી ઉત્તર આપ્યો, 'ના જી, હું તો ગુજરાતનો અવિનાશ વ્યાસ થવાનો છું, કિશોર અવિનાશના આત્મવિશ્વાસયુક્ત શબ્દો વર્ષો પછી સાચા પડ્યા !

આ યુવાનની કારકિર્દીની શરૂઆત મિલની નોકરીથી થઈ. એમના ગીતના શબ્દોને 'ઘાયલ ને પાયલ બે છુપ્યા છુપાય નહિ' - એ રીતે શબ્દ અને સ્વરનો સળવળાટ ભીતરમાં શરૂ થયો. એક બાજુ ક્રિકેટની રમતનો આ કિશોરને ભારે શોખ જાગ્યો. નાનીમોટી ક્રિકેટમૅચમાં એનો દમદાર દેખાવ થતો રહ્યો.

એ અરસામાં પ્રકાશ ટૉકિઝમાં ચાલતા નાટ્યપ્રયોગમાં આ કલાકાર પહોંચી ગયો. ક્રિકેટ મૅચમાં રમતાં મેચીઝ બોલથી ઘવાયેલો હાથ ઝોળીમાં રાખી 'કોઈ કહેશો ચાંદલિયો શાને થયો ?' ગીતનું સ્વસ્થતાથી સુન્દર સંચાલન કર્યું. ત્યાં ઉપસ્થિત પ્રેક્ષકોએ આ ગીત પૂરું થતાં અવિનાશને હર્ષભેર વધાવ્યા. એ જ રીતે એક વાર મિલમજૂરની ભૂમિકા એમના મધુર અવાજે ગીત ગાઈ ભજવેલી ત્યારે પણ લોકસમુદાયે આ કલાકારને સારી રીતે બિરદાવેલા.

કલાકાર અવિનાશના અવારનવાર થતા ગીતસંગીતના કાર્યક્રમોથી એ સૌના લાડીલા કલાકાર બની ગયા. અમદાવાદના ખાડિયા વિસ્તારની મહાલક્ષ્મીની પોળમાં એમના માનીતા મિત્ર બાબુભાઈ મહેતાને ત્યાં અવારનવાર શબ્દ-સૂરની રંગતભરી રાવઠી જામવા લાગી.

એમના સૂતેલા નસીબે આળસ મરડી હોય એમ ૧૯૩૯માં મુંબઈના મહેમાન મટી કાયમના યજમાન બની રહ્યા. મુંબઈમાં આવતાંની સાથે જ એમની કર્ણરંજક સ્વરરચના અને મધુર અવાજને આકાશવાણી દ્વારા સારો એવો આવકાર મળતો રહ્યો. એવામાં 'યંગ ઇન્ડિયા' જેની જાણીતી રેકૉર્ડ કંપની દ્વારા એમની ગીતરચના અને સ્વરરચના રેકૉર્ડ થતાં મુંબઈમાં અવિનાશભાઈ સૌના માનીતા સંગીતકાર બની ગયા ! હવે તો એમની શબ્દરચના અને સ્વરરચનાની સુવાસ એવી પ્રસરતી રહી કે એચ.એમ.વી. જેવી માતબર રેકૉર્ડ કંપનીએ એમની ઢગલાબંધ બંદીશોની રેકૉર્ડ ઉતારી. આમ, અવિનાશ વ્યાસ મુંબઈમાં ચારેકોર છવાઈ ગયા.

૧૯૪૪માં અવિનાશ વ્યાસનું નામ હિન્દી ચિત્ર 'અનસૂયા'ના સંગીતકાર તરીકે પહેલવહેલું ઝળક્યું. આ સંગીતની સુવાસ છેક ચંદુલાલના કાન સુધી પહોંચી. આ ચિત્રનિર્માણ સંસ્થાના નેજા હેઠળ પ્રથમ ગુજરાતી ચિત્ર 'ગુણસુન્દરી'નું સંગીત-સંચાલન અવિનાશ વ્યાસને સોંપાયું. સ્ટુડિઓમાં ચિત્રજગતની જાણીતી હસ્તીઓની હાજરીમાં રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, પ્રભુલાલ દ્વિવેદી, પ્રફુલ્લ દેસાઈ જેવા નાટકજગતના નીવડેલા કવિઓની કૃતિઓની અવિનાશભાઈએ કરેલી બન્દીશો એક પછી એક સંભળાવતા રહ્યા અને સરદાર ચંદુલાલ એમનું મસ્તક અણગમાથી ધુણાવતા રહ્યા. એમની બંદીશો આ કવિઓની રચનાઓ સાથે જામી નહિ. ૧૯૪૮ની સાલના એ જ દિવસે બપોર પછી ફરી ડાયરા સમક્ષ બેઠક શરૂ થઈ. ગુણવંતરાય આચાર્યના સૂચનથી અવિનાશભાઈની પોતાની ગીતરચના 'ભાભી તમે થોડાં થોડાં થાવ વરણાગી' રજૂ થઈ. વાતાવરણ ઘડીકમાં વરણાગી થઈ ગયું. એક પછી એક

ચડિયાતી રચનાઓ રજૂ થતી રહી અને ડાયરો ડોલવા લાગ્યો. સરદાર ચંદુલાલ રંગમાં આવી ગયા. બસ, અવિનાશ વ્યાસને શબ્દકાર અને સ્વરકાર તરીકે વધાવી લીધા. 'ગુણસુંદરી' ચિત્રની રજૂઆત થતાં જ અવિનાશ વ્યાસનો સંગીતકાર અને ગીતકાર તરીકે ગુજરાતના ગામેગામ ડંકો વાગી ગયો. ત્યાર પછી 'મંગળ ફેરા' ચિત્રના 'રાખનાં રમકડાં' ગીતની રેકોર્ડનું વિક્રમી વેચાણ થતાં એચ.એમ.વી. કંપનીએ અવિનાશભાઈનાં ગીતના આદર અને કદર રૂપે દસ તોલાનો સુવર્ણચંદ્રક અને સાથે રૂપિયા સાડા ત્રણ હજાર રોકડા એનાયત કરી બહુમાન કર્યું. મુવીટોન કંપની દ્વારા આ સ્વરકારને મોટરકાર ઑસ્ટિનની ભેટ મળી. 'ગાડાનો બેલ' અને 'મ્હેંદી રંગ લાગ્યો' જેવાં સંગીતપ્રધાન ચિત્રોએ અવિનાશભાઈને ચમકાવ્યા. હવે તો દરેક ગુજરાતી ચિત્રમાં ગીતસંગીત અવિનાશ વ્યાસનાં હોય એ વાત અનિવાર્ય બની રહી. વચ્ચેના ગાળામાં ગુજરાતી ચિત્રનિર્માણમાં મંદીનું મોજું ફરી વળેલું પણ ફરી જ્યાં સૌરાષ્ટ્રનાં સંત, સતિ અને શૂરવીરતાની યશોગાથાથી ગુંથાયેલાં ચિત્રોની મોસમ જામતાં અવિનાશભાઈએ ધોધમાર ગીતો ને મુશળધાર સૂરહેલી વરસાવી દીધી. આ સમયમાં અવિનાશભાઈએ ગુજરાતી કલાકાર પ્રફુલ્લ દવે, હર્ષદા રાવળ, દિવાળીબહેન ભીલ, દમયંતી બરડાઈના કંઠને અજમાવ્યા અને જમાવ્યા. 'એક લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ', 'મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ', 'મણિયારો તે હલુ હલુ' જેવાં પરંપરાગત લોકગીતોને પણ લોકપ્રિયતાથી અજવાળ્યાં. હિન્દી ચિત્રોમાં પણ અવિનાશભાઈએ સંગીતકાર તરીકે નામના મેળવી. અવિનાશભાઈનાં સંગીતનિર્દેશિત ચિત્રોનો આંકડો ૨૫૦ સુધી પહોંચ્યો ! સિનેસૃષ્ટિમાં એમણે જેમ સ્વરશાસન કર્યું તેમ સુગમ સંગીતમાં પણ અજોડ રહ્યા.

અવિનાશભાઈના એક ગીતે ઇંગ્લન્ડમાં એવી ધૂમ મચાવેલી કે આશા ભોંસલેએ અવિનાશભાઈને કોલ કરી તાબડતોબ મુંબઈથી લંડન બોલાવ્યા. અવિનાશભાઈએ એમની માનીતી રચના 'તારી બાંકી તે પાઘલડીનું ફૂમતું રે'ની રજૂઆતથી પરદેશમાં વસતા ગુજરાતીઓ ઝૂમી ઊઠ્યા.

અવિનાશભાઈની આદ્યશક્તિ મા અંબાજી વિષેની સ્તુતિ અને ગરબા લોકોને ખૂબ સ્પર્શી ગયાં છે એનું કારણ અને તારણ એ મળ્યું છે કે, એમને માતાજીમાં અપાર શ્રદ્ધા રહી છે. આ ભક્તિભાવે જ 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો' જેવી રચના થઈ છે.

ભારત સરકાર દ્વારા આપણા દેશના અગિયાર ચુનંદા કલાવિદોને જર્મન સરકારના નિમંત્રણથી મોકલેલા એમાં ગુજરાત તરફથી અવિનાશભાઈને મોકલ્યા હતા. ત્યાં યોજાયેલા સમારોહ અને સમારંભોમાં ગુજરાતી સંગીતની રજૂઆતને સારી પ્રશંસા મળી હતી. જર્મન સરકારે આ અગિયાર તજ્જ્ઞોને યુરોપ મોકલવાની પોતાને ખર્ચે વ્યવસ્થા કરી. દિવાળીના દિવસો નજીક હોઈ ભાઈબીજે અંબાજી જવાના નિયમને નિભાવવા અવિનાશભાઈ એમના સાથી મિત્રોના અતિ આગ્રહને આવકાર્યા વિના મુંબઈ આવી ગયા અને ભાઈબીજને દિવસે અંબાજી જઈ આવ્યા. ત્યારે મુંબઈ ઘરે આવીને જોયું તો ઈટાલીની સરકારે અવિનાશભાઈને ગુજરાતી સંગીત પીરસવાના કાર્યક્રમોનું નિમંત્રણ પાઠવેલું.

એમની ભક્તિરચનાનો પણ આપણે ત્યાં એક ચાહક વર્ગ છે. ભાવનગરમાં આઈ.એન.ટી. દ્વારા 'જેસલતોરલ' નાટક રજૂ થયું એમાં અવિનાશભાઈની 'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની' ભક્તિરચના ભાવનગરના નરેશ કૃષ્ણકુમારજીના ભીતરને એવી હલાવી ગઈ કે બીજે દિવસે એમના મહેલમાં અવિનાશભાઈની સંગીત બેઠક રાખી આ ભજન રેકોર્ડ કરી લીધું.

અવિનાશભાઈની નૃત્યનાટિકા એ તો આપણા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નવલું નજરાણું. એમાં ય 'મીરાંબાઈ' અને 'રામશબરી' તો અજોડ અને અનન્ય નીવડેલી નૃત્યનાટિકાઓ છે. 'મહેંદીનાં પાન' એમનો આસ્વાદવા જેવો નૃત્યનાટિકા-સંગ્રહ છે.

એમનાં ગીત-ગરબા, ગઝલ, ભજનો આપણાં ખુશી-આનંદનો અદ્ભુત અખૂટ ખજાનો છે. 'કેમ રે વિસારી ઓ વનના વિહારી તારી રાધાદુલારીને કેમ રે વિસારી'માં વ્રજવનિતાની વિરહ-વ્યથા ઝમતી અનુભવાય છે. કન્યાવિદાયનું ગીત 'ધીરે રે છેડો રે ઢોલી ઢોલકાં' - આ કરુણ ગીતોને આશા ભોંસલેના ભાવવાહી અવાજે અમર કર્યાં છે. 'છેલાજી રે મારે સાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો રે', 'ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહિ' જેવા અનેક ગીતગરબા આશા ભોંસલેના કંઠની કરામતે સોનામ્હોર જેવાં ચમકતાં રહ્યાં છે.

'રંગલો જામ્યો કાલિન્દીને ઘાટ', 'હે કાળુડા કાન જરા માનમાં રહીએ', 'માણિગર મોરલી ના એવી છેડોજી', 'અમે મહિયારા કંસરાજાના' - આ બધા રાસની રમઝટ કે જમાવટ કરવા પુરુષોત્તમ ઉપાધ્યાયનો નિત્ય હરિત કંઠ જ સમર્થ છે.

અવિનાશભાઈના સ્વકંઠે એમની બે ઉત્કૃષ્ટ રચનાઓ 'તેં પથ્થર પસંદ કેમ કર્યો' અને 'મારા રામ તમે સિતાજીની તોલે ન આવો'ની રજૂઆત સાંભળી કહેવાનું મન થાય કે અવિનાશભાઈની તોલે કોઈ ન આવે !


અવિનાશભાઈનાં વૃન્દગીતો તો પ્રત્યક્ષ સાંભળીએ તો ભયો ભયો થઈ જાય. 'હુતુતુતુ જામી રમતની ઋતુ - કટ્ટમ કટ્ટી કટો કટી', 'ચરર ચરર મારું ચગડોળ ચાલે' - આવાં તો કેટલાંય ઉત્સવગીતો સાંભળી લોકો ઝૂમી ઊઠે છે. અવિનાશ વ્યાસની ગીતરચનામાં ધ્યાનાકર્ષક બાબત હોય તો વિપુલ વિષયવૈવિધ્ય.

(અનુસંધાન પૃ. ૩૬૬ ઉપર)


ક્ષ-કિરણો અને સ્ફટિકવિદ્યા

ડૉ. સુધીરભાઈ પંડ્યા
પ્રહ્‌લાદ છ. પટેલ

ક્ષ-કિરણોની શોધ બાદ ક્રમશઃ તેના ગુણધર્મોનો અભ્યાસ થયો. રૉંજનની પત્નીના પંજાની પ્રથમ ક્ષ-કિરણ તસ્વીર દ્વારા તેની ભેદનશક્તિનો સૌકોઈને ખ્યાલ આવ્યો. આવા ક્ષ-કિરણોની તરંગલંબાઈ આશરે 1A° જેટલી હોય છે. (1A°=10^{-10} મીટર થાય.). આ તરંગલંબાઈ એટલી બધી નાની છે કે જે માણસની આંખના દૃષ્ટિપટલ (રૅટિના) ઉપર વસ્તુનું પ્રતિબિંબ ઉપસાવવા નિષ્ફળ જાય છે. આથી ક્ષ-કિરણો અદૃશ્ય છે. પાછળથી એ પણ જાણી શકાયું કે ક્ષ-કિરણો વિદ્યુત ચુંબકીય વિકિરણનો સૂક્ષ્મ તરંગલંબાઈ ધરાવતો ભાગ છે. ક્ષ-કિરણોનો અંતર્ગત અભ્યાસ વિવર્તનની ઘટના વડે થઈ શકે છે. પ્રકાશનું તરંગ કિરણ કોઈ માધ્યમ અથવા નડતરની ધાર પાસેથી પસાર થાય છે ત્યારે તે સહેજ વાંકું વળે છે. પદાર્થની ધાર આગળ વિકિરણ અથવા પ્રકાશના કિરણની વાંકા વળવાની ઘટનાને વિવર્તન કહે છે. વિવર્તનની પ્રક્રિયા પ્રકાશની તરંગલંબાઈ અને માધ્યમ કે નડતરના પરિણામ ઉપર આધાર રાખે છે. જેમ પ્રકાશની તરંગલંબાઈ વધુ અને માધ્યમનું પરિમાણ નાનું તેમ વિવર્તન વધુ. ક્ષ-કિરણોના વિવર્તન માટે પદાર્થ સૂક્ષ્મ એટલે કે પરમાણુ જેવડો હોવો જોઈએ. પરમાણુઓ 1A°ના અંતરે ગોઠવાયેલા હોય તો ક્ષ-કિરણોના વિવર્તનની ભાત જોવા મળે. તે માટે સ્ફટિક કામ લાગે. પણ તે સમયે સ્ફટિકના બંધારણની જાણકારી ન હતી. એટલે સ્ફટિકનો અભ્યાસ ઓછી તરંગલંબાઈવાળા વિકિરણથી શક્ય છે. મરઘીમાંથી ઈંડું અને ઈંડાથી મરઘીની જેમ ક્ષ-કિરણોથી સ્ફટિકનો અને સ્ફટિકથી ક્ષ-કિરણોનો અભ્યાસ પૂરક બનતો ગયો.



આકૃતિ - ૧]



[આકૃતિ - ૨

સ્ફટિક વડે ક્ષ-કિરણોના વિવર્તનથી ઘણીબધી રાસાયણિક અને જૈવિક સંરચનાઓ સુનિશ્ચિત થઈ શકી. આવા પ્રયોગોનાં પરિણામોથી રાસાયણિક બંધનો (bonds)નો સિદ્ધાંત તૈયાર થઈ શક્યો. વિવિધ પ્રોટીનો અને ન્યૂક્લીક ઍસિડની ત્રિ-પારિમાણિક રચના અને તેમનાં કાર્યોની જાણકારી ઉપલબ્ધ થઈ શકી. ક્ષ-કિરણ-સ્ફટિકવિદ્યાને આધારે લાખો પરમાણુઓ ધરાવતા વિષાણુ (virus)ની સંરચના નિશ્ચિત થઈ શકી.

હીરો, મીઠું કે સાકરનો ગાંગડો સ્ફટિક છે. સ્ફટિકમાં પરમાણુઓ કે અણુઓ વ્યવસ્થિત, નિયમિત અને નજીક નજીક હારમાં ગોઠવાયેલા હોય છે. લગભગ 1A°ના અંતરે ગોઠવાયેલા પરમાણુઓ વડે ક્ષ-કિરણોની વિવર્તન ભાત આકૃતિ-૧માં દર્શાવી છે. એક જ તરંગલંબાઈવાળી ક્ષ-કિરણાવલીની સામે સ્ફટિક રાખી તેને સતત ઘુમાવવામાં આવે તો તેજસ્વી ટપકાં દેખાશે. સ્ફટિકને આગળ ઘુમાવતાં તે અદૃશ્ય થશે. ટપકાં નિયમિત રીતે દૃશ્યમાન થતાં રહે છે. કારણ કે સ્ફટિક સંમિતિ (symmetry) ધરાવે છે. આ રીતે વધુ અણુભાર ધરાવતા પ્રોટીનના સ્ફટિકનો અભ્યાસ સરળ છે. પ્રોટીનનો ૧ મિલિમીટર^{3} (કાબુલી ચણાના એક દાણા જેટલું કદ) કદનો સ્ફટિક આશરે 10^{16} પરમાણુઓ ધરાવે છે.

મીઠાનો સ્ફટિક (NaCL) બે પરમાણુઓની પુનરાવર્તિત સંરચના ધરાવે છે. આવા સ્ફટિક વડે વિવર્તન ભાતનાં સો જેટલાં ટપકાં મળે છે જ્યારે પ્રોટીન વડે દસ હજાર જેટલાં વિવર્તન ટપકાં મળે છે.

સર લૉરેન્સ બ્રાગે ૧૯૧૩માં મીઠાના સ્ફટિકની સંરચના સ્પષ્ટ કરી. લૉરેન્સ બ્રાગ અને તેમના પિતા ડબ્લ્યુ એચ. બ્રાગને આ માટે ૧૯૧૫માં ભાગીદારીમાં નૉબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવેલો. પોટેશ્યમ ક્લૉરાઈડ (KCL)ની બાબતે ભાતમાં કેટલીક જગાએ ટપકાં ગેરહાજર મળે છે. અહીં સુંદર પરિણામ એ મળ્યું કે પોટેશ્યમ (K) અને ક્લોરાઈડ (CL)ના પરમાણુઓ હરોળમાં વારાફરતી ગોઠવાયેલા હોય છે. NaCLમાં પણ એવું જ બને છે. આ જ રીતે લાઈન્સ પાઉલિંગ (બે વખત નોબેલ પુરસ્કારના વિજેતા) અને અન્ય રસાણશાસ્ત્રીઓએ અંતઃસ્ફુરણથી બીજાં સ્ફટિકોને આવો અભિગમ લાગુ પડ્યો.

૧૯૫૦ સુધીમાં તો ક્ષ-કિરણ સ્ફટિકવિદ્યા અત્યંત શક્તિશાળી શાખા બની ગઈ. આ પર્વે ડૉરોથી હોડ્ગ્કીને

પેનિસિલીન (૪૮ પરમાણુ) અને વિટામીન B_{12} (૭૩ પરમાણુ) જેવી ભારે પરમાણુવાળી જટિલ શ્રેણીબદ્ધ સંરચનાઓ તૈયાર કરી. આ માટે ડૉરોથીને ૧૯૬૪માં નૉબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. લગભગ આ સમય દરમ્યાન મેક્સ પેરૂઝ અને જહોન કેન્ડુએ પ્રોટીનની સ્ફટિક સંરચના નક્કી કરી. ૧૬,૦૦૦ અણુભારાંક ધરાવતું માયોગ્લોબિન સ્નાયુમાં ઑક્સિજનનો સંગ્રહ કરે છે. ૬૪,૦૦૦ અણુભારાંક ધરાવતું હિમોગ્લોબિન ઑક્સિજન ફેફસાંમાંથી સ્નાયુમાં લાવે છે. ક્ષ-કિરણોની મદદથી અણુ-સંરચનાની જાણકારીથી આ બધું જાણી શકાય છે. ગ્લોબિન પેટાએકમમાં બધાયેલા લોહનો પરમાણુનું ઑક્સિજન અણુ સાથે બંધન દર્શાવે છે. ઑક્સિજન ગ્રહણ કરતી અને સ્નાયુમાં ઑક્સિજન છોડતી વખતે શરીર-ક્રિયાત્મક (Physiological) પરિસ્થિતિમાં થતા ફેરફાર જોવા મળે છે. જેમ કે, અણુમાં પ્રોટીનના પરમાણુઓની પુનઃ ગોઠવણીને લીધે હિમોગ્લોબિનમાં ઑક્સિજન વાયુ સાથે બંધન કે મુક્તિની પ્રક્રિયા ઉપર નિયંત્રણ કરે છે. રક્ષણાત્મક કામગીરી કરનાર પ્રોટીન પ્રણાલી જે વિષાણુઓ સામે રક્ષણ આપે છે તેનો અભ્યાસ ક્ષ-કિરણ સ્ફટિકવિદ્યા વડે થાય છે, એટલું જ નહિ પણ વિષાણુના સરળ સ્ફટિક પણ મેળવી શકાયા છે, જે વિવર્તન ભાતનાં વ્યવસ્થિત ટપકાં આપે છે. એટલે કે વિષાણુ સુયોજિત સ્ફટિકીકરણ થઈ શકે તેવો અણુ છે. આ અતિ મહત્ત્વની ઘટના છે. કારણ કે વિષાણુ જેવી સંરચનાના નિર્દેશન દ્વારા ભૌતિક અને રસાયણ વિજ્ઞાનના નિયમો જીવવિજ્ઞાનને પણ લાગુ પડે છે તેવું સ્પષ્ટ થયું.

૧૯૭૦થી ૧૯૮૦ના દસકામાં કણ-ભૌતિકીના વિકાસને લીધે ક્ષ-કિરણોના ક્ષેત્રે ભારે ક્રાંતિ થઈ. આજ સુધી નળીઓ વડે ક્ષ-કિરણો પેદા કરવામાં આવતાં હતાં, પણ હવે તો ક્ષ-કિરણો પેદા કરવાની નવી ટેક્નિક હાથ લાગી. ઇલેક્ટ્રોન અને તેના પ્રતિકણ પોઝિટ્રોનનો ક્રમશઃ વેગ વધારનાર સાધનને સિન્ક્રોટ્રોન કહે છે. એટલે કે સિન્ક્રોટ્રોનમાં આવા કણને પ્રવેગિત કરવામાં આવે છે ત્યારે તે વિકિરણ પેદા કરે છે. આ કણોનો પ્રવેગ ઘણો વધારે હોય ત્યારે ક્ષ-કિરણનું ઉત્સર્જન થાય છે. સિન્ક્રોટ્રોનમાં ઇલેક્ટ્રોનના છૂટક-ત્રુટક ઝૂમખાંને વર્તુળાકાર કક્ષામાં ગોળ ગોળ ઘુમાવવામાં આવે છે. કક્ષાના સમતલને લંબરૂપે ચુંબકીય ક્ષેત્રે લાગુ પાડીને ઇલેક્ટ્રોનને કક્ષામાં જાળવી રખાય છે. આવી કક્ષામાં ઇલેક્ટ્રોનને રેડિયો આવૃત્તિવાળા વિદ્યુતક્ષેત્ર વડે લગભગ પ્રકાશની ઝડપે પ્રવેગિત કરવામાં આવે છે. પોઝિટ્રોન અથવા ઇલેક્ટ્રોન જેમ જેમ પ્રવેગી વર્તુળ ગતિ કરતા જાય છે તેમ તેમ કેન્દ્રગામી પ્રવેગને કારણે તે વિકિરણનું ઉત્સર્જન કરે છે. જો પ્રવેગ-યંત્ર અત્યંત શક્તિશાળી હોય તો આવું વિકિરણ ક્ષ-કિરણના વિભાગમાં ઉત્સર્જિત થાય છે. આવું વિકિરણ તરંગલંબાઈનું સાતત્યક (Continum) ધરાવે છે.

સામાન્ય નળીઓ વડે પેદા કરેલ ક્ષ-કિરણો કરતાં સિન્ક્રોટ્રોન ક્ષ-કિરણના કેટલાક ફાયદા છે. સિન્ક્રોટ્રોન વડે પેદા કરેલ વિકિરણ અતિપ્રબળ હોય છે, ખૂબ જ સમાંતરિત હોય છે અને તરંગલંબાઈનું સાતત્યક ધરાવે છે. આવા સાતત્યકમાં બધી જ તરંગલંબાઈવાળા ક્ષ-કિરણોનો સમાવેશ થાય છે. આથી પસંદગીયુક્ત તરંગલંબાઈનો ઉપયોગ કરી શકાય છે. આવું ક્ષ-વિકિરણ વધુ ફ્લક્સ ધરાવે છે, એટલે કે પ્રતિસેકન્ડે મળતા ફોટોનની સંખ્યા વધુ હોય છે. આથી તે વધુ પ્રકાશિતતા ધરાવે છે. એટલે કે એકમ ઘન કોણદીઠ વધુ ફ્લક્સ, વધુ તેજસ્વિતા ધરાવે છે અને સ્રોતના એકમ ક્ષેત્રફળ દીઠ વધુ પ્રભા ધરાવે છે.

સ્ફટિક નાનાનાના કોષોનો બનેલો હોય છે. સૌથી નાના કોષને એકમ કોષ કહે છે. જે સ્ફટિકમાં એકમ કોષની સંખ્યા ઓછી હોય છે તેના વડે માપી કે નોંધી શકાય તેવી વિવર્તન ભાત મળે છે. પહેલાં તો અભ્યાસ માટે સ્ફટિકનો એકમ ઓછામાં ઓછો ૦.૫ મી.મી.^{3} જેટલા કદનો હોવો જરૂરી હતો. પણ હવે તો પ્રોટીન માટે ૨૦ માઈક્રોમીટર^{3} કદવાળા એકમનો અભ્યાસ સિન્ક્રોટ્રોન વિકિરણ વડે કરી શકાય છે. એટલે કે દસ અબજ ગણા નાના એકમનો અભ્યાસ થઈ શકે છે.

શરીરના કોઈ પણ ભાગ વડે ક્ષ-કિરણોનું વધુ શોષણ થાય તો નુકસાન થાય છે. આથી ક્ષ-કિરણોનું ઓછું શોષણ થાય તે જરૂરી છે. તે માટે નાની તરંગલંબાઈવાળા ક્ષ-કિરણોનો ઉપયોગ કરવો જોઈએ. આ સાથે પ્રકીર્ણનથી પણ થોડી હાનિ પહોંચે છે. સ્ફટિકને અવરુદ્ધ કરવાથી ક્ષ-કિરણોથી થતા નુકસાન સામે રક્ષણ મળે છે.

ક્ષ-કિરણો વડે અસંખ્ય પ્રોટીનની સંરચના જાણવા માટે આજે વધુ ને વધુ રસ જાગ્રત થયો છે. તે માટે માનવ સંજીવની યોજનાની (Human Genome Project) રચના કરવામાં આવી છે. આ યોજના દ્વારા માનવદેહની રચના કરનાર લગભગ એક કરોડ પ્રોટીનની રાસાયણિક સંરચનાઓ નક્કી થઈ શકશે. સૈદ્ધાંતિક રીતે જો પ્રત્યેક પ્રોટીનને સ્ફટિકમય બનાવી શકાય તો તેની ત્રિ-પારિમાણિક સંરચના નક્કી થઈ શકશે. આને કારણે આણ્વિક સ્તરે થતા રોગો વિષે પ્રચંડ જાણકારી પ્રાપ્ત થશે. જો આવું આયોજન સંભવિત થશે તો ઘણીબધી પદ્ધતિઓ સુયોજિત કરી શકાશે. આથી સિન્ક્રોટોન વડે મળતા ક્ષ-વિકિરણ વડે એક નવા વ્યૂહની તક મળી રહેશે. સિન્ક્રોટ્રોન ઘણીબધી તરંગલંબાઈનાં વિકિરણમાંથી ખાસ વિશિષ્ટ તરંગલંબાઈવાળા વિકિરણનો ઉપયોગ કરી શકાય છે. આવી ભૌતિક સુવિધાને આધારે ઘણીબધી સ્ફટિકમય સંરચનાઓ નક્કી કરવાનું શક્ય બનશે.

(અનુસંધાન પૃ. ૩૬૬ ઉપર)

ઑલિમ્પિક રમતોનો ઇતિહાસ

રંતિદેવ ત્રિવેદી

અટલાન્ટા ૧૦૦

(૧) ઍથેન્સ, ૧૮૯૬ : અમેરિકાના બોસ્ટન શહેરનો વતની જેમ્સ કૉનોલી આધુનિક ઑલિમ્પિક રમતોત્સવનો પ્રથમ ચૅમ્પિઅન બન્યો જ્યારે તેણે હૉપ, સ્ટેપ અને જમ્પની સ્પર્ધામાં વિજેતાપદ પ્રાપ્ત કર્યું. તેના સાથી રમતવીરો ટૉમસ બર્ક, એલેરી ક્લાર્ક, અને રૉબર્ટ ગૅરેટ - એ ત્રણેએ બબ્બે વિજયો હાંસલ કર્યા અને તેમની જેમ જ ઑસ્ટ્રેલિયાના ખેલાડી એડ્વિન ફ્લેકે પણ બે વિજયો હાંસલ કર્યા. કુદરતી ન્યાયની દૃષ્ટિએ, યોગ્ય રીતે જ, સ્પાયરીડોન લુઈ નામ ધરાવતો ગ્રીક રમતવીર મેરેથોન દોડમાં વિજયી નીવડ્યો.

(૨) પૅરિસ, ૧૯૦૦ : પૅરિસ એક્સપોઝિશનની સાથમાં યોજવામાં આવેલ બીજા ઑલિમ્પિયાડની રમતોમાં ફરી એક વાર યુનાઈટેડ સ્ટેટ્સનો વિજય થયો. તેને ૨૪ રમતોમાંથી ૧૭ જેટલી સ્પર્ધામાં એવરીએ તેનો ઑલિમ્પિક રમતોમાં બરાબરી કરી ના શકાયો હોય તેવો વિજયનો સિલસિલો શરૂ કર્યો અને ઊભા કૂદકાની સ્પર્ધામાં ત્રણ વિજય હાંસલ કર્યા. ઑલ્વિન કેન્ઝ્લીને ચાર સુવર્ણચંદ્રકો મેળવી લીધા. એ.ઈ. ટાઈસો, સી. બહેનેટ અને જે. રીમરે બ્રિટન તરફથી રમતાં વિજય મેળવી દેશનું ગૌરવ બઢાવ્યું.

(૩) સેન્ટ લૂઈસ, ૧૯૦૪ : યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ રમતોત્સવ અંગત બાબત બની ગઈ, કારણ કે ઘણી ઓછી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા. અમેરિકાના વિજેતાઓ એસ્ટિએન ડિસ્માર્ટો અને ગ્રેટ બ્રિટનના ખેલાડી ટી. કેલિ એ બે હરીફોએ જ સુવર્ણચંદ્રકો જીતી લીધા. ઓવરીએ ફરી એક વાર ત્રેવડો વિજય મેળવ્યો.

(૬) એન્ટ્વર્પ, ૧૯૨૦ : પ્રથમ વિશ્વયુદ્ધને કારણે આઠ વર્ષના અંતર બાદ ઑલિમ્પિક રમતોત્સવ, યુદ્ધને કારણે ખાનાખરાબી થઈ હતી તેવા દેશ બેલ્જિયમમાં સૌથી વધુ રમતોની સંખ્યા ધરાવતા કાર્યક્રમ મુજબ યોજાયો. એ રમતોત્સવે ફિનલૅન્ડના રમતવીર, તેજસ્વી તારલા, પાવો નૂરમીનો ઉદય નિહાળ્યો. નૂરમીએ ૧૦૦૦ મી.ની દોડ અને ક્રૉસકંટ્રી રેસમાં વિજયો મેળવ્યા. કોલેહ્મેઈનેને એ મેરેથોન દોડમાં વિજય મેળવ્યો અને મેદાની રમતો અંગેની સ્પર્ધાઓમાં ફિનલૅન્ડના ખેલાડીઓએ પાંચ વિજયો મેળવીને ફિનલૅન્ડને યુ.એસ.એ.ની સમકક્ષ, કુલ નવ સુવર્ણચંદ્રકો ટ્રૅક અને ફિલ્ડ રમતોમાં દરેકમાં મેળવીને, બનાવી દીધું. ટૂંકા અંતરની દોડમાં ભાગ લેનાર ખેલાડીઓ ચાર્લ્સ પૅડોક્ અને એલન વૂડરિંગ ઈનામવિજેતા તરીકે યુ.એસ.એ.ની ટીમમાં અગ્રણી બની રહ્યા, કારણ કે કોઈએ પણ બે ચંદ્રકો પ્રાપ્ત કર્યા નહોતા. બેવડા વિજયો હાંસલ કર્યા. ગ્રેટ બ્રિટનના એ. જી. હિલે તથા ઈટાલીના યુગો ફ્રિગેરિઓએ, જેમણે અનુક્રમે મધ્યમ અંતરની દોડમાં તથા ચાલની સ્પર્ધામાં વિજયો મેળવ્યા હતા.

(૪) લંડન, ૧૯૦૮ : ઑલિમ્પિક રમતોમાં આ સ્પર્ધા ખૂબ કડવાવશભરી બની રહી. આ સ્પર્ધા અમેરિકા અને બ્રિટિશ સામ્રાજ્ય માટે છેલ્લી વાર ઈજારારૂપ બની રહી. એવરીએ પોતાની કારકિર્દી બેવડો વિજય મેળવીને સમેટી લીધી. તેની કારકિર્દીમાં એવરીએ કુલ આઠ સુવર્ણ ચંદ્રકો મેળવ્યા. અમેરિકાના મેલ શેપર્ડ અને માર્ટિન શેરિડને પણ બેવડા વિજય હાંસલ કર્યા. ગ્રેટબ્રિટનના ખેલાડી જ્યૉર્જ લાર્નર અને સ્વીડનના ઈ. લેમિંગે પણ તેવી જ રીતે બેવડા વિજયો મેળવ્યા. મેરેથોન સ્પર્ધામાં યુ.એસ.એ.ના ખેલાડી જ્હોન હેય્સે તથા ગ્રેટબ્રિટનના ખેલાડી વિન્ધીમ હૉલ્સ્વેલે ૪૦૦ મીટર દોડમાં ચર્ચાસ્પદ વિજયો મેળવ્યા.

(૫) સ્ટૉકહોમ, ૧૯૧૨ : પાંચમી ઑલિમ્પિક રમતોના સૌથી મહાન રમતવીરનું નામ એક પણ રેકૉર્ડ બુકમાં વાંચવા મળતું નથી. એ રમતવીરનું નામ હતું જિમ થોર્પ, એક અમેરિકન ઇન્ડિયન, જેણે 'પેન્ટેથ્લોન' અને 'ડેકાથ્લોનની' સ્પર્ધાઓમાં વિજય મેળવ્યો હતો. પરંતુ તે ધંધાદારી ખેલાડી હોવાનું પુરવાર થવાને કારણે તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો અને તેને આપવામાં આવેલા ચંદ્રકો પાછા મેળવી લેવામાં આવ્યા હતા. થૉર્પની જીત સિવાય પણ યુ.એસ.એ.નું વર્ચસ્ જળવાઈ રહ્યું હતું. તેના ખેલાડીઓ રાલ્ફ ક્રેગે ટૂંકા અંતરની ઝડપી દોડની સ્પર્ધામાં ઈનામ મેળવી લીધાં હતાં, અને શાળામાં ભણતા એક વિદ્યાર્થી જેમ્સ 'ટેડ' મેરિડિથે ૮૦૦ મી.ની દોડમાં વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો. તદ્દુપરાંત રાલ્ફ રોઝ પૅટ્રિક મૅક્ડોનાલ્ડ તથા મૅથ્યૂ મૅક્ગ્રોથે વજન ઊંચકવાની સ્પર્ધાઓ જીતી લીધી. ફિનલૅન્ડના હરીફોએ પહેલી વાર જ ૭ સુવર્ણચંદ્રકો મેળવ્યા, જેમાં ત્રણ તો લાંબા અંતરની દોડમાં હાન્સ કોલેહમેઈને જ મેળવી લીધા હતા. બેવડા વિજયો હાંસલ કર્યા ગ્રેટ બ્રિટનના એ.જી. હિલે તથા ઈટાલીના યુગો ફ્રિગેરિઓએ કે જેમણે અનુક્રમે મધ્યમ અંતરની દોડમાં તથા ચાલની સ્પર્ધામાં વિજયો મેળવ્યા હતા.

(૭) પૅરિસ, ૧૯૨૪ : ઑલિમ્પિક રમતોના ઇતિહાસમાં પહેલી વખત એક વ્યક્તિનું પ્રભુત્વ રહ્યું અને એ વ્યક્તિ હતી - નૂરમી. એક જ બપોરે ફક્ત બે કલાકની સમય મર્યાદામાં, નૂરમીએ ૧૫૦૦ મી. અને ૫૦૦૦ મી. દોડની સ્પર્ધામાં વિજયો મેળવીને નવા કીર્તિમાન સ્થાપ્યા. ત્યાર બાદ તેણે ૧૦,૦૦૦ મી. ક્રૉસ કંટ્રી દોડમાં વિજય મેળવ્યો તથા બિનસત્તાવાર રીતે યોજાયેલ ૩,૦૦૦ મી. ટીમદોડમાં જીત મેળવી લીધી. અન્ય અંતરદોડની સ્પર્ધાઓ વીલે રિટોલાએ જીતી લેતાં ૧૦ સુવર્ણચંદ્રકો મેળવીને પોતાના ૧૯૨૦ના રમતોત્સવના વિક્રમને સુધાર્યો. જોકે, અમેરિકાએ ૧૨ સુવર્ણચંદ્રકો મેળવ્યા ખરા. હેરલ્ડ ઑસ્બોર્ને ઊંચો કૂદતો અને ડેકાથ્લોનમાં તથા ક્લેરન્સ હાઉસરે શૉટપુટ અને ડિસ્કસ થ્રોની રમતોમાં ચંદ્રકો મેળવ્યા હતા. હેરલ્ડ એબ્રહમ્સે ૧૦૦ મી. ઝડપી દોડમાં, એરિક લીડલે ૪૦૦મી. દોડમાં, તથા ડગ્લાસ લોએ ૮૦૦ મી. દોડમાં વિજય મેળવીને ગ્રેટ બ્રિટનને ત્રણ વૈયક્તિક વિજયોની ભેટ ધરી, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સનો દોડવીર જૅકસન શોલ્ઝ એકમાત્ર હરીફ હતો કે જેણે ૨૦૦ મી. ઝડપી દોડમાં વિજય મેળવી લીધો હતો.

(૭) એમ્સ્ટરડમ, ૧૯૨૮ : ૧૦,૦૦૦ મીટરની દોડમાં ભાગ લઈને પોતાનો છઠ્ઠો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરીને નૂરમી ઑલિમ્પિક રમતોના ઇતિહાસમાં વિલીન થઈ ગયો. તેમ છતાં ફિનલૅન્ડનું લાંબા અંતરની તેમજ મધ્યમ અંતરની દોડમાં પ્રભુત્વ જારી રહે તેની ખાતરી હેરી લાર્વા નામના દોડવીરે કરી આપી. તેણે ૧૫૦૦ મીટર દોડમાં વિજય મેળવ્યો. લાર્વાની જેમ જ રિટોલા અને ટોઈવો લ્યુકોલાએ અનુક્રમે ૫,૦૦૦ મીટર દોડ અને ૩,૦૦૦ મીટર સ્ટીપલચેઈઝ એ સ્પર્ધાઓમાં વિજય મેળવી ફિનલૅન્ડને ગૌરવ અપાવ્યું. ૧૯ વર્ષીય, શાળાનો વિદ્યાર્થી પર્સી વિલિયમ્સ કૅનેડાની ટીમ તરફથી સ્પર્ધામાં ભાગ લઈને ઝડપી દોડમાં સહુના આશ્ચર્ય વચ્ચે વિજયી બન્યો. અનુભવી બ્રિટિશ ખેલાડીઓ ડગ્લાસ લો અને લૉર્ડ બર્ગલી (ડૅવિડ સેસિલ) અનુક્રમે ૮૦૦ મી. દોડ અને ૪૦૦ મી. હર્ડલ્સ જીત્યા. રે બારબુટીએ ૪૦૦ મી. દોડમાં વિજય મેળવ્યો તેથી અમેરિકાની આબરૂ અંશતઃ દોડની સ્પર્ધામાં જળવાઈ રહી, જોકે તેના અન્ય ખેલાડીઓએ રિલે અને મેદાની રમતોમાં ભારે વિજયો જરૂર મેળવ્યા. એશિયાનું નામ સુવર્ણચંદ્રકોની યાદીમાં પ્રથમ વાર ઝળક્યું, જ્યારે જાપાનના મીકો ઓડાએ હૉપ, સ્ટેપ અને જમ્પની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો. એમ્સ્ટરડમની રમતોમાં સૌથી પહેલી વાર મહિલાઓએ ટ્રૅક (પાટાની) અને મેદાની રમતોમાં ભાગ લીધો.

(૮) લૉસ એંજેલિસ, ૧૯૩૨ : લાંબા પ્રવાસો અને વિશ્વવ્યાપી મંદીને કારણે સ્પર્ધકોની હાજરી અર્ધોઅર્ધ ઘટી ગઈ. આ દસમા ઑલિમ્પિક રમતોત્સવની ઉજવણી તેમ છતાં એક દૃષ્ટિએ નોંધપાત્ર રહી. બારોં દ કુબર્તિનના સ્વપ્નને સાકાર કરવા એક અનોખું પગલું મંડાયું. આ રમતોત્સવના ખેલાડીઓ માટે જ ઑલિમ્પિક ગ્રામનું ખાસ નિર્માણ કરવામાં આવ્યું, જેમાં સારાય વિશ્વના રમતવીરો તેમના પ્રશિક્ષકો સહિત એકસાથે રહી શકે. ૧૯૨૦માં પીછેહઠનો અનુભવ થયા બાદ યુ.એસ.એ.ના ખેલાડીઓ આ વખતે ઝળક્યા અને લગભગ દરેક સ્પર્ધામાં નવા વિક્રમો સર્જાયા. એડી ટોલાને વિજયી બની બન્ને ઝડપી દોડમાં નવા આંક નોંધાવ્યા. વિલિયમ કારે યુ.એસ.ના દોડવીર બહેન ઈસ્ટમે સાથે ટક્કર લીધી અને ૩૦૦ મી. દોડમાં વિશ્વવિક્રમ સ્થાપ્યો. જ્યૉર્જ સેલિંગે હર્ડલ્સમાં, વિલિયમ મિલરે પોલ વૉલ્ટમાં, એડવર્ડ ગોર્ડને બ્રૉડ જંપમાં, લી સેક્સ્ટને શૉટ-પુટમાં, જ્હોન એન્ડરસને ડિસ્કસમાં તથા જેમ્સ બૉશે ડેકાથ્લોનમાં અમેરિકાને વિજયચંદ્રકો અપાવ્યા. બ્રિટનના શાળાશિક્ષક ટૉમસ હૅમ્પસને ૮૦૦ મી. દોડમાં કીર્તિમાન સ્થાપ્યો જ્યારે તેમના સાથી રમતવીર ટૉમસ ગ્રીને ૫૦ મી. ચાલ જીતી લીધી. ૪૦૦ મી. અને ૧૬૦૦ મી. રિરેસ એ બન્ને યુ.એસ.ને ફાળે ગઈ અને તે પણ વિશ્વવિક્રમી સમયમાં, લૌરી લેહ્ટીનેન તથા વૉલ્મારી ઈસો-હોલોએ ફિનલૅન્ડને લાંબા અંતરની દોડમાં બે વિજય અપાવ્યા. પરંતુ ઇટાલીના લુઈજી બેકાલી અને પોલૅન્ડના જે. કૂસોસિન્સકીએ ફિનલૅન્ડના ખેલાડીઓને કટ્ટર લડત આપી ૧૫૦૦ મી. અને ૧૦,૦૦૦ મી. દોડ અનુક્રમે જીતી લીધી.

(૧૦) બર્લિન, ૧૯૩૬ : અમેરિકન હબસી જેસે ઓવેન્સ આ ૧૧મા રમતોત્સવમાં અતિ નાટકીય પરિસ્થિતિમાં ઝળક્યો. હિટલરની યોજના હતી - પ્રયત્ન પણ હતો - કે બર્લિન ખાતેના આ વિશ્વ-રમતોત્સવને પોતાના નાઝી રાજ્યની સર્વોચ્ચતાની પ્રસિદ્ધિ માટે ઉપયોગમાં લેવો. એથી કરીને યુ.એસ.એ.માં આ સ્પર્ધામાં ભાગ ન લેવા બાબતે હલચલ થઈ, પરંતુ તે કામયાબ બની નહિ અને ઓવેન્સે બીજા ચાર હબસી ખેલાડીઓ સાથે મળીને ટ્રૅક તથા મેદાની રમતોમાં સુવર્ણચંદ્રકો મેળવ્યા. ઓવેન્સે પોતે ચાર સુવર્ણચંદ્રકો મેળવી લીધા અને બે વિશ્વવિક્રમો નોંધાવ્યા, ત્રીજા વિશ્વવિક્રમની બરોબરી કરી તેમજ ૪૦૦ મી. રિલે ટીમના સભ્ય તરીકે ભાગ લઈ નવો વિશ્વવિક્રમ સ્થાપવામાં અગ્રણી ભાગ ભજવ્યો. આર્ચી વિલિયમ્સ, જ્હોન વૂડ્રફ, સી. જોન્સન, અને રાલ્ફ મેટ્કાફ એ અન્ય હબસી રમતવીરો હતા કે જેમણે વિજેતા બની અમેરિકાને ગૌરવ અપાવ્યું. અમેરિકન ડૂબક ડૉરોથી પોઈન્ટને ફક્ત ૧૨ વર્ષની વયે ઑલિમ્પિક રમતોમાં ભાગ લેનાર બન્યા બાદ પોતાની આ ત્રીજી ઑલિમ્પિકમાં સુવર્ણચંદ્રક મેળવ્યો. હિટલરના સુંદર તાલીમ પામેલા ખેલાડીઓએ શાનદાર દેખાવ કરીને ૮૯ ચંદ્રકો મેળવ્યા,

જ્યારે યુ.એસ.ને ૫૬ ચંદ્રકો મળતાં તેને બીજું સ્થાન પ્રાપ્ત થયું. ઓલિમ્પિયામાં ઝ્યૂસના દેવળથી શરૂ કરવામાં આવેલી મશાલ દોડનું આ વખતે પ્રથમવાર જ આયોજન થયું. ત્રણ હજાર દોડવીરોની, એ મશાલ સાત દેશોમાંથી પસાર થઈને બર્લિન ખાતેના સ્ટેડિઅમમાં પહોંચાડવા માટે, મદદ મેળવાઈ. આ પ્રથમ જ ઑલિમ્પિક સ્પર્ધા હતી કે જે ત્યાં મૂકેલાં ટેલિવિઝન પર દર્શાવાઈ હતી.

(૧૧) લંડન, ૧૯૪૮ : દ્વિતીય વિશ્વયુદ્ધને કારણે ૧૨ વર્ષના ગાળા બાદ યુદ્ધગ્રસ્ત લંડન શહેરમાં જ ઑલિમ્પિક રમતોનું આયોજન કરવામાં આવ્યું. વિષમ પરિસ્થિતિ હોવા છતાં પ્રેક્ષકો એ પ્રસંગને માણવા ઊમટ્યાં. આ સ્પર્ધામાં વ્યવસાયે ચપ્પાં ઇત્યાદિની ધાર કાઢનાર એક ડચ મહિલા ખેલાડી ફેની બ્લૅન્કર્સ કોએને પોતાનાં બે સંતાનોને ભેટ આપવા ચાર સુવર્ણચંદ્રકો જીતી લીધા. તેણે ૧૦૦ અને ૨૦૦ મી. ઝડપી દોડમાં પ્રથમ સ્થાન મેળવ્યું તેમજ ૮૦ મી. હર્ડલ્સ તથા ૪ x ૧૦૦ મી. રિલેની સ્પર્ધા પણ જીતી લીધી. આ સ્પર્ધામાં બીજા વિશ્વયુદ્ધના વિજેતા દેશો - રશિયાના અપવાદ સિવાય - તેમ જ નિષ્પક્ષ દેશોના ખેલાડીઓએ ભાગ લીધો. જાપાન અને જર્મની બન્નેની અનુપસ્થિત રહી. સ્વીડનના ખેલાડીઓ જ અમેરિકન ખેલાડીઓની ટક્કર ઝીલશે એવા અનુમાનને તે દેશના ખેલાડીઓએ યથાર્થ ઠેરવ્યું. ગ્રેટ બ્રિટનની ટીમ ખાસ નોંધપાત્ર દેખાવ કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ. ૧૦,૦૦૦ મી. દોડની સ્પર્ધામાં ચેકોસ્લોવાકિયાના તેજસ્વી ખેલાડી એમિલ ઝેટોપેકનો વિક્રમી સમય નોંધાવતાં વિજય થયો.

(૧૨) હેલ્સિંકી, ૧૯૫૨ : નિવૃત્ત ઑલિમ્પિક વિજેતા પાવો નૂરમીએ આ ૧૫મા રમતોત્સવનું ઉદ્ઘાટન જ્યોત પ્રકટાવીને કર્યું પરંતુ યજમાન દેશને ૧૯૦૮ પછી પ્રથમવાર જ સુવર્ણચંદ્રક પ્રાપ્ત ના થયો. લાંબા અંતરની દોડના 'રાજા' એવા એમિલ ઝેટોપેકના લોખંડી ચરણોએ તેને નૂરમીએ કદીય પ્રયત્ન કર્યો ન હતો તેવી સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સફળતા અપાવી. ૫૦૦૦ મી. અને ૧૦૦૦૦ મી. લાંબી દોડ અને મેરેથોન દોડ એ ત્રણે સ્પર્ધાઓ ઝેટોપેકે જીતી લીધી અને એ ત્રણેમાં નવા વિશ્વવિક્રમો નોંધાવ્યા. આ રમતોત્સવમાં જ તેની પત્ની કાનાએ મહિનાઓ માટેની ભાલાફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. ફ્રેંચ તરવૈયા જિન બોઈટોક્સને ૪૦૦ મી. ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં અણધાર્યો વિજય મળ્યો. આકરી સ્પર્ધા બાદ યુ.એસ.ની ટીમે ૧૫ સુવર્ણચંદ્રકો મેળવ્યા. એ સ્પર્ધાઓમાં નવા વિશ્વવિક્રમો નોંધાયા. એ સ્પર્ધાઓ હતી સ્ટીપલચેઈઝ; ૫૦ કિ.મી. ચાલ; ૧૬૦૦ મી. રિલે; હોપ, સ્ટેપ અને જમ્પ; હેમર થ્રો; ડેકાથોન, અને મેરેથોન.

(૧૩) મેલબોર્ન, ૧૯૫૬ : આ રમતોત્સવમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની તંગદિલીભરેલી પરિસ્થિતિમાં થોડા સમય માટે નરમાશ આવી, જ્યારે બે સુવર્ણચંદ્રક વિજેતાઓ હેરોલ્ડ કૉનૉલી - અમેરિકન હેમર થ્રોઅર અને ચેક ડિસ્કસ થ્રોઅર ઑલ્ગા ફિકોટોવા પ્રેમમાં પડ્યાં! ૧૫મી આધુનિક ઑલિમ્પિક રમતોના વર્ષો દરમિયાન ટ્રેક અને ફીલ્ડ ઇવેન્ટ્સમાં ત્રણ આકાંક્ષાઓ સિદ્ધ થઈ. ગ્રેટ બ્રિટનના દોડવીર રોજર બેનિસ્ટરે '૪-મિનિટે માઈલ'નું બંધન તોડ્યું, યુનાઈટેડ સ્ટેટ્સના પેરી ઓબ્રિયને શૉટ-પુટમાં ૬૦ ફીટનું અંતર વટાવી દીધું અને યુ.એસ.ના જ ચાર્લ્સ ડુમાએ ઊંચા કૂદકામાં ૭ ફીટ જેટલી ઊંચાઈ આંબીને ઑલિમ્પિક રમત માટે લાયકાત પ્રાપ્ત કરી. બેનિસ્ટરે ૧૯૫૬ સુધીમાં નિવૃત્તિ મેળવી લીધી હતી. પરંતુ ઓ-બ્રિએન અને ડુમા મેલબોર્ન ખાતેના ૧૫ યુ.એસ. ચૅમ્પિઅનોમાં હજુ પણ હતા. યુ.એસ.એસ.આર.ને વ્લાદ્મિર કૂત્સ દ્વારા ૫,૦૦૦ મી. અને ૧૦,૦૦૦ મી. દોડમાં પહેલી જીત હાંસલ થઈ, જ્યારે લિઓનીદ સ્પીરીને ૨૦ કિ.મી. ચાલમાં વિજેતાપદ પ્રાપ્ત કર્યું. ભાલાફેંકમાં નોર્વેના એજીલ ડેનિસ્લેને નવો વિશ્વવિક્રમ નોંધાવ્યો, જ્યારે બ્રાઝિલના એ. ફરેરા ડિસિલ્વાએ પોતાની હેલ્સિંકીની સફળતાને બેવડાવીને પોતાના જ વિશ્વવિક્રમને સુધાર્યો. સમગ્ર રીતે જોતાં, આ રમતોત્સવ પર યુ.એસ.નું વર્ચસ્ રહ્યું. તેના સ્પર્ધકોએ લગભગ દરેક રમતમાં વિક્રમો સ્થાપ્યા.

(૧૪) રોમ, ૧૯૬૦ : આ રમતોત્સવમાં ૨૪માંથી ૧૮ જેટલી સ્પર્ધાઓમાં નવા વિશ્વવિક્રમો સર્જાયા અને એક વિશ્વવિક્રમની બરોબરી કરવામાં આવી. યુ.એસ.નું વર્ચસ્ તૂટ્યું અને તેને ફક્ત નવ સુવર્ણચંદ્રકો જ મળ્યા.

આ સ્પર્ધામાં વિલ્મા રુડૉલ્ફ, જે તેનાં માતા-પિતાનું વીસમું સંતાન હતું, તેણે, નાનપણમાં પગ લંગડાવાની તકલીફ અનુભવી હોવા છતાં, ૧૦૦ અને ૨૦૦ મી. ઝડપી દોડ તથા ૪ x ૧૦૦ મી. રિલે રેસમાં ભાગ લઈ સુવર્ણચંદ્રકો મેળવ્યા. રોમના નાગરિક તરીકે એનું ખૂબ સન્માન થયું અને ઇટાલિયન પ્રજાએ તેને La Gazzella Nera તરીકે ઓળખી, બહુમાન કર્યું; ફ્રેન્ચોએ 'Le Perle Noire' એ શબ્દોથી પ્રશંસી જ્યારે બ્રિટિશરોએ Wilma - on - the - Wing એ રીતે વધાવી લીધી. ઇથિઓપિયાના રાજવીના અંગરક્ષક તરીકે ફરજ બજાવતા અબેબ બિકિલાએ ખુલ્લા પગે મેરેથોન સ્પર્ધામાં પ્રાચીન રોમના રસ્તાઓ પર દોડીને ઝેટોપેકનો વિશ્વવિક્રમ આઠ મિનિટથી ભૂંસી નાખ્યો અને નવો કીર્તિમાન સ્થાપ્યો.

(૧૫) ટોકિયો, ૧૯૬૪ : એશિયામાં પ્રથમવાર યોજવામાં આવેલા આ રમતોત્સવમાં અમેરિકાના ખેલાડીઓએ ૧૨ જેટલા સુવર્ણચંદ્રકો જીતી લીધા અને આઠ ઑલિમ્પિક તથા બે

વિશ્વવિક્રમો સ્થાપ્યા. પીટર સ્નેલે પોતાના ૧૯૬૦ના વિજયને બેવડાવ્યો અને ન્યૂઝીલેન્ડ વતી સ્પર્ધામાં ભાગ લઈને ૮૦૦ મી. દોડમાં નવો ઑલિમ્પિક વિક્રમ સ્થાપ્યો તથા ૧૫૦૦ મી.ની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. ઇથિઓપિયાના વિશ્વવિક્રમી દોડવીર અબીબ બિકિલા બે વાર મેરેથોન સ્પર્ધા જીતનાર પ્રથમ ખેલાડી બન્યો.

(૧૬) મૅક્સિકો સિટી, ૧૯૬૮ : પુરુષો માટેની મેદાની હરીફાઈઓમાં દરેક સ્પર્ધામાં તેમ જ ૩૦૦ મી.થી ઓછી એવી સઘળી ટ્રૅક રમતોમાં નવા ઑલિમ્પિક વિક્રમો સર્જાયા. ટ્રૅક રમતોમાં લાંબા અંતરની સઘળી દોડમાં આફ્રિકાના દોડવીરો વિજયી બન્યા. કેન્યાએ ત્રણ સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કર્યા. ટૂંકા અંતરની દોડમાં, ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મી.ની સ્પર્ધાઓમાં, યુ.એસ.ના દોડવીરોએ વિજય મેળવી ચંદ્રકો હાંસલ કર્યા. મહિલાઓ માટેની મેદાની સ્પર્ધાઓમાં યુ.એસ.એસ.આર.ના સ્પર્ધકો સિદ્ધિ મેળવવામાં નિષ્ફળ ગયા.

(૧૭) મ્યુનિચ, ૧૯૭૨ : 'આનંદોલ્લાસનો ઑલિમ્પિક રમતોત્સવ' એ રીતે જર્મનોએ આ રમતોને પ્રસિદ્ધિ આપી હતી અને તેને સંપૂર્ણ સફળતા સાંપડે તે માટે અદ્ભુત સગવડો પૂરી પાડવાનું આયોજન કર્યું હતું. અદ્યતન ઈલેક્ટ્રોનિક ઉપકરણોને લીધે સમય તથા અંતરમાપનનો સંપૂર્ણ, જડબેસલાક ચોકસાઈનો યુગ જાણે કે આવી રહ્યો હતો. કમનસીબે જો કે આ સ્વપ્નું લગભગ રોળાઈ ગયું. ઑલિમ્પિક રમતોત્સવના ઇતિહાસમાં એક દુઃખદ પ્રકરણ લખાઈ ગયું. ૫મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની એ ગોઝારી સવારે આઠ પેલેસ્તિનિ ગુરીલાઓ ઑલિમ્પિક ગ્રામમાં ઘૂસી આવ્યા અને ઇઝરાયેલની ટીમના બે સભ્યોની નિર્મમ હત્યા કરી બીજા નવ સભ્યોને બંદી બનાવ્યા, બાનમાં રાખ્યા. જો ઇઝરાયેલ સરકાર તેના બસો સાથીઓને સત્વરે મુક્ત નહીં કરે તો તે નવે બાન રાખેલા ખેલાડીઓની હત્યા કરવાની ધમકી પણ આપી. જર્મન સત્તાવાળાઓએ કામચલાઉ ધોરણે રમતોત્સવ મુલત્વી રાખ્યો અને આખો દિવસ એ ત્રાસવાદીઓ સાથે વાટાઘાટો જારી રાખી. એ જ રાત્રે ત્રાસવાદીઓ તથા તેમના બંદીઓને મ્યુનિચ પાસેના લશ્કરી હવાઈ મથકે લઈ જવામાં આવ્યા જ્યાંથી મધ્યપૂર્વના કોઈ દેશમાં વિમાન દ્વારા તેમને ખસેડવાના હતા. હવાઈ મથકે જર્મન સત્તાવાળાઓએ બંદીઓને મુક્ત કરાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો અને પરિણામે બધા જ બંદીઓ, પાંચ ત્રાસવાદીઓ અને એક જર્મન પોલીસમેન મૃત્યુ પામ્યા. બીજે દિવસે મૃત ખેલાડીઓને શોકાંજલિ આપવાના સમયે ઑલિમ્પિક રમતો એ કરુણ ઘટના બની હોવા છતાં જારી રહેશે - એવી જાહેરાત કરવામાં આવી. એના વિરોધમાં તેમજ ભયની લાગણીને કારણે કેટલાક સ્પર્ધકો રમતોત્સવ છોડીને સ્વદેશ ચાલ્યા ગયા. યુ.એસ.એ.ના અગ્રણી તરવૈયા, રમતજગતના તેજસ્વી તારલા સમા ખેલાડી માર્ક સ્પીટ્ઝને તે યહૂદી પાર્શ્વભૂમિકા ધરાવતો હોઈ, ભારે સુરક્ષા હેઠળ વતન પહોંચાડવામાં આવ્યો.

આ રમતોત્સવમાં ટ્રૅક અને ફિલ્ડ ઈવેન્ટ્સમાં યુ.એસ.એ.ની ટીમને અવારનવાર પીછેહઠ તથા હતાશની અનુભૂતિ થઈ. યુ.એસ.એસ.આર.ના ખેલાડી વેલેરી બોઝોર્વને માટે ૧૦૦ મીટર તથા ૨૦૦ મીટર દોડી સ્પર્ધાઓ જીતી લેવાનું સરળ બની ગયું. પોલવોલ્ટની સ્પર્ધા પૂર્વ જર્મનીના ખેલાડી Wolfgang Nordwing - વૂલ્ફગેંગ નોર્ડવીગે એ સ્પર્ધા અંગેની અમેરિકાની અત્યાર સુધીની ઈજારાશાહીને નષ્ટ કરી. ૧૫૦૦ મીટર દોડની સ્પર્ધામાં અમેરિકાના જીમ રાયન અને કેન્યાના કિપચોગ કેઈનો વચ્ચેની અપેક્ષિત આખરી સ્પર્ધા યોજાઈ નહીં, કારણ કે પ્રારંભિક સ્પર્ધા દરમ્યાન જ અમેરિકન સ્પર્ધકની હાર થઈ. આખરી સ્પર્ધામાં જો કે કેઈનોનો નહીં પરંતુ ફિનલેન્ડના પેકા વાસાલાનો વિજય થયો. તેની જીત સાથે સાથે જ તેના સાથી લેસે વિરેનના ૫૦૦૦ મીટર અને ૧૦,૦૦૦ મીટરની દોડના વિજયો ભળતાં વિશ્વવિખ્યાત ખેલાડી - દોડવીર નૂરમીની યાદ તાજી થઈ અને 'Flying Finns', એ ફિનલૅન્ડના રમતવીરો અંગેનું, ઉપનામ સાર્થક થયું. કેઈનોએ સ્ટીપલચેઈઝની સ્પર્ધામાં જોકે નવો વિક્રમ નોંધાવ્યો ખરો. કેન્યાના દોડવીરોએ ૧૬૦૦ મીટર રિલેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. પશ્ચિમ જર્મનીની ૧૬ વર્ષની વિદ્યાર્થિની ઉલરિક મેફર્થે ૧.૯૨ મીટરની ઊંચાઈને આંબી જઈને ઊંચા કૂદકાની હરીફાઈમાં વિજય મેળવ્યો તથા વિશ્વવિક્રમની બરોબરી કરી. તદુપરાંત તેણે સૌથી નાની વયે ટ્રૅક ઍન્ડ ફિલ્ડ ઈવેન્ટ્સમાં વ્યક્તિગત રીતે સુવર્ણચંદ્રક મેળવનાર ખેલાડી તરીકેનો વિક્રમ પણ સ્થાપ્યો. ૪૦૦ મીટર હર્ડલ્સની સ્પર્ધામાં યુગાન્ડાના ખેલાડી જ્હોન અકીબૂઆએ ૪૭.૮ સેકન્ડમાં જ, શ્વાસ અધ્ધર કરી દેતો, વિજય પ્રાપ્ત કરી સ્પર્ધાનું નવું ઉચ્ચ ધોરણ પ્રસ્થાપિત કર્યું. ડેવિડ હેમેરી જે અગાઉ આ સ્પર્ધામાં વિજેતા બનેલો તેને ત્રીજા સ્થાને કાંસ્યચંદ્રક પ્રાપ્ત થયો. આ પરાજયને તેણે પચાવી લીધો અને નવા વિજેતાની સિદ્ધિને બિરદાવતાં કહ્યું :

'મને ખુશી છે કે મારો ચંદ્રક તથા વિશ્વવિક્રમ (મારા હાથમાંથી) આ રીતે સરકી ગયાં છે. જો વધુ સમયાંકથી તેમ બન્યું હોત તો તે ઘટનાને હું અવશ્ય ધિક્કારત.' યુ.એસ.એસ.આર.ના વિક્ટર સેનેયેફ ટ્રિપલ જંપની સ્પર્ધા સતત બીજી વાર જીતી જતાં તેને ફરી સુવર્ણ ચંદ્રક મળ્યો. ઊંચા કૂદકાની સ્પર્ધામાં રશિયનોએ જીત મેળવી. હેમરે થ્રોની સ્પર્ધામાં રશિયન ખેલાડી બોન્ડારચૂકે નવો ઑલિમ્પિક આંક નોંધાવ્યો. ડેકાથ એવિલોફ દ્વારા ૮,૪૫૪ પોઈન્ટ મેળવતાં નવો વિશ્વવિક્રમ

થયો. પશ્ચિમ જર્મનીના ક્લૉસ વૂલ્ફરમેને ૨૯ ફીટ, ૧૦ ઇંચ જેટલા અંતરે ભાલાફેંક કરીને નવો વિક્રમ સ્થાપ્યો. પૂર્વ જર્મનીના ખેલાડી ફ્રેન્કેલે ૨૦ કિ.મી. ચાલની સ્પર્ધામાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો, જ્યારે ૫૦ કિ.મી.ની સ્પર્ધા પશ્ચિમ જર્મનીના સ્પર્ધક કેનનબર્ગ જીતી જતાં તેને સુવર્ણચંદ્રકની પ્રાપ્તિ થઈ. મહિલાઓ માટેની નવી ઑલિમ્પિક સ્પર્ધા, ૧૫૦૦ મીટર દોડ યુ.એસ.એસ.આર.ની સ્પર્ધક લુડમિના બ્રેગિનાએ અંતિમ સ્પર્ધા ૪ મિનિટ, ૧.૪ સેકન્ડ લુડમિના બ્રેગિનાએ અંતિમ સ્પર્ધા ૪ મિનિટ, ૧.૪ સેકન્ડના વિશ્વવિક્રમી સમયાંકથી જીતી લીધી અને 'ચાર મિનિટે એક માઈલ'નુ ંલક્ષ્યાંક મહિલાઓ માટે સમીપ આણ્યું. સમગ્ર રીતે જોતાં આ રમતોત્સવમાં યુ.એસ.એસ.આર. તથા પૂર્વ અને પશ્ચિમ જર્મની છવાઈ ગયા. ગ્રેટબ્રિટનને એક માત્ર યાદગીરીરૂપ પેન્ટાથ્લોન સ્પર્ધાનો મેરી પિટર્સનો ૪,૮૦૧ આંક સાથેનો વિજય જ બની રહ્યો. પૂર્વ જર્મનીની રૂથ ફૂક્સે ભાલાફેંકની સ્પર્ધામાં ૨૦૯ ફીટ ૭ ઇંચ જેટલા અંતરે ભાલો ફેંકીને ઑલિમ્પિક વિક્રમ સ્થાપ્યો. શૉટ-પૂટની સ્પર્ધા નાદિઝ્ફા શીઝ્લોવાએ પોતાના અગાઉના વિશ્વવિક્રમને આંબી જઈને ૬૯ ફીટનો નવો વિક્રમ નોંધાવ્યો.

આ રમતોત્સવની તરણસ્પર્ધા કેલિફોર્નિયા, અમેરિકાના રમતવીર માર્કસ્પિટ્ઝની સિદ્ધિઓને કારણે અવિસ્મરણીય રહેશે. તેણે સાત સુવર્ણચંદ્રકો મેળવ્યા અને તે પણ ફક્ત આઠ દિવસના ગાળામાં ! વધુ નોંધપાત્ર બાબત એ છે કે, દરેક સ્પર્ધામાં તેણે નવો વિશ્વવિક્રમ પ્રસ્થાપિત કર્યો. આસ્ટ્રેલિયાની ૧૫ વર્ષીય શેઈન ગાંલ્ડે ત્રણ સુવર્ણચંદ્રકો મેળવીને તરણસ્પર્ધામાં નવા વિશ્વવિક્રમો સ્થાપ્યા.

(૧૮) મૉન્ટ્રિયલ, ૧૯૭૬ : આ રમતોત્સવ ઑલિમ્પિક રમતો અને પ્રવૃત્તિ ઉપર છવાઈ ગયેલા રાજકીય વર્ચસ્વને લીધે દુઃખદ રીતે યાદ રહેશે. રમતોત્સવ શરૂ થવાના થોડાક સમય અગાઉ જ કેનેડાના રાજ્યકર્તાઓએ ચીની પ્રજાસત્તાકના સ્પર્ધકોને ભાગ લેતાં રોક્યા. તદુપરાંત આફ્રિકન રાજ્યો તથા તેમના સાથી દેશોએ ન્યૂઝિલૅન્ડની રંગભેદની નીતિના વિરોધમાં રમતોનો બહિષ્કાર કર્યો. આને કારણે ઑલિમ્પિકના આદર્શોને પારાવાર નુકસાન પહોંચ્યું. ફક્ત ૮૮ જેટલા દેશોએ જ આ રમતોત્સવમાં ભાગ લીધો.

આમ છતાં, પુરુષો માટેની ટ્રૅક ઍન્ડ ફિલ્ડ ઇવેન્ટ્સની સ્પર્ધાઓમાં પાંચ નવા વિશ્વવિક્રમો સર્જાયા તથા દસ નવા ઑલિમ્પિક આંક પણ નોંધાયા, પણ નોંધાયા. ૮૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર હર્ડલ્સ અને ૩,૦૦૦ મીટર સ્ટીપલચેઈઝની સ્પર્ધાઓમાં પણ નવા વિશ્વવિક્રમો સ્થપાયા. ક્યુબાના આલ્બર્તો જૂઆનટોરેનાએ હરણફાળો ભરીને ૪૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડ એ બન્ને સ્પર્ધાઓ આગવી છટાથી જીતી. યુનાઈટેડ સ્ટેટ્સના ૨૦ વર્ષીય એડ્ મોઝીઝે ૪૭.૬૪ સેકન્ડમાં ૪૦૦ મીટર હર્ડલ્સની સ્પર્ધા જીતીને નવો વિશ્વવિક્રમ સ્થાપ્યો. સ્ટીપલચેઈઝની સ્પર્ધામાં સ્વીડનના એન્ડર્સ ગાર્ડેરૂડ ૮ મિનિટ, ૮ સેકન્ડના વિશ્વવિક્રમી સમયથી જીત મળી. પરંતુ આ સઘળા વિજયોને ઝાંખા પાડી દેતો દેખાવ ફિનલેન્ડના દોડવીર લેસે વીરેને કર્યો. ભૂતકાળમાં વ્હાદિમિર કુત્ઝ, એમિલ ઝેટોપેક અને હાન્સ કોલેહેમેઈને જે કામ કરી બતાવેલું તેવું જ પોતાના બે ખિતાબોને જાળવી રાખવાનું કપરું કામ વીરેને કરી બતાવ્યું. ૫,૦૦૦ મીટર દોડ તેમ જ ૧૦,૦૦૦ મીટર દોડ એ બન્ને સ્પર્ધાઓ તેણે ફરી જીતી લીધી. સોવિયેટ યુનિયનના વિક્ટર સેનીવે ટ્રીપલ જમ્પની સ્પર્ધા ત્રીજી વખત જીતી લીધી. મહિલાઓ માટેની રમતોમાં રશિયાની તાત્યાના કેઝાન્કિનાએ ૮૦૦ મીટર અને ૧૫૦૦ મીટર દોડની બન્ને સ્પર્ધાઓમાં વિજય મેળવી એ સાબિત કર્યું કે લાંબા અંતરની દોડમાં પુરુષોની માફક મહિલાઓ પણ સક્ષમતાથી ભાગ લઈ શકે છે. ૮૦૦ મીટર દોડની સ્પર્ધામાં કુલ ચાર મહિલાઓએ પ્રવર્તમાન વિશ્વવિક્રમ સર કરી નવો આંક સ્થાપ્યો. પોલેન્ડની એક ૩૦ વર્ષીય માતા આઇરિન સ્ઝેવીન્સ્કાએ ૧૯૬૮માં ૨૦૦ મીટર દોડનો ખિતાબ જીતી લીધો હતો તેમજ ટોકિયો અને મ્યુનિચની સ્પર્ધાઓમાં પણ ચંદ્રકો મેળવ્યા હતા. આ વખતે પણ ૪૦૦ મીટર દોડની સ્પર્ધા આગવી અદાથી જીતી લીધી અને તેમ થતાં સળંગ ચાર ઑલિમ્પિક સ્પર્ધાઓ જીતનાર તે પ્રથમ મહિલા બની. મહિલાઓની ટ્રૅક ઍન્ડ ફિલ્ડ ઇવેન્ટ્સની સ્પર્ધાઓમાં પૂર્વ જર્મની છવાઈ ગયું. તેના સ્પર્ધકોએ કુલ ૧૪ સુવર્ણચંદ્રકોમાંથી ૯ જીતી લીધા. તરણસ્પર્ધાઓમાં યુનાઈટેડ સ્ટેટ્સ તથા પૂર્વ જર્મનીનું જ વર્ચસ્વ રહ્યું. અમેરિકન પુરુષ સ્પર્ધકોને ૭૮માંથી ૩૪ ચંદ્રકો મળ્યા જેમાંથી ૧૨ સુવર્ણચંદ્રકો હતા. પૂર્વ જર્મનીની મહિલા હરીફોએ કુલ તેરમાંથી ૧૧ ઑલિમ્પિક ઇલ્કાબો જીત્યા. પૂર્વ જર્મનીની કોર્નેલિયા ઍન્ડર કે જેણે ફક્ત ૧૩ વર્ષની વયે મ્યુનિચમાં રજતચંદ્રક મેળવ્યો હતો તેણે આ વખતે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ફ્રીસ્ટાઈલની સ્પર્ધાઓ વિશ્વવિક્રમો નોંધાવી જીતી લીધી. તદુપરાંત ૧૦૦ મીટર બટરફ્લાઈની સ્પર્ધામાં નવો વિશ્વવિક્રમ નોંધાવ્યો.

જ્હૉન નેબર પુરુષોની સ્પર્ધાઓનો 'ઍન્ડર' બની રહ્યો. તેણે બે બૅકસ્ટ્રોક અંગેના સુવર્ણચંદ્રક મળવ્યા, બે રીલેરેસ અંગેના પણ સુવર્ણચંદ્રકો મેળવ્યા અને ૨૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં રજતચંદ્રક પ્રાપ્ત કર્યો. બ્રિટન માટે પણ આ એક સફળ રમતોત્સવ બની ગયો. મુખ્યત્વે ડેવિડ વિલ્કીની અપ્રતિમ સિદ્ધિએ બ્રિટનને એક સુવર્ણચંદ્રક, એક રજતચંદ્રક તથા એક કાંસ્યચંદ્રક અપાવ્યા. વિલ્કી ૧૯૦૮ બાદ સૌથી પ્રથમ બ્રિટિશ હરીફ હતો જેણે તરણસ્પર્ધામાં

સુવર્ણચંદ્રક હાંસલ કર્યો હતો. અમેરિકન ખેલાડી જિમ મોન્ટગોમરીએ ત્રણ સુવર્ણચંદ્રકો મેળવ્યા. તેણે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલની સ્પર્ધા ૪૯.૯૯ સેકન્ડમાં જીતી લીધી. સમગ્રપણે જોઈએ તો કુલ ૨૬ વિશ્વવિક્રમો પૈકી ફક્ત ચાર વિક્રમો જ યથાવત્ રહ્યા તથા ફક્ત એક જ ઑલિમ્પિક વિશ્વવિક્રમ ૧૭ વર્ષીય બ્રાયન ગૂડેલ નામના યુવાને ભૂંસી નાખ્યો. જીમ્નેસ્ટીક્સની રમતોએ અન્ય રમતોની સરખામણીમાં સારાય વિશ્વમાં રોફ જમાવી દીધો અને તે પણ ફક્ત પાંચ ફીટની ઊંચાઈ ધરાવતી રુમાનિયાની એક બાલિકા નાદિયા કોમેનેસીને કારણે. ૧૯૭૨માં રમતોત્સવના સમયે સોવિયેત રશિયાની ઓલ્ગા કોર્બુતના દેખાવથી પ્રેક્ષકોમાં રસ જાગ્યો હતો. નાદિયાએ તો પોતાના સર્વાંગ સંપૂર્ણ ચોકસાઈભર્યા દેખાવને કારણે જીમ્નેસ્ટીક્સની સ્પર્ધામાં લોકોત્સાહની ભરતી આણી. ઑલિમ્પિક રમતોત્સવના ઈતિહાસમાં પહેલી વાર જ નાદિયાએ પ્રથમ દિવસે ૧૦ માં ૧૦ ગુણ મેળવ્યા અને તેવી સિદ્ધિ રમતોત્સવ દરમ્યાન સાત સાત વાર મેળવી ! આમ છતાં ટીમ વિજેતાપદ રશિયા પાસે યથાવત્ રહ્યું. પુરુષોની સ્પર્ધાઓમાં ફક્ત ૦.૪ પૉઈન્ટના તફાવતથી ટીમ વિજેતાપદ મેળવ્યું. પેન્ટાથ્લોનની સ્પર્ધામાં બ્રિટનને અણધારી સફળતા સાંપડી. એક આરમી સરજન્ટ અને બે નાગરિકોની બનેલી ટીમે યાદ રહી જાય તેવી તંગદિલીભરી આખરી સ્પર્ધા કુલ ૫૩૭ આંક મેળવીને ૧૦૮ આંકના તફાવતથી જીતી.

(૧૯) મૉસ્કો, ૧૯૮૦ : મૉસ્કો ખાતે યોજાયેલ ૨૨મા રમતોત્સવમાં રાજકારણે ફરી એક વાર ભાગ ભજવ્યો. ૬૨ જેટલા રાષ્ટ્રોએ રશિયાએ અપઘાનીસ્તાન પર કરેલા આક્રમણના વિરોધમાં રમતોત્સવનો બહિષ્કાર કર્યો. એની અસરને દૂર કરવા માટે રશિયનોએ ભભકાભર્યું પ્રદર્શન કરી આંજી દેવાનો પ્રયત્ન કર્યો. હ્યુમન પિરામિડ અને સ્ટેડિયમ - કાર્ડ ડિસ્પ્લેઝ જેવા અભિનવ નુસખાઓ પણ તેમણે સફળતા મેળવવા અપનાવ્યા. અતિ નાટકીય પરિણામો પૈકી એક પરિણામ બ્રિટનના સેબેસ્ટિયન કોનો પોતાના સાથી સ્ટીવ ઓવેટ પરની નાટ્યાત્મક જીત હતી. ઓવેટે સતત ૪૨ દોડમાં વિજય મેળવ્યા હતા. આ વિજય અગાઉ ૮૦૦ મીટર દોડની સ્પર્ધામાં કોએ ઑવેટ સામે હાર ખમવી પડી હતી.

(૨૦) લૉસ એન્જેલિસ, ૧૯૮૪ : આ રમતોત્સવમાં સોવિયેત રશિયા અને તેના તેર સાથીઓએ રમતોત્સવનો બહિષ્કાર કરી બદલો લીધો. યુનાઈટેડ સ્ટેટ્સના ખેલાડીઓને આથી મોકળું મેદાન મળ્યું. પુરાણાં ગૌરવ તથા ગર્વ અને આંધળા કટ્ટર દેશાભિમાનની તીવ્ર મનોભાવનાને બહેકાવાની તક સાંપડી. ચોપાસ લહેરાતા અમેરિકન રાષ્ટ્રધ્વજોએ અમેરિકન સ્પર્ધકોને વધુ પોરસ ચઢાવવા પ્રેરણા આપી. અમેરિકન ખેલાડીઓની સિદ્ધિઓની હારમાળામાં જોકે એક પછડાટનો અનુભવ પણ થયો. બ્રિટનનું પ્રતિનિધિત્વ કરતી દક્ષિણ આફ્રિકાની ઝોલાબડ સાથે ચર્ચાસ્પદ રીતે જોરદાર રીતે અથડાતાં અમેરિકાની આશાસ્પદ ખેલાડી યુવતી મેરી ડેકર પાછળ પડી ગઈ અને પ્રથમ સ્થાન મેળવવાને બદલે સાતમા સ્થાને આવી. આ પછડાટ એને માટે તેમજ અમેરિકન ટુકડી માટે આઘાતજનક બની રહ્યો. બાદમાં સમગ્ર દોડની ફિલ્મ ધ્યાનપૂર્વક નિહાળતાં એ બાબતની ખાત્રી થઈ કે બન્ને દોડવીરો નિર્દોષ હતા, અને બન્નેમાંથી કોઈએ પણ ઑલિમ્પિક રમતોની ભાવનાનો દ્રોહ કર્યો ન હતો.

(૨૧) સેઉલ, ૧૯૮૮ : રંગબેરંગી પટાઓએ ૧૯૮૮ના રમતોત્સવની રંગીનતાની સુંદર છબિ જગત સમક્ષ પ્રસ્તુત કરી. અમેરિકન મહિલા ખેલાડી ઝડપી દોડ નિષ્ણાત ફ્લોરેન્સ ગ્રિફિત જેને ફ્લો-જોના હુલામણા નામથી ઓળખવામાં આવતી હતી, તેણે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ઝડપી દોડ (dashes)ની સ્પર્ધાઓ ખૂબ મોટા અંતરથી જીતી લીધી અને ફલ સ્વરૂપે સવર્ણચંદ્રકો મેળવ્યા. તદુપરાંત ૪ × ૧૦૦ મીટર રિલેની સ્પર્ધામાં પણ સુવર્ણચંદ્રક મેળવી બતાવ્યો.

વિજયોની સિદ્ધિઓ નોંધાતી રહી અને વિજયચંદ્રકો નિયમાનુસાર વહેંચાયા પણ ખરા પરંતુ એક બનાવે રમતોત્સવના ઉમંગ ઉલ્લાસમાં વિક્ષેપ જરૂર પાડ્યો. કેનેડાના sprinter ઝડપી દોડવીર બેન જ્હોન્સને ૧૦૦ મીટર ઝડપી દોડમાં ૧.૫ મી.થી ભવ્ય વિજય મેળવ્યો તો ખરો પરંતુ સ્પર્ધા બાદની મૂત્ર ચિકિત્સાએ જેવું પુરવાર કર્યું કે જહૉન્સને નશો આણનાર ઔષધનું જરૂર સેવન કર્યું છે ત્યારે તેને સુવર્ણચંદ્રકથી વંચિત કરી દેવામાં આવ્યો. આ પ્રકારની ઘટના ઑલિમ્પિક રમતોના ઈતિહાસની પ્રથમ દુઃખદ તથા આઘાતજનક ઘટના બની ગઈ.

(૨૨) બાર્સિલોના, ૧૯૯૨ : બાર્સિલોનાના ૨૫મા ઑલિમ્પિક રમતોત્સવમાં કુલ ૧૦,૬૩૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને કુલ ૧૭૧ દેશોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સૌથી વધુ સ્પર્ધકો ટ્રેક એન્ડ ફિલ્ડની સ્પર્ધામાં હતા જેમાં ૧૯૩૫ ખેલાડીઓએ નસીબ અજમાવ્યું હતું. બીજો ક્રમ રોઈંગની સ્પર્ધાનો આવે છે. જેમાં ૬૯૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. Synchronized Swimming તથા Mordern Pantathlonની સ્પર્ધાઓમાં ઘણી ઓછી સ્પર્ધક સંખ્યા નોંધાઈ - સ્વીમિંગમાં કુલ ૫૩ મહિલાઓ અને પેન્ટાથ્લોનમાં ૮૧ ખેલાડીઓ હતા. અમેરિકાએ ૬૦૭ સ્પર્ધકોની સૌથી મોટી ટીમ મોકલી હતી. જોકે ચંદ્રકો જીતવામાં ભૂતપૂર્વ સોવિયેત રશિયાની ટીમ મોખરે રહી હતી. ૧૧૨ ઑલિમ્પિક ચંદ્રકો, જેમાં ૪૫ સુવર્ણ, ૩૮ રજત અને ૨૯ કાંસ્ય ચંદ્રકોનો સમાવેશ થયો હતો, તે જીતીને બાર્સિલોના ખાતે તેણે શાનદાર પ્રદર્શન

કરી બતાવ્યું હતું. એની સરખામણીમાં અમેરિકનોએ ૩૭ સુવર્ણ, ૩૪ રજત તથા ૩૭ કાંસ્ય ચંદ્રકો મળીને કુલ ૧૦૮ ચંદ્રકો સાથે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

બાર્સિલોનાના રમતોત્સવે અભૂતપૂર્વ સિદ્ધિઓના સ્વામી તથા અનેક વિશ્વ અને ઑલિમ્પિક વિક્રમો પોતાના કરી લેનાર યુક્રેનના અવિસ્મરણીય ખેલાડી સર્ગેઈ (સર્જી) બુબ્કાને આકરો આઘાત આપ્યો. પોલ વૉલ્ટની સ્પર્ધાના પોતે જ સર્જેલા વિક્રમોને તોડી નાખવાની આદત ધરાવનાર બુબકાએ આ વખતે નવો રેકર્ડ સ્થાપવાનો પાકો નિર્ધાર કરેલો હતો પરંતુ તે આશા અપૂર્ણ રહી. પોતાનો ૬.૧૧ મીટરનો વિક્રમ તોડવાનું અને સુવર્ણચંદ્રક જીતી લેવાનું તેનું ભવ્ય સ્વપ્ન સાકાર ના જ થયું. કરુણ ઘટના, આઘાતજનક બાબત તો એ બની કે જે સ્પર્ધક બારને ૫.૮ મીટરની ઊંચાઈએ ગોઠવાવ્યા બાદ જ અદ્ભુત દેખાવ કરવાનું શરૂ કરતો તે આ વખતે ૫.૭૫ મીટરનો કૂદકો પણ સફળતાપૂર્વક મારી શક્યો નહીં અને સ્પર્ધામાંથી ફેંકાઈ ગયો ! ઑલિમ્પિક સ્પર્ધા ૧૯૯૨નો આ એક ખરેખરો Upset હતો, જબરજસ્ત પછાડ હતો. કુલ ૬૪ દેશોના હરીફોએ પોતાના દેશને ચંદ્રકો અપાવ્યા. પાકિસ્તાન, ઘાના અને મલેશિયા જેવા કુલ ૧૧ દેશોને એક એક કાંસ્યચંદ્રક મળ્યો, પરંતુ ભારતની ટીમ સિદ્ધિ મેળવ્યા વગર - એક પણ ચંદ્રક મેળવ્યા સિવાય સ્વદેશ પરત આવી એ સૌથી વધુ દુ:ખદાયી હકીકત બની રહી, શરમજનક ઘટના બની રહી. ચીન પછી વસ્તી સંખ્યામાં દ્વિતીય સ્થાન મેળવનાર ભારતે એક પણ ચંદ્રક મેળવવાની ક્ષમતા ધરાવનાર ખેલાડીનો અભાવ અનુભવ્યો !

જોકે આશા અમર છે એ ન્યાયે ૧૯૯૬માં એટલાન્ટા ખાતે યોજાનાર ઑલિમ્પિક રમતોમાં ભારતીય સ્પર્ધકો - હૉકી ટીમની રાહબરી હેઠળ - ચંદ્રકો જીતી લઈને દેશને ગૌરવ અપાવશે એવી અપેક્ષા આપણે સહુ રાખીએ ! □

અનુસંધાન] ક્ષ-કિરણો અને સ્ફટિકવિદ્યા [પૃ. ૩૫૯થી

ફ્રાંસના ગ્રેનોબલ ખાતે ઇંગ્લંડની ભાગીદારી સહિત બીજા અગિયાર ભાગીદારો વડે યુરોપિયન સિન્ક્રોટ્રોન રેડિએશન સુવિધા નામની સંસ્થા સ્થાપવામાં આવી છે, જે અત્યારે કાર્યરત છે અને પ્રબળ ક્ષ-કિરણો સુલભ છે. આવા અતિસૂક્ષ્મ તરંગલંબાઈવાળા ક્ષ-કિરણોની મદદથી અતિસૂક્ષ્મ સ્ફટિકમય સંરચનાઓનો અભ્યાસ સરળ બન્યો છે.

ક્ષ-કિરણ સ્ફટિકવિજ્ઞાન એવું ક્ષેત્ર છે કે જે ભૌતિકવિજ્ઞાનની પરંપરાગત સીમાઓ ભેદીને સરળતાથી રસાયણવિજ્ઞાનમાં પ્રવેશ કરી ચૂક્યું છે. અહીંથી આગળ વધીને આ વિજ્ઞાને જીવવિજ્ઞાનમાં ભારે પગરણ કર્યું છે. પરિણામે ઔદ્યોગિક અને તબીબી ક્ષેત્રે તેની ઉપયોગિતા પ્રત્યે ભારે ગુંજાશ પેદા થઈ છે. રૉંજનની ક્ષ-કિરણોની શોધે તો અણુ-પરમાણુની સંરચના જાણવા માર્ગ મોકળો કરી આપ્યો છે એટલું જ નહિ, પણ ક્ષ-કિરણ સ્ફટિકવિજ્ઞાન ભવિષ્યમાં ઘણી બધી સફળતાઓ અપાવશે. □

અનુસંધાન] આપણા સ્વરકાર [પૃ. ૩૫૭થી

માનવના જન્મથી જનાના સુધીના પ્રસંગોની વણઝાર એમના સાડા બાર હજાર ગીતોમાં ગૂંથાઈ છે.

એક યોગાનુયોગ ઘટનાની વાત કરું તો અવિનાશ વ્યાસ અને લતા મંગેશકરના ગુરુજી એક હોઈ અવિનાશભાઈ જીવ્યા ત્યાં સુધી આ ગુરુભાઈ ને ગુરુબહેન લતા મંગેશકરે હર બળવેના દિવસે રક્ષાબંધન-વ્યવહાર પ્રેમથી જાળવ્યો હતો.

અવિનાશ વ્યાસના ગીતગજરામાં એક ફૂલગુલાબી ગીતની સુવાસ એવી ને એવી તાજીમાજી રહી છે તે જ્યોત્સ્નાબહેનના નામે વસુબહેનના કંઠે ગવાયેલું ગીત 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ અંબોડલે શોભે સોહામણી એ ઝૂલ.' આ ફૂલ તે વસુબહેનની વેણીમાં ગૂંથાએલું અવિનાશી ફૂલ. એમના અપાર હેતે અને હૂંફે પદ્મવિભૂષણને વરેલો મઘમઘતો બાગ બની ગયો. આ ભાગ્યશાળી દંપતીની એ બેમિશાલ બંદીશ આજે પણ ગુજરાતને સ્વરથી તરબતર કરી રહી છે. □

અનુસંધાન] કંકાવટી [પૃ. ૩૭૨થી

જગાએ મૂકીને તેમાં લવિંગ, કપૂર કે લીમડાનાં પાન મૂકવાં હિતાવહ છે.

* ઓવન ક્લીનર્સને સ્થાને બેકિંગ સોડા અને પાણીનો ઉપોયગ વધુ સારો છે.
* બાથરૂમના ટાઈલ્સ સાફ કરવા માટે એસિડ ન વાપરો. તેને બદલે માઈલ્ડ ડિટર્જન્ટમાં બેકિંગ સોડા ઉમેરીને બ્રશથી ઘસો. પછી પાણીથી ધોઈ લો.
* એમોનિયાયુક્ત ક્લીનરો જલદ હોય છે. ત્વચા માટે પણ નુકસાનકારક છે. તેને બદલે વિનેગર, મીઠા અને પાણીનું મિશ્રણ વાપરવું સલાહભર્યું છે.
* સફેદ કપડાંના ઉઘાડ અને ચમક માટે અડધો કપ સફેદ વિનેગર, બેકિંગ સોડા અથવા બોરેક્સ વાપરી શકાય.
* વંદા મારવા માટે હાનિકારક જંતુનાશકોને બદલે ખાંડનું મિશ્રણ આદર્શ છે. દીવાલો તથા બારણાની તિરાડોમાં મરચાંની ભૂકી ભભરાવી દેવાય તો ત્યાં કીડી-મકોડાં નથી થતાં.

- શ્રુતિ ત્રિવેદી

કબ્રસ્તાનનો ભેદ

મૂ. લે. : સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

બીજા દિવસની સવાર. ફેલુદાએ પોતે જ મને એની રૂમમાં બોલાવ્યો હતો. કાલે રાતના લાલમોહનબાબુ અમને ઉતારી ગયા પછી અર્ધા કલાકમાં નહાવા-જમવાનું પતાવી ફેલુદાએ પોતાની રૂમમાં જઈ બારણાં અંદરથી વાસી દીધાં હતાં. સાચું કહું તો રાતના મને ઊંઘ પણ બરાબર નહોતી આવી. એવું લાગતું હતું અમે એક અદ્‌ભુત પેચદાર રહસ્યની જાળમાં સપડાયા હતા. આ આંટીઘૂંટી પાસે લખનૌની ભુલભુલામણી હાર માની જાય. કઈ બાજુ કઈ રીતે જવું એ મને ખબર નથી, બધો ભરોસો ફેલુદા પર છે અને છતાં થાય છે કે શું ફેલુદાને પોતાને આ ભુલભુલામણીમાંથી બહાર નીકળતાં આવડતું હશે ખરું!

ફેલુદા એના રૂમમાં પોતાના પલંગ પર બેઠો હતો, એની આગળ ટૉમસ ગોડવીનનું બૉક્સ અને એની અંદરની વસ્તુ પલંગ પર પાથરેલી હતી. બે સફેદ તમાકુ પીવાની પાઈપ - એવી પાઈપ મેં ક્યારેય નજરે દીઠી નહોતી; એક ચાંદીની છીંકણીની ડબ્બી. એક સોનાનાં ચશ્માં, અને ચાર ચામડાથી બાંધેલી ડાયરી અને એ પ્રત્યેકના પૂંઠા પર સોનેરી અક્ષરે લખેલું 'ડાયરી'. જે ડાયરી રેશમથી બાંધેલી હતી, એ બિછાના પર પડી હતી, અને તેની બાજુમાં હતી બ્લુ રિબન. ફેલુદાએ એક ડાયરી મારી તરફ લંબાવી કહ્યું : 'ખૂબ સાવધાનીથી પહેલું પાનું ખોલીને જો.'

'આ શું, આ તો શાર્લોટ ગોડવીનની ડાયરી!'

'૧૮૫૮થી'૬૨ સુધી. મોતી જેવા અક્ષરો અને એવી જ સરસ ભાષા. કાલે આખી રાત વાંચીને પૂરી કરી. કેવી અમૂલ્ય વસ્તુ એ રિપનલેનના અંધકૂપમાં આટલા સમય સુધી પડી રહી હતી એ વિચારી પણ નથી શકાતું.'

હું અવાક્ બની પ્રથમ પાના ભણી જોતો હતો, પણ પાનું ફેરવવાનું સાહસ નહોતું થતું, કારણ પાનાંઓ જર્જરિત થઈ ગયાં હતાં. ફેલુદા કહે: 'એરનાકિસે આ ડાયરી ખોલી હતી.'

'તમને શી રીતે ખબર પડી?'

'પાનાંને બેદરકારીથી ફેરવવા જતાં પાનાંની જમણી બાજુના ઉપલા ખૂણાઓ અંગૂઠાના ભારથી ભાંગી જાય છે, આ જો.' ફેલુદાએ એક પાનું અસાવધાનતાથી ઉલટાવી દેખાડી દીધું.

'એટલું જ નહીં' ફેલુદા બોલ્યો. 'આ રીબન જો! કેટલીક જગ્યાએથી સડી ગઈ છે - એકસો વર્ષથીએ બધુ સમયથી ગાંઠ બાંધેલી હાલતમાં રહી હતી તેથી; પણ આ સડેલી જગ્યા છોડી દે તો પણ, આ જો અહીં નવી જગ્યાએ ગાંઠ મારવાથી રીબન કેવી થઈ ગઈ છે? જેણે ખોલી છે એણે બરાબર એ જ જગ્યાએ ફરીથી ગાંઠ સાચવીને મારી નથી. એમ કરત તો ખબરે ન પડત.'

'તમારી આંગળી પર આ કાળો ડાઘ શાનો છે?' એ મેં રૂમમાં દાખલ થતાં જ જોયો હતો.

'એ એક બીજી ક્લૂ છે.' ફેલુદા બોલ્યો. 'એ તને પછી સમજ પડશે. એ ડાઘ છીંકણીની ડબ્બીનો લાગ્યો છે.'

'ડાયરી વાંચવાથી શું શું જાણવા મળ્યું?'

ઇંતેજારીથી મારો શ્વાસ રૂદ્ધ થઈ જવા આવ્યો હતો.

'ટૉમસ ગોડવીનના જીવનના છેલ્લા દિવસોની વાતો.' ફેલુદાએ કહ્યું. 'એક દીકરો મરી ગયો હતો. બીજા દીકરા ડેવિડ પર જરાયે વિશ્વાસ નહોતો અને ખેંચાણે નહોતું. કોઈનો પણ એ ટ્રસ્ટ કરતો નહોતો. એ તો ઠીક, પોતાની દીકરી શાર્લોટને પણ નહિ. પણ શાર્લોટે તોય એની ચાકરી કરી હતી, જીવજાનથી વહાલ કર્યું હતું, ભગવાન પાસે એની શુભ કામના માટે પ્રાર્થના કરી હતી. જુગારમાં ટૉમસ ગોડવીને સર્વસ્વ ગુમાવ્યું હતું. શાર્લોટ પોતે સીલાઈ કામ કરે, કાર્પેટ વણે એ કલકત્તાની મેમસાહેબોને વેચી ઘર ચલાવ્યું હતું. ગોડવીનને જે લખનૌના નવાબ પાસેથી કીમતી વસ્તુઓ મળી હતી એ બધી એણે વેચી નાખી હતી, કેવળ ત્રણ વસ્તુ સિવાય. એક આ કાસકેટ અને બીજી આ છીંકણીની ડબ્બી - જે એણે પહેલાં જ શાર્લોટને આપી હતી - અને ત્રીજી હતી સાદત પાસેથી મળેલી એની પહેલી બક્ષિસ.'

'એ ય એણે શાર્લોટને દીધી હતી?'

'ના, એ એમણે કોઈને નહોતી દીધી. મરતાં પહેલાં દીકરીને કહી ગયો હતો કે એ એની સાથે કોફીનમાં મૂકી એના મૃતદેહ સાથે કબરમાં દફનાવે. શાર્લોટે એના બાપની ઇચ્છા પૂરી કરી ને એને મનમાં શાંતિ વ્યાપી હતી.'

'એ શું હતું?'

'શાર્લોટની ભાષામાં 'ફાધર્સ પ્રેશિયસ પેરિગેલ રિપીટર'.'

'એ વળી શું?'

'અહીં જ ફેલુ મિત્તિર ફેલ થઈ ગયો છે, તોપસે! ડિક્શનરી કહે છે કે, રિપીટર બંદૂક અથવા પિસ્તોલ પણ હોઈ શકે, અને વળી ઘડિયાળ પણ હોઈ શકે. પેરિગેલ કદાચ કંપનીનું નામ છે. સિધુકાકા પણ સ્યોર નથી. તું ઊંઘમાંથી ઊઠ્યો એ પહેલાં હું એમને ઘેર એક આંટો જઈ આવ્યો. જોઉં વખતે વિકાસબાબુ કંઈક પ્રકાશ પાડે તો!'

પાર્ક સ્ટ્રીટમાં એક લિલામની દુકાન છે નામ પાર્ક ઑકશન હાઉસ. ત્યાં વિકાસ ચકવર્તી નામે એક સજ્જન કામ કરે છે. જેની જોડે ફેલુદાને સારી ઓળખાણ છે. એક કેસ માટે ફેલુદાને ત્યાં

કેટલીક વાર જવું પડ્યું હતું. ત્યારથી ઓળખાણ થઈ છે.

'આ તે દિવસે દુકાન પાસેથી જતી વખતે જોયું હતું. ઘણી બધી જૂની પુરાણી ઘડિયાળો ગોઠવી હતી. મને લાગે છે કે એ બંદૂક-ફંદૂક નહિ, ઘડિયાળ જ હશે.'

લાલમોહનબાબુ આવ્યા એ પહેલાં ફેલુદાએ શાર્લોટ ગોડવીનની ડાયરીમાંથી ઘણી બધી વાતો કરી. શાર્લોટની એક ભત્રીજી કે ભાણેજની વાત પણ એ ડાયરીમાં છે. શાર્લોટે એનો ઉલ્લેખ 'માઈ ડિયર ક્લેવર નીસ' તરીકે કર્યો છે. એણે કોઈ કારણસર પોતાના દાદાને અસંતુષ્ટ કર્યા હતા. પણ મરતાં પહેલાં ટૉમસ ગોડવીને એને માફ કરી, આશીર્વાદ આપી ગયા હતા. શાર્લોટના બે ભાઈ ડેવિડ અને જોનની વાત પણ ડાયરીમાં છે. ડેવિડની કબર આપણે સર્ક્યુલર રોડના કબ્રસ્તાનમાં જોઈ છે. જોને વિલાયતમાં જ હતો ત્યારે આપઘાત કર્યો હતો. શા માટે એ શાર્લોટને ખબર નહોતી પડી.

લાલમોહનબાબુ આવીને બોલ્યા : 'કાલ સવાર સુધી હું અવઢવમાં હતો - પુલક માટે ભક્તિ ભરી વાતો લખું કે તમારી સાથે જોડાઈ જાઉં! કાલના બનાવ પછી હવે દ્વિધા નથી. થ્રિલ ઇઝ બેટર ધૅન ભક્તિ. પેલા બૉક્સમાંથી કંઈ મળ્યું?'

'એક સવાસો વર્ષ જૂની ડાયરીમાંથી જાણવા મળ્યું કે ટૉમસ ગોડવીનની કબર ખોદવાથી વખતે પેરિગેલ રિપીટર મળી શકે.'

'કેવું પીટર?'

'ચાલો બહાર નીકળીએ. પેટ્રોલ કેટલું છે?'

'આજે સવારે જ દસ લિટર ભર્યું છે.'

'ગુડ, જરાક રખડપટ્ટી કરવાની છે.'

પાર્ક ઑક્શન હાઉસમાં દાખલ થતાં જ ફેલુદાનાં ભવાં સંકોચાઈ ગયાં.

'આવો મિસ્ટર મિત્તિર! ખૂબ નસીબદાર છું હું! કોઈ નવો કેસ-બેસ છે કે શું?'

વિકાસબાબુ સામા આવ્યા. મજાનો ચકચકતો ભરાવદાર ચહેરો, ગલોફામાં પાન. ખબર નહિ, પણ જોઈએ તો લાગે કે નોર્થ કેલકાટાના માણસ હશે.

'તમે નસીબદાર છો એ તો દેખાય જ છે.' ફેલુદા બોલ્યો. 'આ તે દિવસે લગભગ આઠેક ઘડિયાળ અહીં ગોઠવેલી હતી. આટલા દિવસમાં બધી વેચાઈ ગઈ?'

'કેમ તમારે ઘડિયાળ જોઈએ છે? વૉલ ક્લૉક? એલાર્મ ક્લૉક?' ફેલુદા ત્યારેય હજુ આમતેમ નજર ફેરવતો હતો. વિકાસબાબુને જોઈને મનમાં થતું હતું કે તેઓ એ અટપટા નામવાળી ઘડિયાળ વિષે કશું જ નહિ જાણતા હોય. ફેલુદાનો સવાલ સાંભળી તેમણે કહ્યું : 'રિપીટર લાગે છે એક જાતની એલાર્મવાળી ઘડિયાળ છે. પણ પેરિગેલનો અર્થ બરાબર ન સમજાયો. તે ઘડિયાળ વિષે જાણવું હોય તો તો ખૂબ મજાના એક માણસ છે. એમના ઘેર, સાંભળ્યું છે કે અઢીસો જાતની ઘડિયાળ છે. ઘડિયાળ ઘેલો માણસ, બીજું શું?'

'કોની વાત કરો છો?'

'મિસ્ટર ચૌધરી, મહાદેવ ચૌધરી.'

'બંગાળી?'

'બંગાળી હશે તોય લાગે છે - પશ્ચિમ-બશ્ચિમના માણસ હશે. બંગાળી ભાંગ્યુંતૂટ્યું બોલે છે. મોટે ભાગે અંગ્રેજી જ બોલે છે. ભારે ચતુર છે. પહેલાં બૉમ્બેમાં હતા. હાલમાં કલકત્તામાં આવ્યા છે. અને આવતાં જ, જે મળે - જરાક સારી હોય કે ખરીદી લે છે. હા, જોકે પુરાણી હોવી જરૂરી છે. તમે જે કહ્યુંને કે અહીં એકે ઘડિયાળ કેમ દેખાતી નથી! તેમાંની મોટા ભાગની તમે એમને ઘેર જશો કે જોવા મળશે. અને એ માણસ જાણકાર છે. તમે એક વાર જઈને વાત તો કરી જુઓ! છાપામાં જાહેરખબર આપી હતી. - તમે જોઈ નહોતી?'

'શાની જાહેરખબર?'

'કોઈની પણ પાસે જૂની ઘડિયાળ વેચવાની હોય તો એમને જઈને મળો.'

'તો પછી એ માણસ જાણે એક મોટો ધનકુબેર હશે એવું લાગે છે.'

'બાપ રે! ક્લોથ મિલ, સિનેમા હાઉસ, ચા, જ્યુટ, રેસના ઘોડા, ઈમ્પોર્ટ એક્સપોર્ટ - શું જોઈએ તમારે!'

'સરનામું ખબર છે?'

'હા, વળી. કલકત્તામાં અલિપુર પાર્ક. અને એ સિવાય પેનેટીમાં ગંગા કાંઠે એક બંગલો ખરીદ્યો છે. ત્યાં જ એટલામાં જ કાપડની મિલ છે. અત્યારે લાગે છે કલકત્તામાં છે, તોય તમે સવારે ન જતા, સાંજના જજો. અત્યારે ઑફિસે હશે... ઊભા રહો, ઠેકાણું લખી આપું.'

મહાદેવ ચૌધરીનું ઠેકાણું લઈ અમે પાર્ક ઑક્શન હાઉસમાંથી બહાર નીકળ્યા. 'તમે લોકો એક કામ કરો.' ફેલુદાએ ગાડીમાં બેસીને કહ્યું : 'મને નેશનલ લાયબ્રેરીના એસ્પ્લેનેડ રીડિંગ રૂમમાં ઉતારી દઈ એક વાર પાર્ક સ્ટ્રીટના કબ્રસ્તાનમાં એક આંટો જઈ આવો, જુઓ જો કંઈ રિપોર્ટ કરવા જેવું હોય તો ?'

'રિહિપોર્ટ?' - લાલમોહનબાબુનો અવાજ સ્ટેડી નહોતો.

'હા રિપોર્ટ. બીજું કશું જ જોવાની જરૂર નથી. ખાલી ગોડવીનની કબર એક વાર જોઈ આવો. આ બે દિવસથી વરસાદ નથી પડ્યો, તેથી જગ્યા સુક્કી જ હશે. ત્યાં કામ પતાવી સીધા મારી પાસે આવજો. એ પછી બહાર ક્યાંક ખાઈ લઈશું. હવે અત્યારે ઘેર જવાનો કોઈ અર્થ નથી. ઘણાં બધાં કામ છે. એક

વાર રિપન લેનમાંય જવું પડશે.'

ફેલુદા ગોડવીન સાહેબનો બૉક્સ સારી રીતે બ્રાઉન પેપરમાં પેક કરી સાથે જ લાવ્યો હતો. અને આખો વખત બગલમાં જ દાબી રાખ્યો હતો. 'દિવસે તો ડર જેવું કંઈ જ નથી, ખરુંને!'

લાલમોહનબાબુ બોલ્યા, 'સાંજને વખતે જરાક એવું લાગે.'

'મન જો કુસંસ્કારનો ડીપો (Depot) ન હોય તો ભૂતનો ડર કોઈ પણ સમયે ન લાગે.' એસ્પ્લેનેડના રસ્તા પર ટ્રાફિક જામને લીધે રાહ જોતા હતા ત્યારે લાલમોહનબાબુ કહે, 'તમે જે ઘડિયાળની શોધમાં છો એ શું ખીસામાં રાખવાની પોકેટ-ઘડિયાળ!'

'એ તો હજુ સુધી ખબર નથી પડી.'

'એ લટકાવવાની ખીસા ઘડિયાળ હોય તો મારી પાસે એક છે.'

'કોની છે એ ઘડિયાળ!'

'જેની ઘડિયાળ છે એની ત્રણ વસ્તુ મારી પાસે છે - ઘડિયાળ, લાકડી અને પાઘડી. ગ્રેન્ડફાધરની વસ્તુ. લેઈટ પ્યારીચરણ ગંગોપાધ્યાય. અચ્છા, 'પ્યારી' નામ ક્યાંથી આવ્યું મોશાઈ!'

'અહીં જ હતું' ફેલુદા બોલ્યો, 'તમને બંગાળી લેખક થઈને પ્યારીનો અર્થ નથી ખબર! પ્યારી રાધાનું બીજું એક નામ. જેમ રાધિકાચરણ એમ પ્યારીચરણ.'

'થેંક યૂ સર, જે હોય તે. હા, હું એમ કહેતો હતો, મને થાય છે કે ઘડિયાળ હું તમને આપું.' ફેલુદાને તો ખૂબ નવાઈ લાગી.

'અચાનક?'

'કેટલાય દિવસથી મને થતું હતું કે તમને કંઈક આપું. મારા હિંદી ચિત્રની સફળતામાં તમારો ફાળો કમ નહતો! - અને એનો અર્થ એ કે આ ગાડી પણ તમારે લીધે જ તો થઈ છે. વખતે જોશો કે આ ઘડિયાળ પણ પેલી પેરિપિટર કે શું તમે કહેતા હતા એ જ વસ્તુ છે!'

'એનો ચાન્સ ઓછો છે. તોય તમે જે ચીજ મને ઑફર કરી છે એ માટે હું તમારો આભારી છું. હું એને ખૂબ સાચવીને રાખીશ એવું તમને વચન આપું છું. ઓગણીસમી સદીની એ વસ્તુ હવે વાપરી ન શકાય. તો પણ ચાવી રોજ આપીશ. ઘડિયાળ ચાલે છે?'

'મજાની!'

ફેલુદાને ઉતારી અમે જ્યારે કબ્રસ્તાનમાં પહોંચ્યા, ત્યારે લગભગ બાર વાગ્યા હતા. અહીંનું કામ પતાવી ફેલુદાને લઈને અમે નિઝામમાં મટન રોલ ખાવા જઈશું, એ ફેલુદાનો પ્લાન છે, એ જ ખવડાવશે. જોકે એ પહેલાં જવાનું છે રિપન લેનમાં બૉક્સ પાછો આપવા.

પાર્ક સ્ટ્રીટમાં આ સમયે ટ્રાફિક કમ હોય છે, તેથી બપોર હોવા છતાંયે કબ્રસ્તાનનો પરિવેશ ખાસ્સો એકાંતમય હતો. ગેટમાંથી દાખલ થઈ બે એક વાર બૂમાબૂમ કરી તોય બરમદેવ દરવાન નજરે ન ચડ્યો. એ ફરી કોઈ ઉંદરનો સત્કાર કરવા ઝાડીની પાછળ ગયો છે કે શું? શી ખબર!

અમે વચ્ચેના રસ્તા પર થઈને આગળ વધ્યા. લાલમોહન-બાબુની ભલે ગમે તેટલી મશ્કરી કરું, અને ફેલુદા ભલે કુસંસ્કારની વાત કરે, પણ જેવો કબ્રસ્તાનમાં દાખલ થાઉં એટલે થોડુંક સાહસ ઓછું થઈ જાય એ વાત એકદમ સાચી. એટલી ખબર હોત તોય ઠીક. એમાં પાછી ઝાડી એટલા છોડ, એટલાં ઝાડપાન, અને પાછું નિંદામણ, અને ઉપરથી આખીએ જગ્યા અબુનાં પા નથી છવાઈ ગઈ છે કે એને લીધે ડર વધુ જ લાગે. જોકે લાલમોહનબાબુ જેટલું વધારીને કહે છે એટલું કંઈ ધોળે દિવસે ડરવાનું શું કારણ હોઈ શકે શી ખબર! હોઈ શકે! એ તો ભલા માણસ આડી નજરે પથ્થરની તકતી તરફ જુએ છે ને એક સરખા મંત્ર જપતા હોય એમ બબડે છે. એ શું કહેતા હતા એ મેં ધ્યાનથી સાંભળ્યું ત્યારે સમજાયું. એ સાંભળવા લાયક જ હતું.

'દોહાઈ પામર સાહેબ, દુહાઈ હેમિલ્ટન સાહેબ. દુહાઈ સ્મિથ મેમસાહેબ, ડોક મરડી નાખશો મા બાપુ, કામ બગાડતા નહીં બાપ! તમે ઘણું દીધું છે, ઘણું લીધું છે, ઘણું શીખવ્યું છે, ઘણો પ્રહાર કર્યો છે. કેમ્બેલ સાહેબ, એડમ સાહેબ, અને હું... હું... તમારા નામનું તો બાપ ઉચ્ચારણે નથી આવડતું! દુહાઈ બાબા, તમે ધૂળ, ધૂળ જ બનીને રહેજો બાબા, ધૂળ...ધૂળ...'

હું પછી રહી ન શક્યો. મેં કહ્યું, 'શું ધૂળ ધૂળ કરો છો?'

'નાનપણમાં ભણ્યો છું જે બાપ, તપેશ - ડસ્ટ થાઉ આર્ટ, હુ ડસ્ટ રિટર્નેસ્ટ. એ બધું જ તો ધૂળ!'

'તો પછી ડર શાનો છે!'

'કવિઓ જે બધું લખે છે એ બધું જ સાચું હોય!'

અમે ડાબી તરફ વળ્યા. ઝાડ હજુ પડેલું જ હતું. જમીન સૂકી હતી. ઘણી બધી માટી. ટૉમસ ગોડવીનની કબરને ફરતો માટીનો ઢગલો.

'ધૂળ... ધૂળ ... ધૂળ...'

લાલમોહનબાબુ જાણે મનમાં સાહસ એકઠું કરવા માટે જ યાંત્રિક માણસની જેમ બોલતા બોલતા ગોડવીનની કબર તરફ આગળ વધી ગયા. ત્યાર પછી એમને ત્રણ વાર 'ક' અને બે વાર 'કે' અક્ષર બોલતા સાંભળ્યા, અને એ પછી તેમની દાંત-ખીલી બેસી ગઈ અને તેઓ કાપેલા ઝાડની જેમ સીધા સપાટ પડી ગયા માટીના ઢગલા પર!

એમના પગ જ્યાં પડ્યા હતા એની સાવ પાસેથી જ શરૂ થતો હતો એક ખાડો. એ લગભગ એક માથોડું ઊંડો, અને એ ખાડામાં માટીની અંદરથી એક મડદાની ખોપરી દેખાતી હતી જાણે ડોકિયું કરતી હતી.

(ક્રમશઃ)

પાણીપતના યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીને હરાવીને બાબરે દિલ્હી પર મુગલ સત્તા સ્થાપી ત્યારે એ યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીના પડખે રહીને તેનો માસીનો દીકરો હસનખાં વીરતાપૂર્વક લડેલો. હસનખાં દિલ્હીની પડોશમાં જ મેવાતની ગાદીએ હોઈને બાબરને તેની ભારે બીક લાગી અને તેણે હસનખાં સામે આક્રમણ તોળતાં હસનખાં તો પોતાની બેગમ અને વિશ્વાસુ સૈનિકો સાથે છટકી ગયો પણ તેનો પુત્ર બાબરના સૈનિકોના હાથે ઝડપાઈ ગયો.

મેવાત(અલવર વિસ્તાર)નાં જંગલોમાં નાસી છૂટેલા હસનખાંએ છૂટક છૂટક આક્રમણ વડે બાબરની ઊંઘ હરામ કરી દેતાં બાબરે મુલ્લા તુર્કઅલી અને નજફબેગ સાથે તેને કહેણ મોકલાવ્યું કે જો તે શરણે આવે તો તેને મેવાતની ગાદી પાછી આપવા સાથે તેના પુત્રને પણ છોડી મૂકવામાં આવશે. પણ હસનખાં મેવાતી એવી માટીનો માનવી હતો કે જિંદગીની કોઈ પણ આપત્તિ તેના દૃઢ મનોબળ, અદમ્ય સાહસ અને અનોખી સહનશક્તિને સહેજ પણ ડગાવી શકે તેમ નહોતી. તેણે બાબરે મોકલેલી ભેટ પાછી ઠેલી, શરતનું લખાણ પણ ફાડીને ફેંકી દીધું. એના જવાબમાં તેણે લખ્યું : 'હિન્દુસ્તાનને બરબાદ કરનારા હમલાવર સાથે દોસ્તી બાંધી ઈતિહાસમાં ગદ્દાર તરીકે ગણાવાને બદલે હસનખાં મોતને વધુ પ્યારું ગણે છે.'

એ અરસામાં મેવાડના રાણા સાંગાએ બાબર સામે કેડ કસેલી. તેણે બાબરને હિન્દુસ્તાનમાંથી હાંકી કાઢવા હસનખાં મેવાતીની સહાય માગવા કેસરિયા પાઘવાળા પોતાના કેટલાક ઘોડેસવારોને મેવાતનાં જંગલોમાં મોકલી આપ્યા. આથી હસનખાં માટે આનાથી મોટી ખુશી કઈ હોઈ શકે? તે અલવરની પહાડીઓમાં પોતાના ગુરુ સૈયદ જમાલ અહમદ બહાદુરપુરીની દુઆ માગવા ઊપડી ગયો અને તેમની દુઆ માગતાં કહ્યું, 'વતનને ખાતર ખપી જવાનો મને કશો ગમ નથી. આપ મારી લાશ મંગાવી લઈને અહીં અલવરમાં જ તેના દફનની વ્યવસ્થા કરજો.'

એક બાજુ પોતાનો બેટો બાબરને કબજે હતો ત્યાં બીજી બાજુ પતિએ બાબર સાથે યુદ્ધનો નિર્ણય લેતાં હસનખાંની બેગમ તેને તેમ ન કરવા ખોળો પાથરી વિનવવા લાગી. પણ નિર્ણયથી ચળે એ બીજા. હસનખાંએ વિશ્વાસુ સૈનિકો સાથે બેગમને એક ગુપ્ત સ્થળે મોકલી આપી અને પોતે રાણા સાંગાને મળવા પોતાના સૈનિકો સાથે ઊપડી ગયો. આગ્રાની દિશામાં આગળ વધી રહેલા રાણાને હસનખાં ઈ.સ. ૧૫૨૭ની ફેબ્રુઆરીની ૨૬મી તારીખે મળ્યો. મળતાં વેંત રાણો સાંગો તેને ભેટી પડ્યો. રાણાએ આ મુલાકાત પહેલાં જ બયાના, કાલપી તથા ધોલપુર જીતી લીધેલાં. આ નવા મુકામે ચંદેરીના મેદિનીરાય, ડુંગરપુરના ઉદયસિંહ વગેરે સાત રાજાઓ, નવ રાવો અને ૧૦૪ સરદારો પણ પોતપોતાનાં દળો સાથે રાણાને આવી મળ્યા.

અહીં જ બાબર અને રાણાની સેના વચ્ચે તા. ૨૮ અને તા. ૨૯મી ફેબ્રુઆરીએ ખૂંખાર યુદ્ધ જામ્યું. બાબરની સેના ગાજરમૂળાની જેમ કપાવા માંડતાં મુલ્લા તુર્કઅલીએ બાબરને નાસી છૂટવાની સલાહ આપી. એ સલાહ મુજબ બાબર જીવ બચાવવા નાઠો કે હસનખાંએ તેનો પીછો પકડવાનું કર્યું. પરંતુ રાણા સાંગાએ તેને તેમ કરતો વારતાં કહ્યું, 'ભાગતા પુરુષ પર વાર વીર પુરુષ માટે શોભાસ્પદ નથી.'

'સાંગાજી', હસનખાંએ કહ્યું, 'દુશ્મનનું બળ કદી ઓછું આંકવું ન જોઈએ. તેમાંયે છંછેડાયેલો દુશ્મન તો ખતરનાક જ નીવડે છે, માટે મને તેને પૂરો કરવા દો.'

'હવે એ જતો હોય તો જવા દોને, ખાંસાહેબ, ચાલો આપણે આજની જીતની ખુશી મનાવીએ.'

હસનખાંને નાછૂટકે બાબરનો પીછો પકડવાનું પડતું મૂકી વિજયસમારંભમાં શરીક થવું પડ્યું.

બાવીસ દિવસ રાણાની સેના વિજયોત્સવ ઊજવતી રહી એટલે બાબરને જોઈતો સમય મળી ગયો અને લશ્કર જમાવી તે રાણાની અસાવધ સેના પર તૂટી પડ્યો. હસનખાં લડતાં લડતાં શહીદ થયો, રાણો પણ ઘાયલ થઈને બેભાન બની ઢળી પડતાં તેના સૈનિકો તેને યુદ્ધમેદાનમાંથી ઉઠાવી ગયા, લશ્કરમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને પરિણામ જે આવવું ઘટે તે જ આવ્યું.

ઈતિહાસમાં 'જો' અને 'તો'ના અનેક પ્રશ્નો ઊભા થતા આવ્યા છે. એ મુજબ જો ખાતવાના યુદ્ધમાં રાણા સાંગાએ હસનખાં મેવાતીને નાસતા બાબરનો પીછો પકડતો રોકી ન લીધો હોત તો?

* * *

ઔરંગઝેબના પતન પછી મુગલ સામ્રાજ્યનું તેના સમ્રાટોની વિલાસિતા, નિર્બળતા અને અદૂરદર્શિતાના કારણે પતન થતું ચાલ્યું. શાહઆલમ બીજો અફીણનો બંધાણી હોઈ મુગલ દરબાર કાવતરાનું ઘર બની ગયો હતો. આ તકનો લાભ લઈ ગૌસગઢનો રોહિલો જાગીરદાર ગુલામકાદિર મુગલ જનાનખાનામાં દારોગા મંજૂરઅલીની સહાયે શાહઆલમ સુધી પહોંચી ગયો અને પોતાને રાજ્યના વડા મંત્રીપદે મૂકવાનું દબાણ કરતાં શાહઆલમે તેવું ફરમાન બહાર પાડ્યું. એ દિવસ હતો

ઈ.સ. ૧૭૮૮ના જુલાઈની ૧૫મીનો.

આ ગુલામકાદિર ક્રૂર, કિન્નાખોર અને કાવતરાબાજ હતો, અને બેશરમપણે તેની જાહેરાત કરતાં તે પોતાને 'કહરેખુદા' (ઈશ્વરના કોપ) તરીકે ઓળખાવતો. શાહઆલમે તેના પિતાને મીરબખ્શીના પદેથી દૂર કર્યાના વેરની આગ તેના મનમાં સળગતી જ રહેલી. એવામાં મર્હૂમ સમ્રાટ મોહમ્મદશાહની વિધવા બેગમ મલિકા એ જમાનીએ શાહઆલમને દૂર કરી બેદારબખ્તને તે ગાદીએ બેસાડે તો રૂપિયા બાર લાખ આપવાની લાલચ આપી. ગુલામકાદિરે શાહઆલમના અને તેના પુત્રોને અપમાનિત કરી મસ્જિદમાં કેદ કરી દીધા અને ભૂતપૂર્વ સમ્રાટ અહમદશાહના પુત્ર બેદારબખ્તને 'નાસિરૂદ્દીન જહાનશાહ' નામે ગાદીએ બેસાડી દીધો. બાદ શાહઆલમને તેનો ખજાનો પોતાને બતાવી દેવા કહ્યું. શાહઆલમે પોતાની પાસે કશું ન હોવાનું કહેતાં એ ક્રૂરકર્મા રોહિલાએ તેની આંખો ફોડાવી નાખતાં કહ્યું, 'અફઘાનનું વેર વર્ષો સુધી દબાયેલું રહે છે પણ કદી નાબૂદ નથી થતું.' એ પછીના બે દિવસમાં તેણે એકવીસ જેટલાં મુગલ શાહજાદા-શાહજાદીઓની કત્લ કરાવી નાખી.

મુગલ રાજવંશ પર તેના ચાલુ રહેતા અત્યાચારોની જાણ માધોજી સિંધિયાને થતાં તેણે પોતાના સેનાપતિ રાનાખાંને સસૈન્ય દિલ્હી મોકલી આપ્યો. રાનાખાંએ દિલ્હી કબજે કર્યું, પણ ગુલામકાદિર જેટલું ઉશેટાય એટલું ઉશેટીને પોતાના બચેલા સૈનિકો સાથે નાવડામાં બેસી જમુના પાર કરી ગયો.

માધોજી સિંધિયાએ દિલ્હી આવી શાહઆલમને ફરી ગાદીએ બેસાડ્યો અને તેના નામનો ખુતબો પઢવામાં આવ્યો. દિલ્હીમાં બંદોબસ્ત સ્થાપી તેણે મુગલ અને મરાઠા સૈનિકોને ગુલામકાદિરની શોધમાં મોકલી આપ્યા.

ગુલામકાદિર નાસતોનાસતો બમનૌલી નજીક મરાઠા સૈનિકોના હાથમાં સપડાઈ ગયો. તેમણે તેને કેદ કરી મથુરા માધોજી સિંધિયાને મોકલી આપ્યો. શાહઆલમને આની જાણ થતાં તેણે ઈ.સ. ૧૭૮૯ની ૨૮મી ફેબ્રુઆરીએ માધોજી પર પત્ર લખી જણાવ્યું કે, જો ગુલામકાદિર રોહિલાની આંખો કાઢી તેને પહોંચાડવામાં નહિ આવે તો પોતે ફકીરી ગ્રહણ કરી મક્કા ચાલ્યો જશે.

માધોજી દિલ્હીની ગાદી સૂની મૂકવા માગતો ન હતો, એટલે સમ્રાટ શાહઆલમના આદેશ મુજબ, ગુલામકાદિરની આંખો જ નહિ પરંતુ તેના નાક-કાન પણ એક પેટીમાં મોકલી આપ્યાં, જ્યારે આંખ, કાન ને નાકવિહોણા ગુલામકાદિરનો મથુરાથી ૧૨ માઈલ દૂરના એક સ્થાને શિરચ્છેદ કરી તેની લાશને ઝાડ પર લટકાવી દેવામાં આવી. □

— અશોક હર્ષ —

'કુમાર'માંથી પ્રાપ્ય પ્રકાશનો

યોગાસનો : શ્રી દામુભાઈ શુક્લની કલમે આલેખાયેલી શરીર, મન અને જ્ઞાનતંતુઓ ત્રણેયને સ્વસ્થ રાખતી અનન્ય અને શ્રદ્ધેય વ્યાયામપદ્ધતિની સચિત્ર પુસ્તિકાની ૭મી આવૃત્તિ. રૂ. ૧૦ + રૂ. ૧ ટપાલ ખર્ચ.

દેવો ધાધલ : 'કુમાર'માં અગાઉ પ્રકટ થઈ ગયેલી અને ખૂબ ચાહના પામેલી શ્રી સુકાનીની દરિયાઈ જીવનને લગતી સાહસપૂર્ણ અને રસપ્રદ નવલકથા. પાકું પૂઠું, રૂ. ૨૦ + રૂ. ૪ ટપાલ ખર્ચ. (આજના બજારભાવે જેની કિંમત રૂા. ૬૦થી પણ વધુ થવા જાય છે.)

ધમ્મપદ : બુદ્ધનાં ઉપદેશ-વચનોનો વિજયશંકર કામદારે કરેલો સરલ અનુવાદ. સુશોભિત ગુટકા કદમાં ભારે કાગળ પર સુઘડ દ્વિરંગી મુદ્રણ. પૃ. ૯૬, ડિલક્સ આવૃત્તિ. રૂ. ૧૦ + રૂ. ૧ ટપાલ ખર્ચ.

ચયન ગ્રંથો : 'કુમાર'ની પ્રથમ વીસ વર્ષની ફાઈલોમાંથી ચૂંટેલાં ઉત્તમ કાવ્યો, વાર્તાઓ અને જીવનચરિત્રોનાં ત્રણ પુસ્તકોનો સંપુટ. પાકું પૂઠું, નૅચરલ શેઈડના ભારે કાગળ અને સુઘડ છપાઈ. સંપુટની કિં. રૂ. ૧૧૦ + રૂ. ૪ રવાનગી ખર્ચ. કુમારના ગ્રાહકોને તે રૂ. ૮૮ + રૂ. ૪ = ૯૨ રૂપિયામાં મળશે.

૮૦૦મો અંક : કુમારના પહેલા વર્ષથી આજ સુધીના અંકોમાંથી વાર્તાઓ, કાવ્યો, જીવનચરિત્રો, વિવિધ લેખો આદિનું ચૂંટેલું યાદગાર ચયન. રૂપિયા ૫૦ + રૂપિયા ૫ રવાનગી ખર્ચ.

અને હવે ઉમેરાય છે જૂજ નકલો

ગલગોટા • દેશળજી પરમાર-રચિત સચિત્ર બાળજોડકણાંની પુસ્તિકા. કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૫ + ૧ રવાનગી ખર્ચ

ભારતીય કલાકલાપ • ભાગ ૧, : ભારતીય કલાના ઉત્તમ નમૂનાનાં ત્રિરંગી ચિત્રોનું અમૂલ્ય આલબમ, જેમાં આર્ટ કાર્ડ પર છ ચિત્રો છે. કિંમત રૂ. ૧૦ + રૂ. ૨ ટપાલ ખર્ચ.

ભારતીય કલાકલાપનો બીજો તથા ત્રીજો ભાગ સિલકમાં રહ્યો નથી.

કંકાવટી

શ્રીમતી ઝીન્ના આચાર્ય

શ્રીમતી ઝીન્નાબહેનનું નામ અમદાવાદના કલારસિક લોકોએ સાંભળ્યું હશે. શ્રી ઝીન્નાબહેન મોટા ગજાનાં કલાકાર છે. આજથી વીસપચ્ચીસ વર્ષ પહેલાં ચિત્રકાર જગતમાં એમનું નામ મોખરાનું હતું.

શ્રીમતી ઝીન્નાબહેનનો જન્મ ઈ.સ.૧૯૦૭ માં, સુરતમાં થયો હતો. એમના પિતાનું નામ છગનલાલ મુનશી અને માતાનું નામ શણગારબહેન. એમને કલાનો વારસો એમની માતા તરફથી મળ્યો.

સાવ નાનાં છ વર્ષનાં હતાં ત્યારથી જેમ બાળકો કરે એમ ભીંત પર ચિત્રો કરતાં હતાં. નિશાળમાં ત્રણ વર્ષ ગયાં અને ત્રણ વર્ષમાં છ વર્ષ જેટલું ભણ્યાં. ભણવા કરતાં ચિત્ર, કલા, શિલ્પમાં એમને વધારે મજા આવતી હતી. સંગીત પણ ગમે. ગીતો ગાય. દીલરુબા, હારમોનિયમ વગેરે વગાડે. આમ, કલા પાછળ ગાંડાં એટલાં થયાં કે ભણવાનું છોડી દીધું. પણ એ જ સમય દરમ્યાન એમના મામા મુંબઈથી એમને ઘેર આવ્યા. એમણે આ છોકરીની કલાને પારખી લીધી અને ઝીન્નાબહેનને મુંબઈ લઈ ગયા. મુંબઈમાં જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં એમને દાખલ કરી દીધાં. અહીં એમણે પૂરાં છ વર્ષ અભ્યાસ કર્યો. કલા સાથે અંગ્રેજી ભાષા પણ શીખ્યાં.

ભણી લીધા પછી એમણે પોતાનું કાર્યક્ષેત્ર અમદાવાદને બનાવ્યું. સી. એન. વિદ્યાલયમાં ચિત્રશિક્ષિકાની નોકરી સ્વીકારી અને ક્રમેક્રમે ડિરેક્ટર ઑફ આર્ટ સ્કૂલ સુધી પહોંચ્યાં.

કલાનાં તો એટલાં રસિક કે ચૂલા ઉપર, આજુબાજુની ભીંત પર પણ માંડણાં માંડે. હમણાં આટલી મોટી ઉંમરે પણ, હું એમને ત્યાં ગઈ હતી. ત્યાં ટેબલ પર બારમાસીનું ફૂલ વાઝમાં પડ્યું હતું. મેં પૂછ્યું, 'અરે, આ બારમાસીનું ફૂલ આટલું તાજું રહી શકે છે ?' એમણે હસતાં હસતાં કહ્યું : 'તરુબહેન, તમે છેતરાઈ ગયાં. એ તો ચિત્ર છે.'

આમ, પચાસ વર્ષ સુધી ચિત્રસાધના કરી. અપરિણિત રહ્યાં. તે દરમ્યાન માતાનું મૃત્યુ થવાથી એકલતા સાલવા લાગી અને એમને થયું કે, 'જો કોઈ યોગ્ય પાત્ર મળે તો હું હવે પરણવાનો વિચાર કરું.' અને પોતાની આ ઇચ્છા એમણે પોતાના મિત્રને કહી. મિત્રને પણ એ વિચાર યોગ્ય લાગ્યો.

એ વખતે જ વકીલાત કરતા શ્રી જ. મો. આચાર્યનાં પત્નીનું અવસાન થયું હતું. એમના મિત્રે ઝીન્નાબહેનને કહ્યું કે 'શ્રી આચાર્ય પણ કોઈક યોગ્ય પાત્ર (લગ્ન માટે) શોધે છે. આટલી એમની ઉંમર છે.' શ્રી ઝીન્નાબહેનને એટલું એકલું લાગતું હતું કે એમણે તરત જ શ્રી જ. મો. આચાર્યને પત્ર લખ્યો અને બસ, તરત જ બન્ને જણાં પરણી ગયાં.

ત્યાર પછી તો બન્ને જણાં અમદાવાદ સ્થાયી થયાં. પોતપોતાનાં ક્ષેત્રમાં આગળ વધ્યાં. ઘણાબધા કલાકાર વિદ્યાર્થીઓને શ્રી ઝીન્નાબહેને તૈયાર કર્યા.

અત્યારે શ્રી ઝીન્નાબહેન ૮૮ વર્ષનાં છે. સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. લગભગ બધા દાંત છે. આંખે મોતિયો નથી. ખવાય, પીવાય પણ છે. સંભળાય પણ છે. ફક્ત વૃદ્ધત્વને લઈને શરીર જીર્ણ થઈ ગયું છે અને અશક્ત લાગે છે. એમના પતિ શ્રી જ. મો. આચાર્ય ૯૫ વર્ષના છે. આંખે દેખાય નહિ, કાને સંભળાય નહિ. બન્ને જણાં જામનગરમાં શ્રી જ. મો. આચાર્યના ભાઈનાં છોકરાં સાથે રહે છે. એ પરિવાર પણ સરસ છે. એમને પોતાને કોઈ સંતાન નથી. શ્રી જ. મો. આચાર્ય કહે છે કે, 'જો, ૯૫ વર્ષ મને થયાં પણ પાંચ લાડુ ખાઈ જાઉં છું હોં.'

શ્રી ઝીન્નાબહેનનાં મોટી ટ્રન્ક ભરીને ચિત્રો છે. મેં એમાંનાં થોડાં જોયાં. બહુ જ સુંદર છે. એમને પણ એ ચિત્રો માટે ખૂબ લગાવ છે. ઘરમાં બીજાં કોઈને એની કિંમત નથી, એનું એમને ખૂબ દુઃખ છે.

આ કલાકારનાં ચિત્રોને જો એ પોતાથી અળગાં કરવા તૈયાર થાય તો એ ચિત્રોને કોઈક સંસ્થામાં સ્થાન મળી જાય ! નહિ તો પછી 'હવે શું ?' - **તરલિકા આચાર્ય**

રોજિંદા વપરાશમાંથી રસાયણોને જાકારો

પર્યાવરણ અને આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક રસાયણોને બદલે શુદ્ધ પ્રાકૃતિક પદાર્થોનો ઉપયોગ વધારવામાં આવે તો ઘણી આડઅસરોમાંથી બચી શકાય છે. રોજબરોજના ઘરવપરાશમાં સિન્થેટિક ચીજોને સ્થાને કુદરતી પદાર્થો ક્યાં ક્યાં અને કેવી રીતે વાપરી શકાય તેનું માર્ગદર્શન અહીં આપ્યું છે.

- ગટર ભરાઈ ગઈ હોય અથવા પાણી ધીમું જતું હોય તો ડ્રેઈન ક્લીનર્સને બદલે ઊકળતા પાણીમાં પા કપ બેકિંગ સોડા અને ૫૦ મિલિ. વિનેગર ઉમેરીને વાપરી શકાય.
- ધાબળા અને જાજમ સાફ કરવા માટે પણ વિવિધ રસાયણોની જગાએ બેકિંગ સોડા ભભરાવીને બ્રશથી અથવા વેક્યુમ ક્લીનરથી સફાઈ કરી લેવાથી સુંદર પરિણામ આવે છે.
- ફર્શ અને ફર્નિચરની ચમક માટે પોલિશને બદલે લીંબુના રસ અને તેનાથી બે ગણા ઑલિવ ઑઈલ (જૈતુનનું તેલ)ના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવે તો પૉલિશ જેવી જ અસર જોવા મળે છે.
- ગરમ અને કીમતી કપડાંની સાચવણી માટે ફિનાઈલની ગોળીઓ મૂકવાને બદલે કપડાંને વર્ષમાં એક-બે વાર થોડાં તપાવીને સુંવાળા સુતરાઉ કપડામાં વીંટાળીને સૂકી ઠંડકવાળી

(અનુસંધાન પૃ. ૩૬૬ ઉપર)



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૨૩]

કનુભાઈ જાની

માણસ જેલમાં જાય ત્યારે એનું ગૃહજીવન, એનું મ્હોરેલું દામ્પત્ય જોવા મળે એ તે કેવો મોટો વિરોધાભાસ! પણ અહીં એવું થયું! પણ પછી, બે-એક વર્ષ પછી જે થયું એ જે જાણે છે એ તો મનમાં ફાળ સાથે, ઘેરા વિષાદ સાથે એ મ્હોરેલા ઉલ્લાસનું ચિત્ર, જાણે ઊંચે જીવે, જોશે! એટલા માટે નહિ કે એ કૃતક છે. ના; એ સાચું છે એટલા જ માટે. સાચ ને સારપ પર પાણી ફરી વળે એ જોઈને અંતરમાં જે બળે - એ 'ટ્રેજડિ,' waste of good!

'બાઈ વિધાત્રી! સારાં-સાચાં, દિલવાળાંની પાછળ જ, આમ, પડી જવાનું! મીઠું-મધુર દામ્પત્યચિત્ર અમને અત્યારે! આ બે છૂટાં પડ્યાં છે ત્યારે, દેખાડછ ને મેઘાણીના હાથમાં, બાઈ, આ જ વખતે તું, પેલું જગજાણીતું પાંચસો પાનનું થોથું, એ.સી બ્રેડલીનું 'શેક્સ્પીરીઅન ટ્રેજડી' કાં મૂકે છે? બીજો કોઈ સમય તને ન સૂઝ્યો?' તું બચાવમાં કહીશ કે 'પૂછો એને! એને સમય જ ક્યાં હતો? ચાર દિ' છાપું ને ત્રણ દિ' બહાર! એને 'ઘર'ની નવરાશ જ હવે મળી છેક આઠ વર્ષે.'

'અરે બાઈ! એ તો એણે કહ્યું ત્યારે તેં જાણ્યું છે ને?-

'આપણા આઠ વર્ષના યોગ / મહીં અંકાયા કૈંક વિજોગ.'

ને ક્યારેક વાસણ ખખડ્યાં પણ છે. છતાં એનોય એને કેટલો રંજ છે!

'સંઘર્યા નથી લેશ સંતાપ, / નથી નથી મનમાં રાખ્યાં પાપ,
દોષ મમ સ્મરી સ્મરી પશ્ચાત્તાપ, / રડ્યો છું, સળગ્યો છું ઉરતાપ.
રામ સમા પણ લગ્નજીવનના દોહ્યલ ધર્મ ચૂકેલ...'

'ત્યારે હું યે એ જ કહું છું ને! અને બ્રેડલીએય ક્યાં બીજું કહ્યું છે?! યાદ આપું એના શબ્દો?' કહીને વિધાત્રી જાણે બ્રેડલીને ટાંકે છે!-

'the calamities and catastrophe follow inevitably from the deeds of men, and the main source of these deeds is character.'

હું જાણે કહું છું. 'તારે એ જ કહેવું છે ને કે એના ભાવિનું નિર્માણ તો માનવીના હાથે જ થાય છે - એનું વ્યક્તિત્વ જ એમાં ભાગ ભજવે છે!- એ જ કહેવું છે ને, બાઈ? એ અત્યુક્તિ નથી? બહારનાં તારાં જેવાં અજ્ઞાત બળો...'

'રાખો રાખો હવે! અત્યુક્તિ, કબૂલ; પણ એ જ છે સત્યોક્તિ પણ! તમારો બ્રેડલી જ કહે છે :

''character is destiny' is, no doubt an exaggeration, and one that may mislead...; but it is the exaggeration of a vital truth...' ('Shakespearean Tragedy' - A.C. Bradley; Macmillan... London; Reprinted 1932; Page 13).

પણ વિધાત્રી આમ બધો જ દોષ, 'સત્ય'નું પૂંછડું થઈને, માણસ પર ઓઢાડે એય આપણે કબૂલ નથી. પણ આવી તત્ત્વચર્ચા વળી વચમાં ક્યાં ટપકી પડી? મેઘાણીના હાથમાં પેલું થોથું જોયું કે કલ્પનાએ, તોફાની પતંગની જેમ, ગોથું ખાધું!! આપણી નજર તો સારપ પર જ મંડાયેલી રહેવાની; અને જ્યાં જ્યાં એને સહન કરવાનું આવે ત્યાં ત્યાં આપણે જ પાછાં પડીએ છીએ એમ લાગવાનું. તેમાંય પ્રેમ કે પ્રેમીઓ પરનો, વિધાત્રીનો કે કોઈનોય, આરોપ કે ઘા આપણે સહેવા તૈયાર નથી. આપણામાં હજી એક વાલ્મિકી બેઠો છે. નિખાલસ પ્રેમોદ્દ્ગાર આપણે મન કવિતા કરતાંય વધુ રમણીય છે. જેલનું એકાન્ત મળતાં એક ચક્રવાક ગાય છે :

'આજ એ ઊમટ્યાં છે ઉરવ્હેન, / પરસ્પર ટળ્યાં ભ્રાન્તિનાં ઘેન,
નીતરે અમૃત આપણ નેન, / પૂરી થઈ ચકવાકની રૅન.
રેન ગઈ, રે પ્રિય ચકવી! જો ઉષા ઉઘાડે દ્વાર,
પ્રેમસરોવર ચરી પોયણાં નિર્ગમશું સંસાર.'
('યુગવન્દના'માં 'એક જન્મતિથિ')

બન્ને ઊર્મિલ છે, નિખાલસ છે, નિષ્પાપ છે. આમ જુઓ તો, આ કવિજીવ અહીં એકલા પણ નથી; અનેક મહાનુભાવોની દુર્લભ સન્નિધિથી સભર છે. છતાં અહીં 'ઘર' નથી, ગૃહિણી નથી! છે શું?

'ઊંચી ઊંચી ડાળના લીંબડા હો ભાઈ!
ઊંચી ઊંચી ડાળના હો લીંબડા!
મારે તું વિના ન કોઈની સગાઈ રે
જેલનાં જીવન એવાં રે!
લાખ લાખ પાંદ તારી આંખડી હો ભાઈ!
લાખ લાખ પાંદ તારી આંખડી;
મારા ગામ તણી સીમડી કળાય રે?
જેલનાં૦'
('કેદીનું કલ્પાંત')

એની આંખે પેલી પા જોઈએ તો દેખાય છે દમયન્તીબહેન. કવિ પકડાયા, પણ એની ચેતના જાણે છુટ્ટી હતી. રાણપુરની નદીની રેતમાં વિદેશી કાપડની હોળી પ્રકટાવતાં હતાં. વહેલાં ઊઠી, પ્રભાતફેરીની આગેવાની લેતાં હતાં. ટૂંકી આવકે, વિનાફરિયાદે, આનંદથી ઘર ચલાવતાં હતાં. છ વર્ષના બચુભાઈ ને બેત્રણ વર્ષનાં ઇન્દુબહેન - બન્નેને, જરાય ઓછું ન આવે એમ, સાચવતાં હતાં. ઘરકામ બધું જાતે કરતાં હતાં. કારાગારની દીવાલો ભેદીને ક્યારેક ગીતો વગેરે આવે, તો એની વ્યવસ્થા કરતાં હતાં. પત્રવ્યવહાર સંભાળતાં હતાં. પત્રો લખીને અને રૂબરૂ મુલાકાતે જઈને પતિના જુસ્સાને સચેત રાખતાં હતાં. કાંતતાં હતાં ને ડાયરી લખતાં હતાં.

પોતાની પ્રવૃત્તિથી પતિને સતત માહિતગાર રાખતાં હતાં. સીધું તો બધું કાયદેસર લખાય નહિ; એટલે પ્રતીકોની ભાષા યોજતાં હતાં. 'મેઘાણીજી' શબદના સોદાગર હતા, તો આ લડતનો 'વેપાર' માંડીને બેઠાં હતાં - પતિનાં કામોમાં બેવડી ધગશથી લાગી ગયેલાં અર્ધાંગના:

"અત્યારે તો એમ થાય છે કે જેટલી 'મૂડી' હોય તે બધી તેમાં જ રોકી દઉં. ખૂબ, ધોધમાર 'વેપાર' ચલાવું. અત્યારે એટલી તીવ્ર ઇચ્છા જાગ્રત થઈ છે કે એને કોઈ રોકી શકશે નહિ. માટે તમે શાંતિનાં સ્મરણો કરજો... તમને વચન આપ્યા પ્રમાણે હું ગયા સોમવારે જ આવવાની હતી, પણ 'વેપાર' સંબંધે કામ આવવાથી નથી આવી શકી. તે બદલ... પર્યુષણનો છેલ્લો દિવસ હોવાથી... આ ટેબલ અને ખુરશીની સાક્ષીએ માફી માગું છું... મહેન્દ્ર તથા ઇન્દુ પણ 'વેપાર પ્રવૃત્તિ'માં ખૂબ રસ લે છે.' (તા. ૨૮-૮-૩૦નો પત્ર, 'લિ.' માંથી.)

રામની પાદુકા, તો અહીં પતિની ગેરહાજરીમાં એમનાં ટેબલ-ખુરશી સાક્ષીરૂપ! લખાય તો મોકલવું - વિનાચિન્તાએ - એવી સૂચના પણ આપે છે:

'તમે જરાયે મૌન સેવશો નહિ. મૌનપણાનું ગંભીર પરિણામ આવે છે માટે તમને જે મનમાં ઊગે તે તરત જ તમારે અહીં મોકલી દેવું. હું તમને ખાતરી આપું છું કે ગમે તેવું લખાણ હશે છતાં અત્યારે મને જરાયે માઠું નહીં લાગે. માઠું ક્યારે લાગશે? તમારા મૌનથી. માટે સાગરનાં પૂર ઉતારવાં જ નહિ.' (તા. ૨૨-૯-૧૯૩૦; 'લિ૦'... ૧૩૧)

પત્રો પણ લાંબા લાંબા લખે. મેઘાણી દમયન્તીબહેનને બાળકો સાથે અમદાવાદ જઈને રહેવાની સલાહ આપે છે, ત્યારે દમયન્તીબહેન કહે છે કે 'વેપાર'ની મોસમ તો દિવાળી પછી ઊઘડશે એમ લાગે છે, એટલે ત્યાં સુધી તો રાણપુર રહેવું પડે. એમના ઉત્સાહનો પાર નથી. વળી, બાળકોની જવાબદારીનોય પૂરો ખ્યાલ છે. કહે છે : 'છોકરાંઓને રઝળતાં મૂકીને હું 'વેપાર'માં નહિ ઝંપલાવું.' વળી ઉમેરે છે : 'આટલું કોતરી રાખજો કે હું કોઈની દોરવાઈ નહીં જ દોરવાઉં.' એમના અંતરના વીરડામાં નવાં નવાણ ફૂટ્યા કરતાં હોય ત્યારે એ પ્રવાહમાં પથ્થર ન પડે - એ દહેશતના જવાબમાં, જુઓ, એ જ પ્રતીકને અનુરૂપ કેવી વાણી પ્રયોજે છે! - 'વીરડામાં વળી પ્રવાહ કેવા? કદાચ પથ્થરો પડે તો તે તળિયે બેસી જાય. પથ્થર વીરડાને જરાય નડતો નથી, પણ તેજ પથ્થરથી વીરડાનું સૌન્દર્ય વધે છે.' કેવી સચોટ તર્કબદ્ધ દલીલબાજી! કેવી દૃઢતા! કેવો આત્મવિશ્વાસ! પોતે આ દિવસોની ડાયરી લખી છે તે મોકલતાં લખે છે: 'અમે કાંઈ તમારા જેવાં લેખક છીએ કે ભાષાને ખૂબ ઓપ ચડાવીએ!' ('લિ૦'... ૧૩૩) મેઘાણી પાસે બે રિવૉલ્વર હતી; એની વ્યવસ્થા કરવા, જેલમાંથી પ્રતીકની ભાષામાં 'મારાં બે રમકડાંની વ્યવસ્થા કરજો' લખીને કપિલભાઈને લખેલું, એ 'રમકડાં'ની વ્યવસ્થા થયાની જાણ પણ કરે છે.

પતિની ગેરહાજરીમાં શું શું કરે છે એની વાત 'ડાયરી'માં લખી છે; એનાં થોડાંક પાનાંમાં ડોકિયું કરવાની સગવડ એમનાં સંતાનોએ જ કરી આપી છે! મેઘાણી જેલમાં એ ખાનગી રીતે અનેકાનેક વાર વાંચીને પોરસાયા હશે. આપણેય ઝડપથી થોડુંક આંખ નીચે કાઢીશું? ભાષા ને વિચારો બન્નેની પકવતા જુઓ!

'પ્રભાતફેરીનો પડઘો સંભળાણો. આજ તો ઘણી સારી સંખ્યા હતી. નવા ફતવાનો અમલ થવાથી પ્રજામાં ઘણો જ ઉત્સાહ આવ્યો છે. વિધિમાંથી પસાર થતી હતી ત્યાં 'છોકરો' ટપાલ આપવા આવ્યો. સાબરમતીનું કવર જુદું જ દેખાઈ આવતું હતું... એટલે સૌથી પહેલાં તેને માન આપ્યું... પછી સાફસૂફી... રસોડાનો ચાર્જ... આરોગવા બેઠાં... એક વાગ્યે ફારગ થઈ પછી તમારી ખુરશી શોભાવતી હતી ત્યાં ઓચિંતાં બા તથા લલિતા આવી પહોંચ્યાં... થોડી વિચારણા, અને પરિણામે અમે બધાં બરવાળા ઊપડ્યાં. ત્યાં જપ્તીરાજ પધારવાના હતા તેમનું ખાસ સ્વાગત કરવા અમે પાંચ બહેનો સાથે ગયાં, પણ 'મોટારાજ' કાંઈ એમ પધારે? ત્યાંની બહેનો સાથે ભાષણરૂપે થોડીક વાતો, અને છેવટે પ્રીતિભોજન કરીને ઊપડ્યાં પાછાં મોટરમાં. ત્રણ બહેનોને મૂકી આવ્યાં કારણ કે અચાનક 'મહેમાનો' આવી પહોંચે તો?... ઘરમાં પ્રવેશ કર્યો. બાળકો ઊંઘતાં હતાં.' ('લિ૦....' ૧૩૪)

બીજે દિવસે પણ એવો જ સિલસિલો :

'પ્રભાત ફેરી, ત્યાર પછી પાણીફેરી!... પ્રેસ પાસેથી ત્રણ બેડાં અને નદીએથી બે... કેટલી બધી બહાદુરી કરી! એક વાગ્યો પછી બાળકોને નવરાવવાનું તથા માથાં ઓળવાનું આદર્યું. બે વાગ્યા. બન્ને છોકરાંને સુવાડી દીધાં અને અમે ગયાં.... બહેનોની સભામાં... ત્યાં મહાજને તાળું લગાવી દીધું હતું... રસ્તા ઉપર કામ શરૂ કર્યું!.... વિરોધ દર્શાવવા બહેનોનું સરઘસ કાઢ્યું.... થોડો આરામ લઈને ગયાં રેંટિયાના શરણે. અરધોક કલાક કાંત્યું ત્યાં છ વાગ્યા. ફરવા જવાનું એકાએક મન થઈ ગયું... છોકરાંઓને લઈને હું તો ઊપડી... પાછાં વળ્યાં... રસ્તામાં નવી છાવણી જોવાનો લાભ મળ્યો. ઘેર આવ્યાં. પ્રીતિભોજન કર્યું. તમારા ઑર્ડિનન્સનો ભંગ કરીને બાળકોને સુવડાવી દીધાં. હવે બેઠી પોથાં ચીતરવાં...' ('લિ૦...' ૧૩૪)

મેઘાણીએ જેલમાં, માગીને મુલાકાત-કારકુનનું કામ લીધું છે! દમયન્તીબહેનને મેઘાણી ભલે હાલ જુદાં વસતાં હોય, મનથી કેવાં સાથે છે! એનો આનંદ દમયન્તીબહેનને છે : 'આનંદ એટલા જ પૂરતો કે આપણે જુદી જુદી દુનિયામાં વિચરીએ છીએ છતાં આપણો પ્રવાહ એક જ રૂપમાં મળી શકે છે... મેજર સાહેબે તથા મિ૦ ફર્નાન્ડીઝે ઠીક તમને રસ્તે ચડાવી દીધા... તમારા જીવનની વિવિધતા જોઈને ખરેખર અદેખાઈ આવે છે! તમે બહાર આવશો ત્યારે તમારી પાસેથી ઘણું નવીન મળશે...'

અને વિનોદમાં લખે છે :

'તમારા આવ્યા પછી હું જરાય ઘરમાં બેસવાની નથી, કારણ

કે હવે રખડવાનો જ મારો ધંધો થઈ પડ્યો છે. કદાચ મારે ને તમારે કજિયો ન થઈ પડે તો સારું!' ('લિ૦...' ૧૩૬)

મેઘાણી પણ સતત લખતા જ રહ્યા છે. ક્યારેક પત્રોમાં બાળકોનેય લખે છે : સાતેક વર્ષના : 'પ્યારા બચ્ચા મહેન્દ્રપ્રતાપ....'ને લખે છે :

'મને વચન આપ્યા પ્રમાણે આજથી તમે
રાતે ઈન્દુને વાર્તા...
બાને ગીત સંભળાવતા હશો,
છાવણીમાં થોડું જાતા હશો,
ફળિયામાં લાઠીદાવ રમતા હશો,
બાપુજીને કાગળ લખતા હશો.'

અને ત્રણેક વર્ષનાં ઈન્દુબહેનને લખે છે :

'તમને એકલાં મૂકીને
બે ચોર અહીં આવ્યાં હતાં.
ચોરના કાન ખેંચજો, ધબા મારજો!
અને ફરી વાર હવે એ બેયને સૂતાં મૂકીને
ગાડીમાં બેસી અથવા મોરલા પર ચડીને
આકાશમાં થઈને અહીં આવજો.
આપણે એકલાં એકલાં મળશું,
વાતો કરશું... શી શી વાતા કરી...
કોઈને કહેશો નહીં!
ખાનગી! ખાનગી! ખાનગી!

વત્સલ પિતા ને પ્રેમાળ પતિ! વત્સલ માતા ને ઊર્મિલ પત્ની! બન્નેનો વિયોગ છે ત્યારે જ યુગલરૂપ-દર્શન! એમનો વિયોગ-યોગ સૌની નજરે તર્યો. ત્યાં, સાબરમતી જેલમાં, સરદાર, દરબારશ્રી ગોપાળદાસ, માવળંકર દાદા, અમૃતલાલ શેઠ વગેરે નેતાઓ હતા, તો રા.વિ. પાઠક, મહાદેવભાઈ, દેવદાસ ગાંધી, રસિકલાલ પરીખ, અબ્બાસસાહેબ, ડૉક્ટર હરિપ્રસાદ દેસાઈ જેવા સાહિત્યમર્મજ્ઞ સંસ્કારનેતાઓ પણ હતા. એમને મન સ્વાતંત્ર્યયુદ્ધ એ કાળધર્મ હતો પણ ઉચ્ચ જીવનરસ તો નિરંતરની તરસ. કવિતાના આટલા બધા, આ કોટિના મર્મીઓનો આટલો લાંબો સહવાસ એ જાતે જ એક દુર્લભ ઘટના હતી. અબ્બાસસાહેબ તો, બસ, ગાતા ફરતા (મેઘાણી માટે) :

'ઝુલ્ફેમેં તેરે ગુલબદન
દિલ તો હુવા જો હો સો હો!'

એ દિલ રાત્રે કાંતતાં કાંતતાં મહાદેવભાઈ આગળ વારંવાર ઊઘડતું, એ લગભગ નિત્યનો જાણે રાત્રિ-કાર્યક્રમ હતો;ને એ બન્ને ઝીણે તારે કાંતતાં વાતોએ વળગે ત્યારે ડૉક્ટરસાહેબ (ડૉ૦હ૦પ્ર૦ દેસાઈ) એ છુપાઈને સાંભળે.

'કેટલે પહોંચ્યા?' મેઘાણી પૂછે.

'અડધે માંડ. સાડીમાં કેટલું જોઈએ?' મહાદેવભાઈ પૂછે.

'નવ હાથ જેટલું! મારી તો તમારા જેટલી ઝડપ પણ નથી.'

લઘુકથા

પેટ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આમ તો એ ઘરડાઘરના નિત્યક્રમથી ટેવાઈ ગયેલો, પણ ક્યારેક જૂની સ્મૃતિઓ એને જંપવા દેતી ન્હોતી. આજે એ જમવા ગયો... એને ખૂબ જ ભાવતી પકોડાની કઢી ખાણામાં... મનોમન હરખાયો. પણ ખાઈ ન શક્યો. એ ભાણા ઉપરથી ઊભો થઈ એની રૂમમાં ગયો...

પેટમાં બળતરા થતી હતી. ફરી પાછો પથારીમાં પડેલો દીકરાનો કાગળ ચૂંથી નાખ્યો... ફરી ખોલ્યો. ઉકેલ્યો. ચૂંથ્યો..

એને થયું. કેવો વખત ! કેવા સંજોગ !! જમીન વેચી દીકરાને ભણાવ્યોગણાવ્યો. હતું કે કાલ ઊજળી આવશે, પણ પરણાવ્યા પછી તો એ જાણે હાથમાંથી જ... એની આંખોમાંથી અતીત ટપકવા માંડ્યો.

ઉધરસ ચઢી. ગળફો ન વછૂટ્યો. પેટમાં બળતરા હતી. કાગળમાં દીકરાએ લખેલું - 'મારે ગામડાનું ઘર કાઢી નાખવું છે તમારી સહીની... એ રકમમાંથી મારી નોકરીનું ઠેકાણું...,

એણે રહ્યોસહ્યો પ્રયત્ન કર્યો, પછી ગળફો છૂટો પટ્યો. વછૂટેલો ગળફો થૂંકવા જતાં એના પગ ઉપર જ પડ્યો. પેટમાં બળતરા ચાલુ હતી. □

'ઝીણું કાંતવા બેસીએ તો ઝડપ ક્યાંથી આવે! વાર તો લાગવાની.'

'પણ ત્યારે, આપણે બીજું કરવાનું યે શું છે? ઝીણું તો કાંતવું જ છે.'

'હુંયે એટલે જ આટલા કલાક આપું છું.'

'રાતે જરા નિરાંત રહે છે.'

'પણ, સાલી, આંખ બળે છે હોં!'

'બળે. પણ છૂટીશું ને પત્નીના હાથમાં મૂકીશું ત્યારે-'

''ને કહીશું; 'તારે તારે સ્મરણ પણ મહીં ઝીણું કંતાયું છે, હોં!'' ત્યારે એને કેટલો આનંદ થશે'!

અને એ સાંભળીને બીજા જ દિવસથી મશ્કરા ડૉક્ટરસાહેબે 'ભેટે ઝૂલે છે તલવાર' એ ઢાળમાં લલકારવા માંડ્યું:

'ઝીણા ખેંચાય છે તાર
રેંટિયાના મીઠા સૂરે રે!
જેલે પુરાયેલ વિજોગી બંધવા
રાતે ને દહાડે લ્હેરાય! રેંટિયાના૦
'શ્રીમતી સારૂ અમે સાડિયો વણાવશું'
મનખા દે' પાવન થઈ જાય! રેંટિયાના૦
મોટો વેચીને ઊંઘ લેતો ઉજાગરા,
નાનાની આંખે ગુલાલ! રેંટિયાના૦

(ક્રમશઃ)

અનેક વર્ષો પહેલાંના જૂના જમાનામાં એક મોટા રાજા હતા ચીન દેશના દક્ષિણ ભાગમાં એ રહેતા હતા. એક સમયે અચાનક એમને ઉત્તર દિશામાં એક પાટનગર બંધાવવાનું મન થયું. આ કામ સોંપવા માટે એમણે બાંધકામ-ખાતાના મંત્રીને બોલાવ્યા. વાત સાંભળીને મંત્રી ગભરાયા, અને એમણે રાજાને વિનંતી કરી કે, "મહારાજ, એ સ્થળ 'કુત્સિત સામુદ્રિક વિનાશ' તરીકે જાણીતું છે, અને ત્યાંના ક્રૂર ને ઝેરી નાગદૈત્ય પર વિજય મેળવવો તમારા આ નાચીઝ પ્રજાજન માટે શક્ય નથી. હું તમને પ્રાર્થના કરું છું, મહારાજ, કે મારે બદલે લશ્કરી સેનાપતિઓની સલાહ લો.

મંત્રીની દલીલ રાજા સમજી શક્યા. નવું પાટનગર એક મેધાવી વ્યક્તિ બાંધી શકે તેમ હતી જેની પાસે સ્વર્ગ અને પૃથ્વીની પૂરેપૂરી માહિતી હોય, અને જેને ઉપરના પ્રેતાત્માઓ તેમજ નીચેના પિશાચોની બધી ચાલ-યુક્તિઓની જાણ હોય. તેથી રાજાએ બધા સલાહકારોને પૂછ્યું, 'કોણ જશે મારે માટે ઉત્તરની આ રાજધાની બાંધવા?'

(સ્થિર નદી, સરતાં નીર)

એક ચીની ઉપાખ્યાન

પ્રીતિ સેનગુપ્તા



બેજિન્ગ શહેરના એક પુરાણા આલયના પ્રવેશદ્વારે બે ડ્રેગન.

બધા સલાહકારોએ એકબીજાની સામે જોયા કર્યું. એક શબ્દ પણ બોલવાની કોઈની હિંમત નહોતી. આખરે મુખ્ય સલાહકાર લિઉ બાઉએન બોલ્યા, 'હું જઈશ.' તરત જ નાયબ-સલાહકાર યાઓ ગ્વાંગ્શ્યાઓ પણ બોલી ઊઠ્યા, 'ને હું પણ જઈશ.'

રાજા ખૂબ પ્રસન્ન થયા. એને ખાતરી હતી કે નાગ ને વાઘ વગેરે દૈત્યોને મહાત કરવાની આવડત આવા બે હોશિયાર સલાહકારોમાં અવશ્ય હતી. એણે બંનેને નવી રાજધાની બાંધવા માટે મોકલી આપ્યા.

લિઉ બાઉએન અને યાઓ ગ્વાંગ્શ્યાઓએ રાજ-આજ્ઞા માથે ચઢાવી, અને 'વિનાશ' તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચીને બંને એક ધર્મશાળામાં રહ્યા, ને દરરોજ એ પ્રદેશની જમીનની નોંધણી કરવા બહાર નીકળવા માંડ્યા. નવું શહેર એવી રીતે બાંધવાનું હતું કે દૈત્યો ત્યાં હેરાનગતિ ના કરી શકે. છતાં, મુખ્ય સલાહકાર લિઉ અને નાયબ સલાહકાર યાઓ વચ્ચે એક-બીજા માટે તિરસ્કાર સિવાય કોઈ ભાવ નહોતો.

છેવટે લિઉએ સૂચન કર્યું, 'નાયબ સલાહકાર યાઓ, આપણે જુદા રહીએ. તમે પશ્ચિમે, હું પૂર્વ તરફ. આપણે બંને પોતપોતાની યોજના ઘડતા રહીએ, પછી દસમે દિવસે મળીએ, અને એકબીજાના આલેખન સામે જોયા વગર શહેર માટેનાં વિરચન દોરીએ.'

યાઓ ગ્વાંગ્શ્યાઓ બરાબર જાણતા હતા કે લિઉ બાઉએન બધો યશ મેળવવાની આશા રાખતા હતા. છતાં એણે જરા મોઢું ચઢાવીને કહ્યું, 'સારું; મુખ્ય સલાહકારશ્રી, તમે કહો છો એમ જ આપણે કરીશું.' ને બંને જુદા પડી ગયા.

એ પછી બે દિવસ બંને ક્યાંયે નીકળ્યા જ નહિ. પણ બંનેને વારંવાર એક અવાજ સંભળાતો રહ્યો : 'બસ, મારો આકાર ચીતરો, ને તમે ખોટા નહિ પડો.' એ અવાજ નાના છોકરાનો હોય એવો હતો, ને ફરી ફરી સંભળાતો હતો. પણ કોનો અવાજ હતો, ને 'મારો આકાર ચીતરો-' એટલે શું? સલાહકારોને કશી સમજણ પડી નહિ.

ત્રીજે દિવસે બંને જમીનની જાંચ-તપાસ કરવા બહાર નીકળ્યા. સલાહકાર લિઉ જ્યાં ગયા ત્યાં એક લાલ કોટ ને ટૂંકું પાટલૂન પહેરેલો છોકરો એમની આગળ ચાલતો દેખાયો. લિઉ જલદી ચાલે તો છોકરો જલદી ચાલે, એ ધીરા પડી જાય તો છોકરો

ધીરો પડે. 'આ શું થતું હતું?' એમણે વિચાર્યું. એ ઊભા રહ્યા તો છોકરો ઊભો રહી ગયો. આ કેવી નવાઈ? યાઓને પણ આવો જ અનુભવ થયેલો, ને એ પણ સમજી નહોતા શક્યા કે છોકરો શું કરવા માગતો હતો.

પશ્ચિમ અને પૂર્વની ધર્મશાળાઓના પોતપોતાના ઓરડાઓમાં બંને સલાહકારોએ ફરી એ જ શબ્દો સાંભળ્યા. બંનેને વિચાર આવ્યો, એ છોકરો નેઝા તો નહિ હોય ને? બંનેને ખબર હતી કે નેઝા પુરાણકથાઓમાંનો દૈવી શક્તિ ધરાવતો એક છોકરો હતો. દૈત્યોના રાજાના પુત્રનો એણે ધ્વંસ કરેલો. નેઝાને આઠ હાથ હતા; કમળનું સ્વરૂપ પણ એ લઈ શકતો, ને દુષ્ટ પ્રેતાત્માના સંહાર માટે એ હંમેશાં ઉદ્યત રહેતો. સલાહકારોને થયું, શું એ છોકરો નેઝા જ હશે?

ચોથી સવારે સલાહકારો બહાર નીકળ્યા, તો ફરી એમણે એ અવાજ સાંભળ્યો, ને ફરી એ છોકરાને જોયો. એના લાલ કોટ પર કમળની ચિત્રાકૃતિ હતી, ને એના ખભા પર રેશમી ઝૂલ લગાડેલી હતી. પવનમાં એ હાલતી ત્યારે જાણે હાથ હોય તેમ લાગતું હતું. લિઉને, તેમજ યાઓને, લાગ્યું કે નક્કી એ છોકરો આઠ હાથવાળો નેઝા જ હતો. બંને એને પકડવા દોડ્યા તો એ અદૃશ્ય જ થઈ ગયો.

ધર્મશાળા પર જઈને લિઉએ વિચાર્યું, "એ શબ્દો- 'મારો આકાર ચીતરો' - નો અર્થ 'આઠ હાથવાળા નેઝાના આકારનું શહેર'-એવો જ થવો જોઈએ. એવું આયોજન હોય તો જ 'કુત્સિત સામુદ્રિક વિનાશ'ના દૈત્યો હેરાન કરી ના શકે ને. બહુ સરસ. હવે જુઓ, શ્રીમાન યાઓ. આવું આયોજન નહિ કરી શકો તો રાજવી પરામર્શક તમે બની નહિ શકો." પેલી બાજુ યાઓ પણ આમ જ વિચારી રહ્યા હતા: "હવે આપણે જોઈશું કે 'મુખ્ય સલાહકાર'ની પદવી તમે કેવી ગુમાવો છો."

નક્કી કર્યા પ્રમાણે, દસમા દિવસે બપોરે બાર વાગ્યે બંને જણ એક ખુલ્લા મેદાનમાં પહોંચ્યા. પીઠ અડકાવીને મૂકેલી બે ખુરશીઓની સામે બે મેજ ગોઠવવામાં આવ્યાં હતાં. લિઉએ પૂછ્યું. 'તમારે કઈ તરફ બેસવું છે, નાયબ સલાહકાર?' યાઓએ જવાબ આપ્યો, 'તમે પૂર્વમાં રહો છો, મુખ્ય સલાહકાર, તેથી તમે પૂર્વ તરફ જોઈને બેસો. આ તમારો નાનો ભાઈ પશ્ચિમ તરફ જોઈને બેસશે.'

બંને બેઠા પછી ચાકરોએ કાગળ, પીંછીઓ, સહી, ખડિયા વગેરે ગોઠવી આપ્યું. બંને કામ કરવા લાગ્યા. સૂર્યાસ્ત સુધીમાં બંનેએ નવા શહેરનાં આલેખનો કરી લીધાં, અને પરસ્પરને બતાવવા લાગ્યા. જોઈને બંને ખૂબ હસવા માંડ્યા, કારણ કે બંનેનાં આયોજન એકસરખાં હતાં. બંનેનાં શહેર આઠ હાથવાળા નેઝા જેવાં હતાં.

યાઓના કહેવાથી લિઉએ પોતાનું આલેખન સમજાવવા માંડ્યું : 'કેન્દ્રમાંનો દક્ષિણ તરફનો આ ઝૅન્ગ્યાન્ગ દરવાજો તે નેઝાનું માથું. પૂર્વ ને પશ્ચિમના દરવાજા તે એના બે કાન. ઝૅન્ગ્યાન્ગ દ્વારની અંદરના બે કૂવા તે એની આંખો. બે બાજુ પરના લાંબા ભાગમાંનાં ચાર ચાર દ્વાર તે નેઝાના આઠ બાહુ, તથા આન્ડિન્ગ ને દેશેન્ગ દરવાજા ઉત્તર તરફ પડે છે તે એના પગ છે.'

યાઓ કહે, 'હા, પણ નેઝાના બીજા અવયવોનું શું?' છંછેડાઈને લિઉ કહેવા માંડ્યા, 'અલબત્ત, એ પણ છે જને: હૃદય, ફેફસાં વગેરે વગરનો મૃત નેઝા દુષ્ટ દૈત્યોને કઈ રીતે દૂર રાખવાનો હતો?' આલેખન તરફ આંગળી ચીંધીને એણે કહ્યું, "જો, ભાઈ. આ લંબચોરસ 'સમ્રાટ નગર' તે એનું પેટ છે, તિઆનન્મેન એમાં જવાનું દ્વાર છે, જે લાંબા રસ્તે થઈને ઝૅન્ગ્યાન્ગ દરવાજા - એના માથા ને મગજ - સુધી જાય છે. એ જ રીતે, બીજા રસ્તાઓ તે એનાં પાંસળાં છે."

આમ તો બંનેએ સરખાં જ આલેખન કરેલાં, ને કોઈ પણ એક જણને બધો યશ મળવાનો નહોતો. લિઉને એનો વાંધો નહોતો, પણ યાઓ એટલા નિરાશ થઈ ગયા કે લિઉ પાટનગર કઈ રીતે બાંધે છે એ જોવાની રાહ જોતાં જોતાં યાઓ ભિખ્ખુ થઈને દૂર રહેવા જતા રહ્યા.

એ શહેર તે આજનું પણ સદીઓ પહેલાં વસેલું, બેજિન્ગ.

એને વિષેની આ કથા બેજિન્ગના પેઢીઓ પહેલાંના વાર્તાકારોએ કહેલી લોક-કથાઓમાંની એક છે.

બેજિન્ગનું પુરાતન કેન્દ્ર યુઆન રાજવંશ દરમિયાન, ખરેખર તો, ૧૨૬૭માં બંધાવાયેલું. પછીની સદીઓમાં જૂની દીવાલો તૂટી, નવી દૂરને અંતરે બંધાઈ. અંતે પંદરમી સદીમાં એનું સ્વરૂપ સ્થાયી થયું.

લિઉ બાઉએનને એ ખ્યાલ નહોતો આવ્યો કે બેજિન્ગ શહેર બંધાતાં પેલા દુષ્ટ દૈત્યો રોષે ભરવાના. એ પછી શું થયું, એ માટે ફરી ક્યારેક બીજી કથાઓ સંભળાવીશ! □

કુમારનું લવાજમ નીચેનાં સ્થળોએ પણ ભરી શકાય છે

વિજય મૅગેઝિન વર્લ્ડ : ૬૨, કલ્યાણ ભવન, બીજે માળે, રૂપમ સિનેમા પાસે, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. **સૌરભ પુસ્તક ભંડાર :** ૬૧૫, મેડા ઉપર, કેલિકો ડોમ સામે, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. **ગ્રંથાગાર :** પો. બો. ૪૧૬૧, ધવલ કોમ્પ્લેક્ષ, નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. **મૅગેઝિન વર્લ્ડ :** સ્ટેશન રોડ, આણંદ-૩૮૮ ૦૦૧. **ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ. :** સંસ્થાવસાહત, રાવપુરા, પો. બો. નં. ૧૦, વડોદરા-૩૯૦ ૦૦૧. **પીયૂષ મૅગેઝિન એજન્સી :** ૬-ડી, શિવશક્તિ એપાર્ટમેન્ટ્સ, સ્વામીનારાયણ મંદિર સામે, લાખવડી ભાગોળ, મહેસાણા-૩૮૪ ૦૦૧. **એજ્યુકેશનલ એમ્પોરિયમ :** ૩૬, ઉમિયાનગર, જળચોક, સરદાર બાગ પાછળ, પાટણ-૩૮૪ ૨૬૫ (ઉ.ગુ.) **શિવમ્ એન્ટરપ્રાઈઝ :** રેલવે ક્રોસિંગ પાસે, એરોડ્રામ રોડ, ક્રેસન્ટ, ભાવનગર-૩૬૪ ૦૦૧



ઈ.સ. ૧૮૮૨માં દત્તિયા પાસે સોનગીર પાસેનાં જૈન દેરાસરો • ફોટો : લાલા દીનદયાળ

ક * લા * વા * ર્તા

'અ શિફ્ટિંગ ફોકસ'


ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ યુથ સર્વિસીસ, કલ્ચરલ ઍક્ટિવિટિઝ, બ્રિટિશ કાઉન્સિલ ડિવિઝન અને બ્રિટિશ હાઈ કમિશનના સંયુક્ત ઉપક્રમે તારીખ ૭મી મે, ૧૯૯૬ના રોજ અમદાવાદના રવિશંકર રાવળ કલાભવનમાં 'અ શિફ્ટિંગ ફોક્સ' નામનું ફોટોગ્રાફિક પ્રદર્શન ખુલ્લું મુકાઈ ગયું. આ પ્રદર્શનમાં બ્રિટિશ લાયબ્રેરીની ઑરિએન્ટલ ઍન્ડ ઇન્ડિયા ઑફિસના વિશાળ આકોઈવ્ઝમાંથી ૧૫૦ ફોટોગ્રાફોનું આ પ્રદર્શન જોનારને ગઈ સદીના ઉત્તરાર્ધના અંગ્રેજશાસિત ભારતની ફોટોકલાના સુવર્ણ યુગની ઝાંખી કરાવી જાય છે.

ભારતીય છબીકલાનાં ૫૦ વર્ષની (ઈ.સ. ૧૮૫૦-૧૯૦૦) વિકાસગાથાની તથા તત્કાલીન જમાનાની યાદ તાજી કરાવતા આ પ્રદર્શનમાં ખૂબ જ આકર્ષક સુંદર ફ્રેમોમાં ખાસ કૌશલથી મૂળ ફોટો પ્રિન્ટો પરથી તૈયાર કરેલી ફોટો-સ્ટેટ કૉપિઓ રજૂ થઈ હતી.

૧૮૩૯માં યુરોપમાં ફોટોગ્રાફીની શોધ પછી ભારતમાં ૧૮૪૦થી ફોટોગ્રાફીની શરૂઆત થઈ ત્યારે ફોટોગ્રાફરોને મર્યાદિત સફળતા મળી. બ્રિટિશ બિનવ્યાવસાયિક ફોટોગ્રાફરો પ્રારંભમાં હતા, પરંતુ તેમને જે સંતોષકારક પરિણામ જોઈતું હતું તે અનુભવના અભાવને કારણે મળ્યું નહિ અને તેથી કેટલાક ફોટાગ્રાફરો નિરાશ પણ થયા, પરંતુ ૧૮૫૦ પછીનો સમય બિનવ્યાવસાયિક ફોટોગ્રાફરો માટે સોનેરી યુગ પુરવાર થયો. ફોટોગ્રાફીના ક્ષેત્રે ૧૮૫૫ પછી સક્રિયતા આવી અને ફોટોગ્રાફરોએ પેપર નેગૅટિવ પ્રોસેસિસ દ્વારા પ્રિન્ટો કાઢવા માંડી અને ત્રણ


ઈ.સ. ૧૮૫૧માં ચંદનગરની એક શેરીનું દૃશ્ય (ફ્રેડરિક ફેલિગ) →
↓ ઈ.સ. ૧૮૬૬માં ઉિઓટો પાસે ઝરણ નજીક થતો અદ્‌ભુત પથ્થરનો દેખાવ (સેમ્યુઅલ બોર્ન)






પ્રેસિડન્સિઝ મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં ફોટોગ્રાફિક સોસાયટીઝના પ્રચાર અને સ્થાપના દ્વારા છબીકલાના જ્ઞાનનો પ્રસાર થવા માંડ્યો. સરકારે પણ સક્રિય રીતે ફોટોગ્રાફીને પ્રોત્સાહન આપ્યું. આ દાયકાના ફોટાઓ સૌંદર્યશાસ્ત્રીય રીતે કે ટેક્‌નિકની રીતે દુનિયાના તે સમયના કોઈ પણ ભાગની ફોટોગ્રાફીની શ્રેષ્ઠતાની સાથે હરીફાઈ કરી શકે એમ છે. ફોટાગ્રાફીનું બજાર પણ વિકસવા માંડ્યું. પરંતુ સૅમ્યુઅલ બોર્ન જેવા અગ્રગણ્ય ફોટાગ્રાફરોને બાદ કરતાં વિશાળ જનતા માટે તૈયાર થતા ફોટાઓમાં સર્જનાત્મક ગુણવત્તા ઓછી નજરે પડે છે.

ઈ.સ. ૧૮૬૦ થી ૧૮૯૦ સુધીના ગાળામાં વ્યાવસાયિક ફોટોગ્રાફરો સૌથી વધુ પ્રકાશમાં આવ્યા, પરંતુ વધુ સાદો, ઑટોમૅટિક કેમેરા શોધાયા પછી અમુક ફોટોગ્રાફરોનો ઈજારો તૂટી ગયો અને વધુ ને વધુ લોકો જાતે જ ફોટોગ્રાફી કરવા માંડ્યા. ૧૮૯૦ના અંતમાં જે ફોટોગ્રાફી અંગેની જાહેરાતો પ્રકટ થતી તે આ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનને અંગેની સભાનતાને દર્શાવે છે અને ઘણાએ તેમના કેમેરાઓ વેચવા પણ માંડ્યા. કેમેરાની ફિલ્મો અને અન્ય



← ઈ.સ. ૧૮૮૦માં આગ્રા પાસેના ખાસ મહેલનું દૃશ્ય (ફોટો • જૉહન મરે)
↓ ઈ.સ. ૧૮૭૦માં મુંબઈમાં રાજાબાઈ ટાવર-બાંધકામ વેળાએ (ફોટો • અજ્ઞાત)



જરૂરી વસ્તુઓનો પુરવઠો તથા બિનવ્યાવસાયિકો માટે પ્રોસેસિંગ સુવિધાઓ પણ વધવા માંડી. મહત્ત્વની ઘટનાઓને ફોટોગ્રાફીમાં રેકોર્ડ કરવા માટે વ્યાવસાયિક ફોટોગ્રાફરની માંગ વધવા માંડી અને પોસ્ટકાર્ડ સાઈઝના ફોટાઓનું વેચાણ વધ્યું તેથી મોટાં લૅન્ડસ્કેપ અને દશ્યોના ફોટાઓમાં જે ખોટ આવતી તે ભરપાઈ થઈ. વીસમી સદીના આગમનની સાથે નૂતન છબીકલાની પરંપરાની પણ શરૂઆત થઈ.

આમ, ભારતમાં અડધી સદીનો ફોટોગ્રાફીનો ઇતિહાસ ફોટોકલા અંગેની ચિંતાઓ તથા ટેક્નિકલ સાધનો અને વિષયવસ્તુ અંગેના પ્રશ્નો અને વધતી સભાનતાનો સાક્ષી છે. આમાં આપણે ભારતને પરિવર્તિત થતા (shifting) દર્શનમાં (vision) જોઈએ છીએ. તેમાં ભારતના તત્કાલીન લોકો, તેમનો પહેરવેશ, તેમની રહેઠાણની જગ્યાનું વાતાવરણ તથા સ્થાનીય પર્યાવરણ જુદાં જુદાં કોણોથી અને પરિપ્રેક્ષ્યોથી રજૂ થયાં છે. આની સાથે પુરાતત્ત્વખાતાની ફોટોગ્રાફી અંગેની સભાનતા વધે છે. આ પ્રકારના ફોટાઓમાં એક પણ ફોટો ઇમેજ સંપૂર્ણ સત્ય દર્શાવતી નથી, પરંતુ ફોટોગ્રાફરોના પૂર્વવિચારો અને હેતુઓથી પ્રભાવિત થયેલી કે રંગાયેલી ફોટો ઇમેજો જ જોવા મળે છે. છતાં જે ઇમેજ બચી છે તે આનંદદાયક અને આકર્ષક છે અને માનવીય તથા હકીકતવાળા દસ્તાવેજો તેનાથી પુરવાર થયા છે.

આમ, બ્રિટિશ કલાકારો, બિનવ્યાવસાયિકો તથા સૈનિક ફોટોગ્રાફરોએ ભારતમાં ફોટોગ્રાફીની શરૂઆત અને વિકાસમાં અનન્ય ફાળો આપ્યો છે. આ ફોટોગ્રાફરોનાં નામોમાં એક રાજકુંવર જેવું અગ્રગણ્ય સ્થાન શોભાવનાર ભારતીય છબીકાર લાલા દીનદયાલને શી રીતે ભુલાય? ૧૮૪૪માં જન્મેલા લાલા દીનદયાલ ૧૮૮૦ના અંત ભાગમાં એક વ્યાવસાયિક છબીકાર તરીકે પોતાને સ્થાપી દીધા હતા. અને તેમના ઘણા ફોટાઓમાં ભારતીય જીવનનું વૈવિધ્યભર્યું આલેખન દર્શાવાયું છે અને તેમનું આજે અનન્ય, અમૂલ્ય દસ્તાવેજી મૂલ્ય પણ છે. રાજદરબારોનાં



મદ્રાસ જિલ્લામાંની એક કુંભકારની દુકાન • ઈ.સ. ૧૮૭૮ • હૂપર એન્ડ વેસ્ટર્ન

દશ્યોથી માંડી સામાન્ય લોકોના ફોટાઓ તથા તત્કાલીન ઐતિહાસિક સ્થળોના અદ્ભુત ફોટાઓ આપણી સમક્ષ એમના સમયને જીવંત કરે છે. સાચે જ લાલા દીનદયાલનું નામ સ્થાપત્યકીય તથા પોર્ટ્રેટ ફોટોગ્રાફર તરીકે તત્કાલીન બ્રિટિશ ફોટોગ્રાફરોમાં પણ મોખરે છે.

મોટા ભાગના અનામી છતાં સુંદર ફોટાઓ આપનાર ફોટોગ્રાફરોમાં ખાસ તો કૉલિન મરે, સૅમ્યુઅલ બોર્ન, જ્હૉન એડવર્ડ સાચે, પીઅરસન અને પેટરસન, હૂપર અને વેસ્ટર્ન મોરિસ, વિકાસ પોર્ટમાન, જેમ્સ વૉટરહાઉસ શેપર્ક ઍન્ડ રૉબર્ટસન, તથા રૉબર્ટ ઍન્ડ હેરિયેટ ટાઈટલર તથા અન્ય ભારતીય ફોટોગ્રાફરોમાં બ્રજગોપાલ બ્રહ્મચારી, શિવશંકર નારાયણનાં નામો લાંબી યાદીમાં તારવી શકાય.


અંતમાં આ જૂના (ખૂબ પ્રાચીન તો નહિ જ) ફોટાઓમાં તત્કાલીન ભારતના વૈવિધ્યપૂર્ણ જીવનનો ધબકાર ઝિલાયો છે.

- બંસીલાલ દલાલ

તાંજવરની શેરીનું એક દશ્ય • ૧૮૬૯ • સેમ્યુલ બોર્ન]



[ઉદેપુરનો જલમહેલ • ૧૮૭૩ • કોલિન મરે



સાહિત્યસંપર્ક

અવલોકન

દીર્ઘકવિતાનું સીમાંકન સંશોધન

['અર્વાચીન ગુજરાતી કાવ્ય-સાહિત્યની દીર્ઘકવિતાઓ'; નલિન પંડ્યા, પ્રકા : પૂર્વી પુસ્તક ભંડાર, ૩૦, અપર સમુદ્ર, હોટલ ગોલ્ડ ક્લાસિક પાસે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ડિમાઈ ૩૧૧, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૯૯.]

'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્યની દીર્ઘકવિતાઓ'ના સંશોધક ડૉ. નલિન પંડ્યાએ આ દિશામાં થયેલા છૂટાછવાયા કામને વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થિત કરી આપી સંશોધનની આગવી સૂઝ દાખવી છે. ગુજરાતીમાં મહાકાવ્યના થયેલા પ્રયોગો અને દીર્ઘકાવ્યો વચ્ચેની ભેદરેખા આ અભ્યાસથી સ્પષ્ટ ઊપસી આવે છે.

આ શોધનિબંધ પાંચ ખંડોમાં વહેંચાયેલો છે. પ્રથમ ખંડમાં દીર્ઘકાવ્યની વિભાવના સુરેખ અને સ્પષ્ટ રીતે આલેખાઈ છે. અહીં દીર્ઘકાવ્યની વિભાવના અને ઇતિહાસ સાથે વણાયાં છે. આખ્યાન અને ખંડકાવ્ય વચ્ચે દીર્ઘકાવ્ય કેવી રીતે નોખું પડે છે તે એમણે સાધાર ચર્ચ્યું છે. ગુજરાતીમાં થયેલી દીર્ઘકવિતાની ચર્ચા કરી એનાં ઘટકોની તપાસ સાથે પોષક એવાં દીર્ઘકાવ્યોને ટાંકી, એના અંગે તજજ્ઞોના હવાલા આપી, દીર્ઘકવિતાની વિભાવનાને દૃઢ કરી આપી છે. આ ખંડની વિશેષતા એ છે કે એમાં પશ્ચિમના વિદ્વાનોની વિભાવનાને ગૂંથી તુલનાત્મક અભિગમ દાખવ્યો છે. દીર્ઘકવિતાની વિભાવના ગુજરાતી સાહિત્યમાં અહીં પ્રથમ વાર સુરેખ બને છે.

ખંડ બેથી ચારમાં અનુક્રમે સુધારક યુગ, પંડિત યુગ, ગાંધી યુગ, અનુગાંધી યુગ અને આધુનિક યુગનાં દીર્ઘકાવ્યોનો માત્ર ચિતાર ન આપતાં એનું ઐતિહાસિક અને સ્વરૂપગત વિશેષતાઓ સાથે અધ્યયન થયું છે. સુધારક યુગથી આરંભી આધુનિક યુગ સુધીનાં દીર્ઘકાવ્યોનો સિલસિલાબંધ ઇતિહાસ, એનાં લક્ષણોમાં આવતું જતું પરિવર્તન, એની પરિવર્તિત થતી વિભાવનાઓ અને અભિવ્યક્તિની વિકસતી તરાહોનું ડૉ. પંડ્યાએ અભ્યાસનિષ્ઠાથી સંશોધન કર્યું છે. એમના આ શોધનિબંધમાં એમનું કવિ હોવું ઘણું ઉપકારક નીવડ્યું છે. માત્ર દીર્ઘત્વ કે સ્વરૂપ ચર્ચા સાથે કવિતા તત્ત્વનો જે ગુણ એમણે તારવ્યો છે તે આ શોધનિબંધનું નોંધપાત્ર પાસું છે. વિસ્મૃતિમાં ઢબૂરાયેલી ઘણી કૃતિઓનો અહીં અભ્યાસ થયો છે, અને અલ્પ વિવેચન પામેલી આધુનિક કૃતિઓ સઘન રીતે તપાસવામાં આવી છે.

આ શોધનિબંધ એક રીતે દીર્ઘકાવ્યની અભ્યાસનિષ્ઠાનો સંનિષ્ઠ ગ્રંથ છે. અહીં સંશોધકની શોધવૃત્તિ, વિશ્લેષણાત્મક દૃષ્ટિ, અભ્યાસનાં તારતમ્યોનું ગોફન અને શોધનિબંધના અંતે રજૂ થતો નિષ્કર્ષ આ શોધનિબંધની તરત જ નજરે ચઢતી આગવી વિશેષતાઓ છે. સાચે જ ડૉ. નલિન પંડ્યાએ ધૂળધોયાનું કામ કરી ગુજરાતી સાહિત્યમાં એક નોંધપાત્ર સંશોધનની દિશા ઉઘાડી આપી છે.

શોધનિબંધની સંદર્ભસૂચિ સંતર્પક છે. આમાં દીર્ઘકાવ્યોની, એના અભ્યાસલેખોની અને સંદર્ભગ્રંથોની તેમ જ સામયિકોની સૂચિ વર્ગીકૃત થઈ હોત તો અભ્યાસીઓને એ વધારે ઉપકારક નીવડત.

પીએચ.ડી.ની પદવી માટે લખાતા શોધનિબંધો વ્યવસાય સાથે વણાયા હોવાને લીધે એમાં અધકચરાપણું અને અધૂરપ જોવા મળે છે; એની સામે ડૉ. પંડ્યાના આ શોધનિબંધમાં એમની નિષ્ઠા અને નિસબત માણીપ્રમાણી શકાય છે. ગુજરાતી સાહિત્યના થોડાક શોધનિબંધોમાં આગવું સ્થાન પામી શકે એવા દીર્ઘકવિતાના આ શોધનિબંધ માટે હું ડૉ. નલિન પંડ્યાને અભિનંદન આપું છું. - **ડૉ. મફત ઓઝા**

પ્રાપ્ત પ્રકાશનો


વ્યારા... મારી મા ભોમ... વતનની ઝંખનાનાં આત્મલક્ષી કાવ્યોનો સંગ્રહ લે.બા.ઈ. જોશી, (પ્રકાઃ નીતિન જોષી, કોટ-વ્યારા-૩૯૪૬૫૦, જિ. સુરત, પૃ. ક્રાઉન-૯૨, કાચું પૂઠું, રૂ. ૫.

હૈયાની વેદના : ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. એમાં 'આભના તણખા', 'વિવશ' અને 'તારીખ યંત્ર બની ગઈ' વાર્તાઓ માણવા જેવી છે. લે. શૈલેષ રાઠોડ 'અભિધેય,' પ્રકાઃ એમ.એમ. પ્રકાશન, ૨૨, ઝકરિયા શૉપિંગ સેન્ટર, પોલસન રોડ, આણંદ-૩૮૦૦૧; પાકું પૂંઠુ, પૃ. ક્રાઉન - ૧૬૫, રૂ. ૩૮.

શૂળ : ડૉ. બી.આર. આંબેડકરની પ્રેરણાથી ઉદ્‌ભવેલી વેદનાસભર નવલકથા. લે.બી. કેશરશિવમ્ (પ્રકાઃ હર્ષ પ્રકાશન, ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧; પાકું પૂઠું, પૃ. ક્રાઉન-૨૫૬.

જીવન : એક ખેલ : ફ્લોરેન્સ સ્કોવેલ શિનના પુસ્તક 'ધ ગેમ ઑફ લાઈફ અને હાઉ ટુ પ્લે ઇટ'ના સંક્ષિપ્ત અનુવાદનું પુસ્તક. લે. કુન્દનિકા કાપડિયા, (પ્રકાઃ કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ૧૪મી આવૃત્તિ, કાચું પૂઠું, પૃ. ક્રાઉન-૩૦, રૂ. ૮


કર્મનો સિદ્ધાંત કર્મની ઓળખ અને કર્મ કરવા વિશેની પ્રક્રિયા દર્શાવતું માનવોપયોગી પુસ્તક. લે. હીરાભાઈ ઠક્કર, મૂલ્ય રૂ. ૨૦-૦૦, પૃ. ૧૨૭, છઠ્ઠી આવૃત્તિ, પ્રકા. : કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭



ભીંજવામાં નડતર જેવું લાગે છે
શરીર સુદ્ધાં બખ્તર જેવું લાગે છે
મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ
'ઊઘડી જઈએ' : અવસર જેવું લાગે છે !

ઉદ્દયન ઠક્કર

શ્રી વેગડને મધ્યપ્રદેશનું 'શિખર સમ્માન'



શ્રી અમૃતલાલ વેગડ 'કુમાર'ના વાચકોને અપરિચિત નથી. એમને ચિત્રકળાના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ મધ્યપ્રદેશ શાસનનું મ.પ્ર.ના કલાકારો, સાહિત્યકારો અને સંગીતકારોને અપાતું સર્વોચ્ચ સમ્માન 'શિખર સમ્માન' આપવામાં આવ્યું. આ સમ્માનમાં એમને પ્રશસ્તિ સાથે એકત્રીસ હજાર રૂપિયાનો રાશિ આપવામાં આવ્યો હતો. સમર્પણ સમારોહ માર્ચની ૨૭મીએ ભોપાલના સુપ્રસિદ્ધ ભારતભવનમાં થયો હતો. મ.પ્ર. શાસનના સંસ્કૃતિ મંત્રીના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ એમણે અમૃતલાલભાઈનાં નર્મદા 'પરિક્રમા'નાં કોલાજ ચિત્રોના પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.

આ અગાઉ જબલપુરમાં જિલ્લા પ્રશાસન દ્વારા આયોજિત ભવ્ય 'ગોંડવાના મહોત્સવ' ઉદ્દ્ઘાટન પ્રસંગે ૨૧ માર્ચના રોજ મધ્યપ્રદેશના રાજ્યપાલ મોહમ્મદ શફી કુરૈશીએ અમૃતલાલભાઈનાં રેખાંકનોના નવા પુસ્તક 'અમૃતસ્ય નર્મદા'નું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જબલપુરના રાણીદુર્ગાવતી સંગ્રહાલયમાં અમૃતલાલભાઈનાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજાયું હતું.

નર્મદાના સૌંદર્ય પ્રત્યે સમર્પિત શ્રી વેગડ દુર્લભ યાત્રી, સંવેદનશીલ લેખક, અને અસાધારણ ચિત્રકાર છે. એમણે નર્મદાકાંઠાની ૧૮૦૦ કિ.મી. લાંબી કઠણ પદયાત્રા કરી છે. લગભગ ત્રણ દાયકામાં ફેલાયેલું કલાત્મક પ્રદાન અદ્વિતીય છે. છેલ્લાં અઢાર વર્ષથી તેઓ નર્મદા અને લોકજીવનનાં કોલાજ બનાવે છે. કોલાજના ક્ષેત્રમાં એમની વિશિષ્ટ ઓળખ છે. એમનાં કોલાજમાં પ્રાકૃત્રિક સૌંદર્ય અને નદીકાંઠાના ગ્રામજીવનની કાવ્યાત્મક ઉપસ્થિતિ છે. શ્રી વેગડ આશ્ચર્યજનક રૂપે અદમ્ય શક્તિથી સંપન્ન અને નર્મદાસૌંદર્ય પ્રત્યે પ્રતિબદ્ધ એકવ્રતી કલાકાર છે. નિરંતર પ્રગતિ તરફ વધતી શ્રી વેગડની સૃજનાત્મક ક્ષમતા યુવાનો માટે પ્રેરણાસ્પદ છે.

નર્મદા સૌંદર્યના પ્રચારપ્રસારને પોતાનું જીવનકાર્ય બનાવનાર અડસઠ વર્ષના શ્રી વેગડ કહે છે કે પોતે સફળ થાય તેમ નહિ, પણ પોતાનું જીવન સાર્થક થાય તેમ ઇચ્છે છે.

શ્વાનસૃષ્ટિ



ઘેટાંબકરાંના વાઘને રક્ષવા માટે કૂતરા પાળવામાં આવે છે. આવા કૂતરાની નજર અને ઘ્રાણશક્તિ તીવ્ર હોય છે. કોમોનડૉર આ પ્રકારનો રક્ષણહાર શ્વાન છે. તે હંગેરીનો છે અને હંગેરી બહાર બહુ જાણીતો નથી. પ્રાચીન મૅગયાર ઓલાદનો તે ગણાય છે. તે પોતાના રક્ષણકાર્યમાં ઘણો દક્ષ ગણાય છે. તેની ઊંચાઈ ૨૬ ઈંચ હોય છે અને વજન ૮૦ રતલ જેટલું. રંગે તે શ્વેત હોય છે. એના શરીર પરના વાળ લાંબા અને ઊની હોય છે.

અમરનાથ અને વૈષ્ણોદેવીનો પ્રવાસ

દર વર્ષે ઑગસ્ટ મહિનામાં દેશના અન્ય ભાગોમાંથી હજારો યાત્રાળુઓ અમરનાથ અને વૈષ્ણોદેવીનાં દર્શને જાય છે. ત્રાસવાદીઓના આતંકને કારણે અમરનાથનો પ્રવાસ જોખમી હોવા છતાં આ બધા શ્રદ્ધાળુઓ હિંમતભેર આ યાત્રાએ જાય છે. યાત્રાળુઓના જાનના રક્ષણ અને સલામતિનો એટલો મોટો ભાર સરકાર ઉપર હોય છે. પણ પ્રવાસીઓના ધસારાને કારણે અને વ્યવસ્થામાં રોકાયેલા બધા માનસિક તાણમાં હોવાને કારણે સરકારી વ્યવસ્થા લગભગ ભાંગી પડે છે. આ સંજોગોમાં હોંશભેર અને હિંમતભેર ગયેલા પ્રવાસીઓને ખૂબ કપરો અનુભવ થાય છે.

ગયા વર્ષના ઓગસ્ટ માસમાં અમારા કુટુંબમાંથી અમો ત્રણ જણાં અમરનાથની યાત્રાએ ગયેલા, પણ ખૂબ નિરાશા અને હતાશા સાથે નાછૂટકે અમારો આ પ્રવાસ અધવચ્ચેથી અટકાવી, ચંદનવાડીથી પાછા ફરવું પડ્યું હતું.

સંબંધિત જાહેર સંસ્થાઓ, પ્રવાસ ગોઠવનારી ટ્રાવેલ એજંસીઓ અને સરકાર તરફથી અમરનાથની યાત્રા માટે માહિતી તથા સૂચનાનું સાહિત્ય બહાર પડે છે, પણ માત્ર તેના આધારે પ્રવાસ હાથ ધરવામાં આવે તો અમારી જેમ કડવો અનુભવ થવાનો સંભવ છે.

અમે અમદાવાદથી દિલ્લી ટ્રેન દ્વારા તથા દિલ્હીથી પહેલગામ એક ટ્રાવેલ એજંસીની બસ દ્વારા, રિઝર્વેશન કરાવેલ હતું એટલે અમારા અનુભવો આ જાતના પ્રવાસ પ્રમાણેના છે.

અનુભવો

દિલ્હીથી પહેલગામ બસ દ્વારા જવા માટે ઘણી ટ્રાવેલ એજંસીઓ ધંધો કરે છે. ટિકિટ અમદાવાદથી લેવાની અને દિલ્હીથી બેસવાનું. દિલ્હીમાં તમને નવા જ ચહેરા દેખાય, એક વાર બસમાં ચડાવી દીધા એટલે પછી કોઈ ભાવ પૂછે નહિ.

'દિલ્હીથી પહેલગામની ત્રણ રાતની મુસાફરી થાય છે. રહેવાના, જમવાના અને ચા-પાણીના ખર્ચનો ટિકિટમાં સમાવેશ થઈ જાય છે તેથી તેની જવાબદારી પણ ટ્રાવેલ એજન્સીની હોય છે. બસવાળા સમય સાચવે નહિ. નાસ્તા તથા જમવાનો યોગ્ય સમય પસંદ કરે નહિ. રસ્તામાં લંગર અને ભંડારાનું જે જગ્યાએ મફત ખાવાનું મળતું હોય ત્યાં, ખાવાનો સમય હોય કે નહિ પણ ત્યાં જ બસ ઊભી રાખે. નહાવા-ધોવા માટે પણ સાર્વજનિક જગ્યાએ બસ ઊભી રાખે. પરમિટ, ટેક્સ, ટ્રાફિક વગેરેને કારણે કલાકો સુધી બસ રોકાઈ રહે. આ આખે રસ્તે ચાની ભારે તકલીફ રહે. નસીબમાં હોય તો જ મળે. જેમ જેમ પહેલગામ નજીક આવતું જાય તેમ તેમ મિલિટરીનું વાતાવરણ જોવા મળે તથા વરસાદ અને કીચડનો અનુભવ ચાલુ થાય.

બસનો કામચલાઉ હૉલ્ટ હોય ત્યાં એટલી બધી બસો એકસાથે ખડકાઈ હોય કે તેમાંથી તમારી બસ શોધવી મુશ્કેલ પડે. આ આખા પ્રવાસનું ઊજળું પાસું ભંડારા તથા લંગરની વ્યવસ્થા છે. આ વ્યવસ્થા બિનસરકારી, પરોપકારી સંસ્થાઓ કરે છે અને યાત્રાળુઓને મફત સારી સેવા પૂરી પાડે છે. પહેલગામ પહોંચો એટલે બૉબ-ધડાકા સાંભળવાનું ચાલુ થાય.

પહેલગામમાં હોટેલ છે અને સરકારી તંબૂઓ પણ છે. યાત્રાળુઓનો ધસારો એટલો બધો હોય છે કે હોટેલમાં જગ્યા ન પણ મળે અને ફરજિયાત તંબૂમાં રહેવું પડે. તંબૂનો પણ દોડીને કબજો લેવો પડે. તંબૂમાં રહ્યા હો તો પણ શૌચ-સ્નાનમાં બહુ તકલીફ પડે નહિ.

યાત્રાળુઓનો ધસારો એટલો હોય છે કે પહેલગામથી ચંદનવાડી જતી બસોમાં જગ્યા હોતી નથી. બસો ભરચક જાય છે. ૩૫-૪૦ની કૅપસિટિ સામે ૫૦-૬૦ પેસેન્જરો ભરેલા હોય, ખૂબ જ ધક્કામુક્કી થાય, છાપરા ઉપર પણ માણસો બેઠેલા હોય અને બસમાં લટકતા પણ હોય. આમાં કાચાપોચાનું કે સ્ત્રી-બાળકો-વૃદ્ધોનું અને સામાનવાળા પુરુષનું તો કામ જ નહિ. નાછૂટકે ટૅક્સી કરવી પડે.

પહેલગામ પછી પહેલો પડાવ ચંદનવાડી. ત્યાં સુધી મોટર-રસ્તો છે. અંતર માત્ર ૧૬ કિલોમીટર, પણ ટ્રાફિક, વરસાદ અને કીચડને લીધે ટેક્સી મારફત આટલું અંતર કાપતાં પાંચ કલાક થયા, ટેક્સીવાળા બાંધેલા અને નક્કી કરેલા ભાડા કરતાં ૬૦-૭૦ ટકા વધારે પૈસા પડાવે છે.

ચંદનવાડીમાં તંબૂના પડાવથી નદી ખૂબ દૂર છે. રસ્તામાં ભયંકર કીચડ હોય છે. ચાલતાં લપસી પણ પડાય, ઊંચા-નીચા, ખાડા-ખબડાવાળા રસ્તાને કારણે શૌચ-સ્નાનમાં પારાવાર મુશ્કેલી પડે. તંબૂનો કોઈ ચાર્જ હોતો નથી, પણ ટૂરિઝમવાળા વ્યક્તિદીઠ રૂ. ૨૫ પડાવે છે. માગો તો પણ પહોંચ શાની આપે?

ચંદનવાડીથી આગળ મોટરરસ્તો નથી. ચાલીને અથવા ઘોડા ઉપર જવાનું છે. ઘોડાનો કોઈ બાંધેલો ભાવ નહિ. વ્યક્તિદીઠ અને ઘોડાદીઠ આશરે રૂ. ૨૫૦૦નો ભાવ તથા પિઠુ (મજૂર)ના આશરે રૂ. ૭૫૦ જુદા, આ ખર્ચની ધારણા કોઈએ કરી ન હોય, ઘોડાની રકઝકમાં ૩-૪ કલાક નીકળી જાય, ભાવ નક્કી કર્યા પછી વધારો માગે, અચાનક ચાલ્યા જાય, અર્ધે રસ્તે અર્ધા પૈસા અચૂક પડાવે, ન આપે તેને અર્ધે રસ્તે મૂકી દે અને વધારે પૈસા આપનારને બેસાડે. જ્યારે ચંદનવાડીથી આગળ જવાનો સમય આવે ત્યારે તમે થાકી ગયા હો, ત્રાસી ગયા હો, ભાંગી પડ્યા હો અને ઘોર નિરાશામાં હો. તે વખતે ઘોડાની માથાકૂટ અને ઊંચા ભાવ એટલે ઊંટ ઉપરનું છેલ્લું તરણું ! ચાલવાની તાકાત ન હોય અને ઘોડાના પૈસા ખરચવાનું દિલ ન હોય. આ તબક્કે, અમારી જેમ, ઘણા યાત્રાળુઓ પાછા વળે છે. જો ચંદનવાડી સુધીની યાત્રા આટલી કઠિન હોય તો ત્યાર પછીના દુર્ગમ પહાડોનો પ્રવાસ કેટલો દુષ્કર હોય તે કલ્પનાથી પણ લોકો પાછા ફરે.

બસ માટેનું છેલ્લું સ્ટેશન ચંદનવાડી છે એટલે ત્યાં ખૂબ ગિરદી રહે છે. છૂટા પડી જાઓ તો માણસો તો મળે નહિ, પણ બસોની ભીડમાંથી તમારી બસને શોધવી પણ મુશ્કેલ પડે છે. દરેક સ્થળે બસ સ્ટૅન્ડથી તંબૂએ પહોંચતાં એકથી બે કિલોમીટર કાદવ-કીચડમાં ચાલવું પડે તે વધારામાં.

સામાન માટે ડોળી મળે. ડોળીવાળાની સાથે ચાલવું પડે. ડોળીવાળાને હવાલે સામાન ન સોંપાય.

એક વધુ ઊજળું પાસું એ છે કે પહેલગામથી ચંદનવાડી વચ્ચે હિલ રોડના ડ્રાઈવરો હોશિયાર અને ડ્રાઈવિંગમાં કુશળ હોય છે. તેમની બસોનાં એંજિન તથા બ્રેક વગેરે બરાબર હોય છે તેથી આટલી અંધાધૂંધી અને અરાજકતા વચ્ચે પણ ગંભીર અકસ્માતો થતા નથી.

વૈષ્ણોદેવી જવા માટે મોટરરસ્તો પૂરો થયા પછી ઘોડાઓ મારફત કે ચાલતાં જવાય છે. અમુક સમય સુધી જ લાઈનસર ઘોડાઓ મળે - દરેક ઘોડાને ૧, ૨, ૩ એમ ક્રમિક નંબર હોય છે. વ્યવસ્થા સારી છે, પણ બુકિંગની બારી ક્યારે બંધ થાય તેનો કોઈ સમય નક્કી નહિ. સરકારી ભાવ ઘોડા દીઠ રૂ. ૮૭-૫૦ છે પણ અચાનક બારી બંધ થયા પછી મોં માગ્યા ભાવ પડાવે છે. અમારે ઘોડા દીઠ રૂ. ૩૯૦નો ખર્ચ થયો! વળી, ચામડાનો પટ્ટો, લવિંગની ડબ્બી, વિક્સની ટ્યૂબ વગેરે મંદિરમાં ન જવા દેવાને બહાને ચોકિયાતોએ આંચકી લીધાં હતાં. વૈષ્ણોદેવીમાં ઘોડા-સ્ટેન્ડથી મંદિર સુધી લાઈનમાં રહી ખૂબ ચાલવું પડે છે.

માહિતી

ચંદનવાડીથી બપોરના બે પછી ચાલીને કે ઘોડા પર આગળ જવાની છૂટ નથી. બે પછી પહોંચો તો આખી રાત ત્યાં જ રોકાઈ જવું પડે. જ્યાં ઊતરવાનું થાય ત્યાં, પહોંચતાંની સાથે જ પ્રથમ, યાત્રાનું રજિસ્ટ્રેશન, પરમિટ વગેરે વિધિ પતાવી દેવી, આ કામ પહેલું કરવાથી ૧-૧॥ કલાકનો સમય બચી જાય.

ગયા વર્ષે કુલ ૭૦,૦૦૦નો માનવ-મહેરામણ ભેગો થયો હતો, જેમાં ૨૦નાં મૃત્યુ થયાંના સમાચાર મળ્યા હતા. એક મારુતિ કાર ખીણમાં ઊથલી પડ્યાના સમાચાર મળ્યા હતા. અમરનાથ જતાં વૃદ્ધ લોકો ઘોડા ઉપરથી પડી જવાનો ભય રહે છે. એક વૃદ્ધ મહિલાને મોઢા ઉપર પાટાપિંડી અને હાથે ફ્રેક્ચર સાથે જોયાં. એક બીજાં માજી ખોવાઈ ગયાંના અને ઘોડાઓ સામસામે અથડાઈ ગયાના સમાચાર મળ્યા. ડોળીવાળા અને પિઠ્ઠુ-મજૂરો - સામાન ઉઠાવી ગયાના પણ સમાચાર સાંભળ્યા.

વૈષ્ણોદેવીથી કતરા સુધી મોટરરસ્તો છે. ત્યાંથી આગળ, ચાલતા કે ઘોડાથી જવાય છે.

ખાસ સૂચનો

પૈસા અને ટિકિટો સામાનમાં રાખવાને બદલે તમારા અંગ ઉપર જ રાખો. જો ફાવે તો ખિસ્સાવાળાં અંડરવેરો પહેરો.

માતબર અને ભરોસાપાત્ર ટ્રાવેલ એજંસીઓ પસંદ કરો. આ ખૂબ અગત્યનું છે. અમે ટિકિટના વ્યક્તિદીઠ રૂ. ૧૮૫૦ આપેલા પણ બસમાં કોઈ જવાબદારી લેતું નહોતું. પરિણામે ઝઘડા થતા હતા. બીમારની પણ કાળજી લેવાતી નહોતી અને આ રીતે માનવતાનો પણ અભાવ દેખાયો.

દિલ્હી - પહેલગામ વચ્ચે ખૂબ ગરમી લાગે છે તેથી એરકંડિશન બસ પસંદ કરવી હિતાવહ છે.

વચ્ચે નહાવા માટે સાર્વજનિક જેવી જગ્યાઓ હોય છે તેથી સ્ત્રીઓ અને પુરુષોએ તેને અનુકૂળ જરૂરી કપડાં સાથે લેવાં.

અમદાવાદથી બસનું રિઝર્વેશન કરાવવાથી અમદાવાદવાળાનું કમિશન ચડી જાય છે. તેથી દિલ્હીની ટ્રાવેલ એજન્સી મારફત કરાવવાથી કદાચ સસ્તું પડવાનો સંભવ છે. જો કે માતબર અને નામી એજન્સી એ પહેલી અગ્રતા છે.

પહાડી, વરસાદી અને ઠંડી જગ્યામાં પોતાનાથી ઊંચકી શકાય તેટલો ઓછામાં ઓછો સામાન્ય રાખવો. સ્લીપિંગ બેગ, ધાબળો, શાલ તથા ત્રણ જોડી કપડાં પૂરતાં છે. જરૂરી દવાઓ સાથે રાખવી. આબોહવાની શક્ય એટલી માહિતી અગાઉ મેળવી લેવી.

મુસાફરીમાં સાથે જ રહેવું. છૂટા પડવું નહિ. છૂટા પડવાનું થાય તો ભેગા થવાનું સ્થળ તથા સમય અગાઉથી જ નક્કી કરી લેવાં.

સામાનનું ખૂબ ધ્યાન રાખો. રોકડ રકમ સાથે જ કાળજીથી રાખવી. પૈસા પ્લાસ્ટિકમાં રાખો કે જેથી ભીંજાય નહિ. ચામડાનું પાકીટ તથા બેલ્ટ ન રાખો. આવવા-જવાની ટિકિટો વ્યવસ્થિત રાખવી.

ગ્રૂપમાં હો તો પૈસાનો કારોબાર એક જ વ્યક્તિ સંભાળે. કામની વહેંચણી પણ કરી લેવી.

તાળું, કૂંચી, કપડાં સૂકવવાની દોરી, ૨-૩ હેંગર, ટ્રેનમાં સામાન બાંધવાની સાંકળ, બેટરી, મણબત્તી વગેરે સાથે રાખો.

- મહેશ વસાવડા

કચરાનું આવરદા

૧.	કાચની બાટલી	૧,૦૦૦,૦૦૦	દસ લાખ વર્ષ
૨.	એલ્યુમિનિયમ ડબા	૨૦૦-૪૦૦	બસો વર્ષથી ચારસો વર્ષ
૩.	લોખંડના પતરાના ડબા	૮૦-૧૦૦	એંશીથી સો વર્ષ
૪.	બૂટ ચંપલનાં રબરનાં તળિયાં	૫૦-૮૦	પચાસથી એંશી વર્ષ
૫.	ચામડાના પટા	૪૦-૫૦	ચાલીસથી પચાસ વર્ષ
૬.	નાઈલોનના કપડાં	૩૦-૪૦	ત્રીસથી ચાલીસ વર્ષ
૭.	બાળકોનાં બાળોતિયાં (ડાઈપર)	૧૦-૨૦	દસથી વીસ વર્ષ
૮.	ઝાડની પાકટ ડાળી	૧૦-૧૫	દસથી પંદર વર્ષ
૯.	સિગારેટનું ઠૂંઠું	૨-૫	બેથી પાંચ વર્ષ
૧૦.	શણનું દોરડું	૧૨-૧૪	બારથી ચૌદ વર્ષ
૧૧.	ઉનની ટોપી કે કપડાં	૧૨	બાર મહિના
૧૨.	કપાસની પૂમ કચરો	૧-૫	એકથી પાંચ અઠવાડિયાં
૧૩.	નારંગી, કેળાંનાં છોડાં	૩-૫	ત્રણથી પાંચ અઠવાડિયાં
૧૪.	પસ્તીછાપાં	૨-૪	બેથી ચાર અઠવાડિયાં

(સંદર્ભ : નેશનલ એન્વાયરમેન્ટ ટ્રેઈનિંગ સેન્ટર ફૉર સ્મોલ કોમ્યુનિટિ ફૉર ૧૯૯૫માંથી સાભાર.)

રાજુભાઈ જંત્રાણિયા

થયા ધર્મના પ્રચારકો ને કોમના વિભાગ,
સહુ તે પહેલાં આપણે હતા જ જુદા ક્યાં?

પતીલ

એક વાર મદનમોહન માલવિયજી બનારસ યુનિવર્સિટી માટે દાનની રકમ ઉઘરાવવા હૈદરાબાદ પહોંચી ગયા. નવાબને દાન માટે મળ્યા. નવાબની દાન માટેની અનિચ્છા જાણી માલવિયજી ત્યાંથી નીકળી પડ્યા. ત્યાં રસ્તામાં એમણે એક શબયાત્રાની પાછળ પૈસા ઉછાળાતા જોયા. માલવિયજી એ શબયાત્રામાં ઊછળેલા પાઈપૈસો, આના-ચાર આના વીણવા લાગ્યા. વાત હૈદરાબાદના નવાબના કાને પહોંચી. એમણે માલવિયજીને બોલાવ્યા ને શબયાત્રામાં ઊછળેલા પૈસા વીણવાનું કારણ પૂછ્યું. એમણે જણાવ્યું કે, હૈદરાબાદના સમૃદ્ધ નવાબ પાસેથી કંઈ પણ દાનમાં લીધા વિના પોતે જાય તો નવાબની આબરૂ જોખમમાં મુકાય! નવાબ શરમાઈ ગયા અને દાનમાં વિપુલ રકમ આપી.

•



('સંદેશ') ભરતેન્દુ રાય

તુવેર અથવા મસૂરની દાળને બાળીને દહીંમાં ભેળવી તેની લૂગદી લગાડવાથી ખાજખુજલી પર રાહત થશે.

•

તમે જાણો છો કે યુ.એસ.એ. વિશ્વમાં સૌથી વધારે વીજળીનું ઉત્પાદન કરે છે?

•

ટ્રોયના જ્હોન હીનાન નામના એક મુક્કાબાજે સતત બાર કલાક સુધી બત્રીસ પાઉન્ડ વજનનો તોતિંગ હથોડો ચક્કર ચક્કર ઘુમાવ્યા કર્યો હતો.

•

ભારતીય ઉચ્ચ અદાલતનો આરંભ કલકત્તાથી થયો હતો.

•

પત્ની : તમે તમારા જીવનમાં કોઈ ભલાઈનું કામ કર્યું છે?

પતિ : હા.

પત્ની : કયું?

પતિ : કેમ, તારી સાથે મેં લગ્ન ના કર્યું?

•

જાપાનની એક અદાલતે એક કંપનીને તેના દસ કર્મચારીઓ પાસે ચોવીસ કલાક ડ્યૂટિ કરાવી હતી, તે દરમિયાન જે તે સમયે તેમણે ઊંઘ ખેંચી કાઢી હોય તો તેને 'ઓવર ટાઈમ' તરીકે ગણી, કંપનીને આ કર્મચારીઓને 'ઓવર ટાઈમ' પેટે ત્રણ કરોડ યાન ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

•

જાદૂઈ ચોરસ: આ આકૃતિમાં ૧ થી ૯ સુધીની સંખ્યાને એવી રીતે ગોઠવવામાં

૮	૧	૬
૩	૫	૭
૪	૯	૨

આવી છે કે દરેક ઊભી, આડી અને ત્રાંસી હારમાં આવતી સંખ્યાનો સરવાળો એકસરખો થશે. - **માધવજી દેવળિયા**

•

ભીંડાનું શાક રાંધતી વખતે તેમાં થોડુંક લીંબુ નીચોવી દેવાથી તે શાક ઝડપથી ચડી જશે અને તેમાં ચીકાશ પણ રહેશે નહિ.

•

કલાકણિકા : ઈ. ૧૭૦૦ની આસપાસ તૈયાર થયેલી રૂમાનિયાની જસતના ઢાંકણાવાળી એક બરણી, જેના પરની ભાત ભારતીય અસર સૂચવે છે.

